દુઃખીને દિલાસો.

ભાગ ૨ જો.

આવૃત્તિ ત્રીજી.

રચનાર

શો. મ. દેસાઇ.

તે

પારસી અટકો અને નામો—આતસબેહેરામે દેશાઇ ખોરશેદ—ઐયાંમે નૌસાલો હિંગામે નૌરોઝ—સીહા સંસાર—તવારીખે નવસારી—હિંદુસ્થાનના આતસબેહેરામો—નૂરજેહાન—બંદગી અને માથ્રવાણીની મોતેબરી—ગાયકવાડ અને બ્રિટાનિયા—પ્રાણી મંડળ—ગંજે શાયરાન પારસી સુતકો—પારસીઓમાં લગનનું જોડું—જમશેદની ઇતિહાસીક નિંદા—મહારાણી વિકટોર્યાનું જીવન ચરિત્ર—સરસ્વતી વિલાસ—અડવર્ડ નામું—દુઃખીને દિલાસો—દાદારજીની દરબાર—પારસી વિષયો ઇત્યાદિના કર્ત્તા.

નવસારી.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબઈ.

કિંમત રૂ. ૦-૧૨-૦

ઈ. સ. ૧૯૨૩.

હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રીસ્તી,

હરેક કુટુંબમાં અવશ્ય રાખવા લાયક

વહુને શીખામણ.

લખનારઃ—રવિશંકર ગણેશજી અંજારિયા,

ચીફ મેડીકલ ઑફીસર, માંગરોલ.

વહુ અને માતાને તન્દુરસ્તી કેમ સાચવવી, તે બગડે તો તાત્કાલિક ઉપાય કેમ અને કેવા લેવા અને પોતે સુખી-આરોગ્ય-રહી આખા કુટુંબને સુખી કેમ બનાવવું એ શીખવનાર આ પુસ્તક હરેક ઘરને ખાસ ઉપયોગી છે.

ભાષા ઘણીજ સરળ અને ઘરગથુ છે, લખાણની શૈલી ટુંકી, સહેલી, તુર્ત સમજી શકાય તેવી છે અને વિગતવાર અનુક્રમણીકાથી જરૂરને વખતે અમુક ભાગ તુર્ત કાઢી શકાય એવી સગવડ કરવામાં આવી છે.

કિમ્મત રૂ. ૧-૪-૦

વિશુદ્ધ પ્રેમ જ્યોતિ યાને વિલાસી રમણી.

(એક રસિક સંસારી નવલકથા.)

મુલ્ય રૂ. ૧-૦-૦

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબાઈ.

દુઃખીને દિલાસો.

ભાગ ૨ જો.

દિલાસા પત્ર ૧૩ મો.

" Stone wails do not a prison make,
Nor iron bars a cage,
Minds innocent and quiet take,
That for an hermitage.
If I have freedom in my love,
And in my soul am free;
Angels alone that soar above
Enjoy su h liberty. "

" પથ્થરની ભીંતોથી કાંઈ કેદખાનું બનતું નથી; ન તો લોખંડના સળીયાથી પાંજરૂં બનતું. શાંત અને નિર્દોષ મન તો તેને એક આશ્રમ માની લે છે. જો મારા સ્નેહમાં સ્વતંત્રતા હોય અને મારો આત્મા મુક્ત હોય તો માત્ર ઉંચે ઉડતા દેવદૂતો જ આવી સ્વતંત્રતા ભોગવે છે. "

ઓ માનવીઓ ! તમે સુખી હો, કે દુઃખી હો, પરંતુ તમારા મન ઉપર એટલું તો ઠસાવવું જ જોઈએ કે, તમે એક

પણ ભૂંડું કાર્ય કરવાથી પોતાના સુખમાં કિંચિત માત્ર પણ વધારો કરી શકશો નહીં. ગંદાં છોકરાંને જો ભવિષ્યમાં સુખી કરવાં હોય તો તેને ગંદીલાં થતી વેળાએ પહેલેથી જ ચેતવવાં જોઇએ. આપણા ઉપર એક મવક્કલ ફરેસ્તો દેખરેખ રાખે છે, એ વિચાર ઠસાવવો ઘણો ઉત્તમ છે; જેથી આપણું અંતઃકરણ સાવધ રહી. આવી પડતા ભય માટે આપણને ચોંકાવેલાં રાખે. આપણી જીંદગીમાં ખરેખર મુશ્કેલીઓ આવે છે, પણ તે બીજી સુંદર જીંદગી માટે આપણને તૈયાર કરવાને માટે જ સરજાએલી હોય છે.

આપણે જોતાં આવ્યાં છીએ, કે ગરીબ લોકોએ ઘણીક વાર મોટી પદવીઓ ભોગવી છે, અને મહા મુશ્કેલીઓ તેઓના રસ્તામાં નડતર કરનારી થઈ પડી નથી. ઘણાં દૃષ્ટાંતોમાં તો મુશ્કેલીઓ જ તેઓની કાર્યસિદ્ધિમાં મદદગાર થઈ પડી હતી; અને તે મુશ્કેલીઓએ જ શ્રમ લેવાની અને જંજાળ ખમવાની, સહનશક્તિઓ ધરાવવાની તેમને મોટી ઉલટ આપી હતી. આવી મુશ્કેલીઓથી જ તેઓની આંતર શક્તિઓ ખીલી નીકળી પણ હતી; નહીં તો કદાચ તેઓની ઉત્તમ શક્તિઓ બહાર ખીલી શકી હોત નહીં. એ સંબંધે દાખલાઓ અસંખ્ય છે. અને તેથી સિદ્ધ થાય છે કે, માનવી ધારે તો બધુંએ બજાવી શકે. જુઓ કે ઈશ્વર સંબંધી કાવ્યો બનાવવા માટે જાણીતો થયલો **જેરેમી ટેલર** એક હજામની દુકાનમાંથી પેદા થયો હતો. કાંતવાના સંચાનો શોધક, અને રૂના ઉદ્યોગનો સ્થાપક **સર રીચર્ડ આર્ક રાઇટ**, લૉર્ડ ચીફ જસ્ટીસોમાંનો ઘણો જ નામચીન નર **લૉર્ડ ટેન્ટરડેન** અને ઉત્તમ ચિતારો **ટરનર** એ બધા **હજામના ઘરમાંથી** ઉત્પન્ન થયેલાં પ્રખ્યાત ગૌહરો હતાં!

શું ત્યારે ઉદ્યોગી જીંદગીમાં પડવાને તેઓને તેમનાં માતાપિતાની ગરીબ હાલત આડી આવીને વચમાં નહીં નડી ? ત્યારે એટલું તો સિદ્ધ થાય છે કે, જે દુઃખો આપણને ભવિષ્યનાં સુખો માટે તૈયારી કરવા માટે આપવામાં આવે છે, તેને માટે આપણે હાય નિસાસા નાંખવા ન જોઈએ.

ઓ માનવીઓ ! તમારે એટલું પણ જાણવું જોઇએ, કે આત્માની અજ્ઞાન હાલતને લીધે પાપ થાય છે, અને તે પાપને લીધે દુઃખ થાય છે. ખરાબ કામ કરતાં આપણને ડર લાગે છે, તેનું કારણ જ એ છે કે, આપણી આગલી અજ્ઞાન હાલતથી થયલાં કર્મોની વેદના અને વિપત્તિ વેઠતાં આપણે એવાં તો બ્હી ગયાં છીએ, કે જે સજાઓ આગલા જન્મોમાં આપણે ભોગવી છે તેની લગરીક યાદથી આપણને તે ભયાનક દુઃખો ચોંકાવે છે, કે રખે આવાં દુષ્ટ કર્મોથી આપણે પાછાં દુઃખી થઈશું. દરેક માણસ કાંઈ ખુની હોતો નથી. માણસોનો તો મોટો ભાગ ખુન કરવાથી બીહે છે, કેમ કે તેને આગલા ભવોની વાતોનો ધ્રાસ્કો ઓળા રૂપે હજુએ ધ્રુજાવી મારે છે, કે એક ખુનથી અનેક દુઃખો તેના ઉપર કેટકેટલાં પડ્યાં હતાં.

ત્યારે આ જન્મમાં ઘણું જ જેહુમતનું કામ આપણે કરીએ તે ઘણી જ આસાએશ મેળવવાને માટે છે, એમ જાણીને દિલગીર ન થવું. પ્રામાણિક જેહુમત કદિ નિષ્ફળ જતી નથી. જુઓ કે, મહાન વિદ્વાનો ઘણે ભાગે ગરીબ અવસ્થા ભોગવી ગયા છે, પણ તેની સાથે તેનું ફળ પણ ખાઈને ગયા છે. પંડિત ઇરૅસ્મસને રાત્રીએ અભ્યાસ કરવાને એક બત્તી મેળવવાની પણ મુશ્કેલી હોવાથી ચાંદરણાની મદદથી વાંચતો હતો ! અને એકેક પેની માટે તે ભીખ માગતો હતો;

તે કાંઈ દાન પ્રાપ્ત કરવાને નહીં, પણ વિદ્યા પ્રાપ્ત કરવાને માગતો હતો. ઉદ્યમ ઈશ્વરને પણ લલચાવે છે. ટર્કીશ કહેવત છે, કે સેતાન ઉદ્યોગી માણસને લલચાવે છે, પણ પ્રમાદી આળસુ તો ઉલટો સેતાનને લલચાવે છે.

ઓ માનવીઓ ! તમારામાં સુખી કોણ ? જે માણસની પવિત્ર જીંદગી આયંદે મળનારાં મીનોઈ સુખનો જરાક પણ ખ્યાલ આપે છે, જે માણસ શાંત અને એકાંત હાલતમાં મજાહ લઈ સંતોષ માને છે, તથા જેને સદ્ગુણ—ખુદા તરફની સુલ્લહ તથા યકીન—ભવિષ્યનાં અણદીઠ સુખોને માટે લાયક બનાવે છે, તે જ ખરો સુખી માણસ છે. જ્યાં સુધી તેને માટે જીવવાનું સરજેલું છે ત્યાં સુધી આકાશી છત્ર હેઠળ ધીરજ અને સંતોષથી તે મુસાફરી કરે છે, પણ પોતાનું ખરૂં રહેઠાણ તો ઉપરના આકાશી બેહુસ્ત રૂપી મહેલોમાં જ સમજે છે.

પુરૂષે પુરુષનો ધર્મ બજાવવો, ને સ્ત્રીએ સ્ત્રીનો ધર્મ બજાવવો. એટલાથી જ સંસારમાં સુખ છે. સંસારમાં સાથી લેખે સ્ત્રીને જો એક વફાદાર ધણી મળે, અને પુરૂષને જો એક પતિવ્રતા સ્ત્રી મળે, તો પથ્થર જેવા દુશ્મનો પણ તેઓને કલંક લગાડી શકશે નહીં. બધી જ સ્ત્રીઓ જો **મદાલસા** થાય, કે જે ગંધર્વ રાજાની પુત્રી હતી, અને જે **શત્રુજિત** નામના રાજાના દીકરા **રૂતુધ્વજ** સાથે પરણી હતી, અને જેને એક દુષ્ટ રાક્ષસે ઉચકી લઈ જઈ પોતાના મહેલમાં રાખી તેની લાજ લુટવા ઘણાએ પ્રયત્ન કર્યા હતા, તો પણ જેણે ધણી શિવાય બીજો વ્હાલો કોઈ ન હોવાથી જોખમો ખેડીને પણ પોતાનું શીયળ સાચવ્યું હતું, તો આ સંસાર એક પુરૂષને માટે અનંત આનંદ સ્થાનનું થઈ પડે. લૌકિક વ્યવહાર માટે સ્ત્રીપુરૂ-

ષની માયા દુઃખકર નથી,. પરંતુ તે જ માયા મોહ રૂપી જાળ પાથરતી હોય, તો જોડકાંમાંથી એકનું વિખુટું પડવું કેવળ અંધકાર સમાન શૂન્ય થઈ પડે છે. માટે પ્રેમ, પ્રીતિ, પ્યાર એ સર્વને, ઓ માનવીઓ ! માયાની સરહદમાં દાખલ થવા દેશો ના. તમે જાણો. જરા ગાફેલ રહેશો તો તે ડાકણીનું લશ્કર તમારી કાયાના પ્રદેશમાં દાખલ થઈ જશે.

ગાફિલ મત રહેના બેટા ! સીર પર જમ મારેગા સોટા.
લખ ચોર્યાસી ગીરકી મીઆંને, અવચિત નરતનુ પાયા;
દો દિન ગએ શટરપટરમેં, ફીર ચોર્યાસી આયા.—ગાફિલ.

ચાર પ્રહરકા લેના દેના, ચાર નિંદમેં કાટા,
અષ્ટ પ્રહર ઈઉં ધુસડ ગએ, આયા મુલદ્દમેં તોટા.—ગાફિલ.

કવડી કવડી માયા જોડી, લોક કહત હય મોટા,
જાન ગઈ જગ દેખત બેટા, સાથ નહીં લંગોટા.—ગાફિલ.

કહત કબીરા સુન ભાઈ સાધુ, બાર બાર નહીં આવે,
ઈસ દુનીઆંકા સોદા કર લે, જનમમરણ સબ જાવે.—ગાફિલ.

ઓ માનવીઓ ! કબીરજીએ વર્ણવેલા જમના સોટા જીવતાંને પડતા નથી. જીવતાં જ ઉલટાં મુએલાંને રડીકુટીને જમના કરતાં જબરા સોટા મારે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, સગાં-સંબંધીઓ મરી ગયેલાંની પાછળ બળખા તથા આંસું પાડે છે, તે મરી ગયેલા પ્રાણી પરવશ થઈને ખાય છે, માટે પાછળના સંબંધીઓએ મુઆની પાછળ રડવું નહીં, પણ પ્રયત્નથી સર્વ ઉત્તરક્રિયાઓ કરવામાં ને અશો ફ્રેરોહરોની ક્રિયાઓ કરવામાં રોકાઈ જવું, કે તેમાં મન રોકાઈ જાય. "મરી જવું" એનો અર્થ

જો ઓ માનવીઓ ! તમે ખરેખરા ઊંડા ભેદથી સમજતા હો, તો "મરી જવું" એના જેવું મહા કાર્ય બીજું કોઈ છે જ નહીં.

મરતે મરતે જુગ મુવા, અવસર મુવા ન કોય,
દાસ કબીરા યું મુવા, બોહોર ન મરના હોય.

જીવતપેં મરવો ભલો, જો મરી જ જાને કોય;
મરને પહેલે જો મરે, કુળ ઉજીયારા હોય.
જો મરનેસે જુગ ડરે, સો મરે મન આનંદ;
કબ મરૂં હું કબ પાવું હું, પુરન પરમાનંદ.

એવા પણ દાખલા બનેલા છે, કે જેને લૌકિક વહેવારોમાં લોકો મરી ગયેલો સમજે છે, તે ઘણી વાર જીવતો થયેલો છે. માટે આત્મિક બુદ્ધિથી માનવાનું મરણ બીજું જ છે. જેને સાધારણ રીતે આપણે મોત કહીએ છીએ, તે કાંઈ ખરેખરૂં મોત નથી. બંગાળામાં એક પતિપ્રાણા સ્ત્રી બેહુલા થઈ ગઈ છે, તેનો દાખલો બનેલો તવારીખે નોંધી રાખેલો છે. તેણી નખિન્દર નામે સોદાગરના પુત્ર સાથે પરણી હતી. પરણીને ધણીધણીઆણી રાત્રે સુતાં, ને ઉંઘમાં પડ્યાં, એટલે સર્પે નખિન્દરને કરડયો અને તે મરણ પામ્યો. આથી બેહુલાને સંતાપ થયો. તેણી વિલાપ કરી, ઘણાં ઘણાં દુઃખો સહન કરી, પતિનું મડદું દેશોદેશ લઈને રવડી ને આખરે ઈશ્વરકૃપાથી કોઈ ગુણીજન મળવાથી તેની દૃઢ ઈચ્છા પાર પડી, ને નખિન્દર જીવતો થયો હતો ! આ બનેલો બનાવ છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે, કે માનવીઓ ! તમે જેને મરણ કહો છો, તે કાંઈ ખરેખરૂં મરણ નથી.

આફતના વખતે શાંત સ્વભાવ ઉત્તમ છે, આકળા અને તીખા સ્વભાવવાળાને મહા મહા દુઃખો થાય છે. ક્રેસાડે જેવા

દુઃખી વિદ્વાન વિષે પ્રોફેસર ટીંડલે જણાવ્યું છે, કે તેનો સ્વભાવ તીખો મરચાં જેવો ને તેની પ્રકૃતિ અગ્નિ જેવીજ ગરમ હતી, જેથી એક બાળકનું મરણ પણ તેને મસ મોટું જણાતું. તે કઈ વખતે શું કરી બેસશે તે કલ્પી શકાતું ન હતું. તે આવા સ્વભાવથી મુંજાઈને ખિજાયલ રહેતો અને પોતાના જીવથી સંતાપેલો રહેતો. સંતાપનાં આવાં અવલોકનો પછી તે ખુશ-મીજાજ રાખતાં શીખ્યો, ને આખરે તેને માલુમ પડયું કે અશાંત સ્વભાવ દુઃખનું કારણ છે, અને શાન્ત સ્વભાવ સુખનું મૂળ છે. એમ જ્યારે તેણે જાણીને એ અનુભવને વ્યવહારમાં ઉતાર્યો ત્યારે તે સુખી થયો, ને ભલભલાં મોતનો ગમ તેને લાગ્યો નહોતો, ને પછી બીજાંઓને તે દિલાસો અને ઉપદેશ આપતો હતો.

જો પાર ઉતારે ઓરોકું, ઉસ્કીભી નાવ ઉતરણી હએ,
જો ગરક કરે ફીર ઉસકુભી, ઈહા ડુબકુ ડુબકુ કરતી હએ,
શમશેર, તબર, બંદુક, સનાન, ઓર નશતર, તીર, નહરની હએ,
ઈહાં જેસી જેસી કરણી હએ, ફીર વેસી પાર ઉતરણી હએ.

ઓ માનવીઓ! ગમેએ લુંટાઈ કાં ન જાય, તોએ તમારૂં કંઈજ લુટાયું નથી, એવો દૃઢ સંકલ્પ કરશો તો તમે લુંટાયેલા જણાશો નહિ. **જેરેમી ટેલરના** બોધકારક બોલો કેવા સુંદર છે! તે કહે છે કે "મારા ઘર પર ટાંચ આવી છે; મને બહાર કાઢી મૂકવામાં આવ્યો છે, અને મારૂં સઘળું ટાંચ લાવનારને સ્વાધીન થયું છે, ત્યારે મારે શું કરવું? જરા વિચાર કરીને જોઉં. તેઓએ મારી પાસેથી બધું છિનવી લીધું છે ખરૂં, પણ સૂર્ય અથવા ચંદ્ર, અને મારા પર પ્યાર રાખનાર મારી સ્ત્રી, તથા

મને ચાહનાર, મારા પર દયા કરનાર, મને દિલાસો દેનારા મારા મિત્રો, એ સઘળું કાંઈ તેઓએ મારી પાસેથી લઈ લીધું નથી. હજી તો હું ભાષણ કરવા શક્તિવાન છું, તેમ જ મારો હસતો ચહેરો ને ખુશમીજાજ તેઓ મારી પાસેથી લઈ શકયા નથી. હજી તો મારી પાસે ધર્મ છે, અને હજી તો મને બેહેસ્ત જવાની ઇચ્છા છે. હજી તો હું ખાઈ પી શકું છું, અન્ન પચાવી શકું છું અને સારી રીતે ઉંઘી શકું છું. તેમ જ હજીએ હું પુસ્તકો વાંચી તે ઉપર વિચાર કરૂં છું."

હવે એક ધણીને ખુશી થવાનાં આટલાં બધાં અને આટલાં મોટાં કારણો હોય છતાં પણ, જો ન્હાનાં જેવા દુઃખને પકડી બેસે, અને જે બધાં સુખો તેને માટે અનામત રહ્યાં છે તેનો વિચાર ન કરે, તો તેને દિલગીરી ને બળાપા ઉપર મોટો ચાહ હોવો જોઈએ, એમ કહેવાય. તેને દુઃખના સ્વાદનો ઘણો ચસ્કો લાગેલો જ કહેવાય.

મૂર્ખાઓ પંડિતોનો દ્વેષ કરે છે, નિર્ધનો પંડિતોનો દ્વેષ કરે છે, પાપીઓ વ્રતધારીઓનો દ્વેષ કરે છે, અને છીનાળ સ્ત્રીઓ પતિવ્રતા સ્ત્રીઓનો દ્વેષ કરે છે. તેમ કર્યાથી જેટલું નિર્દોષને દુઃખ થાય છે, તે કરતાં બેવડું દુઃખ દ્વેષીને થાય છે. આ બધી જાતના મૂર્ખાઓ અસંતોષી અને લોભી હોવાથી બહારથી જોકે નસીબવાળા ગણાય છે, પણ અંદરથી તો દુઃખી છે.

ના સઝ્રરા ચું બીની બખ્તિયાર;
આકેલાન તસલીમ કરદંદ અખત્યાર.

શેખ સાદી કહે છે કે, જ્યારે દાનાવ લોકોએ નાલાયકોને નસીબવાળા જોયા, ત્યારે તેઓએ સબુરી જ અખત્યાર કરી, સર્વે

દુઃખમાં જેની બુદ્ધિ વિનાશ પામતી નથી, તેઓ આપત્તિકાળે મીજાજ ખોઈ બેસતા નથી, પણ સબર મારીને બેસે છે. તેઓ માયાથી અલગ રહે છે. હે માનવી !

અગર હય તુજે ભુખ લગતી હય, ગુસેકા ખુબ ખાતા જા;
અગર તુજે પ્યાસ લગતી હય, સબરકા પ્યાલા પીતા જા.
હકીકતકે મહેલેમેં ચતુર નર રોજ આતા જા.
ન કર ઇસિ નફસસે યારી પડેગા બેર આલમસે,
ન કર ઇસિ દિલકે તંહી પુસ્ટી લગા દાવન છૂડાતા જા.–હકીકતકે.

માનવીઓ ! દાનાવોની નસીયત છે કે, "આ જમાનો જે છે તે આદમીની કરણીનું દફતર છે. તે જેવાં કામ કરશે, તેવા તેના લેખ કોતરાશે. અને જીંદગીની આખરે તે સઘળાં રહેણીકરણીનાં દફતર સહિત મીનોઈ ન્યાયધીશ મેહેર દાવરની હજુરમાં હાજર થશે, ત્યારે નેકી ને બદીનું તોલ કરનાર રસને રાસ્ત ઈજદ આપણાં કામોનો સુમાર કાઢી તેને લાયક જગ્યાએ મૂકશે. માટે અમરપદની ઉમેદ રાખનારે નેકી ને ખુબીનું દફતર ભરપૂર કરવું જોઈએ, કે તે જ હમેશને માટે કામ આવે."

દાનાવોએ બીજું એ કહ્યું, કે તારૂં ગમે એવું નુકશાન થયું હોય તોએ હાથમાંથી મીજાજ ખોતો ના. ચીડાઉ સ્વભાવ દુઃખમાં વધારો કરનારો છે, માટે મોડેવહેલે પણ તારો સ્વભાવ તપી જનારો ન રહે તેની કોશિષમાં રહીશ, તો દુઃખ પામતો અટકીશ. કવિ વર્ડસ્વર્થ અને હેનરી ચાર્ટીન એ બન્ને નાનપણમાં ખરાબ સ્વભાવના, ચીડાઉ, ઉદાસીન, અને શોકમય હતા. બન્ને જરા જરામાં ઉશ્કેરાઈને કામ વધારતા, ને પોતે જ દુઃખી થતા હતા.

ઉમ્મરે તેઓને ડાહ્યા બનાવ્યા, અને આખરે સુખી કેમ થવું તેનો ઘડો અનુભવ ઉપરથી તેઓએ જ માણસોને શિખવાડયો, ને સ્વભાવ ઠંડો રાખવાથી સંકટ આવતાં કેમ અટકે છે, તેનો ઘડો પણ દુનીયાને તેમણે જ આપ્યો. માટે માનવીઓ ! સુખી થવા માટે એ જ હીકમત કરો.

દિલાસા પત્ર ૧૪ મો.

" He is not lost! though closed those lustrous eyes,
Though mute those lips, and cold that classic brow,
Though on that face a deepening shadow lies,
And only that pale form is left us now."

Thomas Hill.

"એ ખોવાયો નથી!—જો કે એ પાણીદાર આંખો બંધ થઈ છે, એ હોઠ મૂંગા છે અને તે સુંદર ભમર ઠંડી છે, જો કે એ ચહેરા ઉપર ઊંડો પડછાયો છે અને ફક્ત તે ફીક્કો આકાર જ માત્ર અત્રે આપણે માટે રહ્યો." થોમસ હીલ.

ઝુંપડે વસનારી કંગાળ કહેવાતી અધુરી ! આ ઝુંપડું જ સાચવીને સંતોષી રહે ! એકાદ દહાડો તેનો તડકો વેઠ, પણ મહેલમાં રહેવાની અભિલાષા નહીં કર ! મહેલોમાં રહેનારાંનાં દિલ હમેશાં અસંતોષી અને અહંકારી હોય છે; તેઓને મહેલોની મોજ કુચા સમાન અને જીંદગી કંટાળા ભરેલી લાગે છે.

તેઓને દરેક સુંદર વસ્તુ પોતાની નજરમાં ઉતરતી જ લાગે છે. પરંતુ એક ઝુંપડામાં રહેનારાંનો પરસ્પર પ્યાર તેઓને એટલાં તો સુખી ને સંતોષી બનાવે છે, કે ખરૂં સુખ તો તેઓ જ જાણે છે. **એપીકટેટસ** કહે છે કે, એક આદમી જો દુઃખી હશે તો તેમાં તેનો પોતાનો જ વાંક છે, કેમકે ખુદાએ સર્વ માણસ સુખી થવાને સરજેલાં છે. દુઃખોના પોકાર ઘણે ભાગે કલ્પિત છે. માણસે પોતાને સુખી રાખવાનો પણ એક જાતનો હુન્નર છે. આપણે ખિન્નતા, ઉદ્વેગ, ઉદાસી, વિષાદ, અને દિલગીરી તરફ જ હમેશાં ઢળેલાં રહીએ છીએ. આપણે લોકો ખુશી-ખુશાલી, શાદી, શામશાની, અને મોજમજાહને પણ દિલગીરી અને ચિંતાથી જ ભોગવીએ છીએ.

હે મધુરી! "ફીલસુફીની દૃષ્ટિથી જૂવો તો સુખ અને દુઃખ એ તો માત્ર મનની ભ્રાંતિ છે. જરૂરનું જે છે તે તો માત્ર ખુદા અને કુદરતના કારોબારમાં નિયમિત કાયદાઓનું સત્ય જ્ઞાન છે. તે સત્ય જ્ઞાન સંપાદન કરવાથી દુનિયાંનો મહેમાર કેવો ચાલી રહ્યો છે તે સ્પષ્ટ આપણને જણાઈ આવશે, અને "સુખી કોઈ, દુઃખી કોઈ" નો ભરમ શો છે તે કર્મનો અર્થ-સૂચક કાયદો આપણને સમજાવી આપશે. કરણીનો કાયદો જ્યાં સુધી આપણે સમજીશું નહીં, ત્યાં સુધી ખુદા અને કુદરતને આપણે પિછાની શકીશું નહીં. લોકો બિચારાં અજ્ઞાનપણામાં જીવે છે ને દુઃખી દુઃખી થાય છે. તેઓ ભૂલમાં એમ સમજે છે કે દુનિયાંનો સઘળો મહેમાર ને વહેવાર ને કારભાર માત્ર દિવસે જ ચાલી રહ્યા છે. પણ દુનિયાંનો મહેમાર સીહા રાત્રિએ પણ પોતાનું ચલણ ચલાવી રહ્યો છે તે તેઓ અવલોકનપૂર્વક જાણી શકતાં નથી."

સુખદુઃખની ખોટી ભ્રાંતિને લઈને પૃથ્વી પર ઘણા અનાચારો થયા છે. રોમમાં ને ગ્રીસમાં સુખની ભ્રાંતિ કરનારાઓ આગલા વખતમાં કેવા જુલમગાર થઈને મોજમજાહ કરતા! પોતાનો ફીફરાંનો રોગ મટાડવા એપીશ્યસ ખાસ કરીને જે દારૂ નોશ કરતો, તેમાં દરરોજ કિંમતી મોતી પિગળાવીને દારૂ પીવામાં સુખ માનતો હોવાથી બીજા દેશોને ખડાખાસ્તે કરતો, ને લોકો ઉપર જુલમ વરસાવતો હતો. તેવું સુખ ભોગવનારો કાંઈ અમર રહ્યો! અરે! પેલી લોલ્યા પોલીના પોતાના માત્ર બીજી પાયરીના પોષાકો જમરૂદ અને મોતીના શિવડાવતી હતી, જેની કિંમત દર પોષાકે રૂા. ૪,૮૦,૦૦૦ ની થતી! આવું સુખ મેળવવા ખાતર ભાઈબંધ મનુષ્યોને કેવાં કેવાં દુઃખ દેવામાં આવતાં! શું તે ચિરંજીવી રહેવા પામી? કલીઓપેટ્રા રાણી ઍન્ટની જેવા આશકને ખાતર લાખો રૂપૈયાનાં બેમૂલ મોતી દારૂમાં પિગળાવીને સલામતી લઈ મોજ મારતી, તે કયાં જીવવા પામી? મધુરી! એ ત્રણે જણાં દુઃખે દુઃખે કાયર હતાં, પણ સુખનો એકે દહાડો દીઠો નહીં.

આવાં દૃષ્ટાંતોથી જે કામ અને જે ફરજ આપણે બજાવવી જોઇએ તેમાંથી મુક્તિ માગી, માનવી જાતના સંબંધથી છૂટાં પડીએ તો એક સુસ્ત અને આપમતલબી જીંદગી ગુજારવા તરફ આપણે ઘસડાઈ જઇએ. માટે આપણી ફરજ આપણુને પોતાને ઉપયોગી થવા માટે હોય છે તેમાં કંટાળો કરવો નહીં. જો તે આવી પડેલી ફરજ બજાવતાં આપણે દુઃખ સહન કરીએ, તો પછી આપણી જીંદગી ઘણી મનમોહન થઈ પડશે. પરંતુ તે કાર્ય કરતાં, ચિંતા અને પરિણામની કાળજી રાખવાથી તે

ફરજ દુઃખભરેલી માલમ પડશે. શું ચિંતા રાખવાથી તું કોઈને મરી જતો બચાવી શકશે? તારા હાથમાં શું છે?

નહીં દર્દ દિલનું ઉઠાવી શકાશે, જતો જીવ ક્યાંથી બચાવી શકાશે!
બચાવો બચાવો બચાવો અજીજો! પછી ક્યાં મુસાફર બોલાવી શકાશે.
વિખુટો અટુલો કરીને વિયોગી, કયું કામ હવે તે બજાવી શકાશે?
આ ભાંગેલે હૈડે, આ તૂટેલા દિલથી, આ જખમી જીગર ન રૂઝાવી શકાશે.
હું સંતોષ રાખું સબુરી તે ક્યાંથી, રસી તૂટેલી ન જોડાવી શકાશે;
કયામત અનામત છે મુજ સર.અજીજો! કહો"સુખ સાગર"સતાવી શકાશે.

ત્યારે પરિણામની ચિંતાથી રહિત ફરજ બજાવતાં આપણા જીવનમાં ઉત્સાહ, હિત, અને જુસ્સો કેમ લાવી શકાય? અને તે ફરજ બજાવતાં ફીકરમંદ કાળજીને કેમ મારી હુઠાવી શકાય? ઘણા મહાન પુરૂષો, આવી ફરજ બજાવવા નીકળેલાં વાહાણને ડુબતાં બચાવવાને બદલે તેમાં પોતે જ ડુબી ગયા છે. **ઍન્ટનીએ** વિષયી પ્યારમાં જ સુખ શોધ્યું હતું. **બ્રુટસે** કીર્તિમાં સુખ માન્યું હતું. **સીઝરે** મુલકો પ્રાપ્ત કરવામાં જ આનંદ માન્યો હતો. પરંતુ **ઍન્ટની** અપકીર્તિને પામ્યો, **બ્રુટસ** અકારો થઈ પડયો, **સીઝર** કૃતઘ્ની થઈ ગયો, અને સર્વ નાશ પામ્યા. સુખના કિમિયાનું ફળ જુઓ તો આ! પૈસો વારંવાર પોતાની સાથે ભય, જંજાળ, અને લાલચને ઘસડી લાવી દુઃખ કરે છે. પૈસો જાળવવા કાળજીમાં રહેવું પડે છે. જો તે પૈસા ડહાપણથી વાપર્યા હોય તો સુખ પ્રાપ્ત થાય છે.

ત્યારે આ જીવનમાં દુઃખ નહીં મળતાં સુખ મેળવવા માટે શું કરવું જોઈએ? તે મેળવવા માટે મારકસ **ઑરેલીયસ** કહે છે તેમ એક જ ચીજ મેળવવી જોઈએ, ને

તે ડહાપણ–ભરેલી ફીલસુફી છે. તે કેમ પ્રાપ્ત થાય ? જે બને છે તે પાક પરવરદેગારથી બને છે, જે બન્યું છે તે તેનાથી બન્યું છે, અને જે બનશે તે તે જ બનાવશે, માટે તેના એક મારફતિયા લેખે, તે સાહેબે જેને તેને સોંપેલી ફરજ અદા કરી મોત આવતાં સુધી આનંદમાં રહેવું, ને મોતની રાહ ખુશીથી જોવી. એ જ તે ફીલસુફી. માણસના મનમાંથી મોતની ધાસ્તી દૂર કરવામાં ડહાપણની ફીલસુફી જરૂરની છે.

" Think not I dread to see my spirit fly,
Through the dark gates of fell mortality,
Death has no terrors when the life is true,
" Tis living ill that makes us fear to die. "

" નિર્દય મૃત્યુના કાળા દરવાજામાંથી મારા આત્માને ઉડી જતો જોવાથી હું ભય પામું છું એમ ના માનશો. જ્યારે જીવન શસ્ત રાહે હોય છે ત્યારે મૃત્યુ ભય રૂપ હોતું નથી. પણ ખરાબ જીવન જ આપણને મરવાથી ડરાવે છે. "

વળી જે ડહાપણ કહ્યું તે કીયું ? દુનિયાઈ ચીજો આપણને છોડી જાય તે અગાઉ આપણે તેઓનો ત્યાગ કરવો, એ જ તે ડહાપણ છે.

મધુરી ! આ દુનિયામાં તવંગર માણસ ગરીબને હીણે છે. અને પોતે પૈસાદાર છે એવું અભિમાન ધરાવે છે, પણ તેવા શ્રીમંતો એમ જાણુતા નથી કે મોતનો મિત્ર અભિમાની છે, કાંકે અભિમાનથી માણસનું મોત નીપજતાં વાર લાગતી નથી. અને અનુભવથી સબિત થાય છે કે ગરીબ દાના માણસ કરતાં પૈસાદાર અભિમાની માણસો જલ્દીથી અને ટુંકી ઉમરમાં મોતને

શરણ થાય છે. અને ખાસ કરી શ્રીમંતોએ યાદ રાખવાનું છે કે "ગરે કસી ખાકે મોર્દે બાઝ કુનદ, નશનાસદ તવાંગર અઝ દરવીશ." એટલે, જો કોઈ ગુજરી ગયેલાં માણસની લાશની ઘોર ઉઘાડી જૂએ, તો તે પિછાની નહીં શકશે, કે તે લાશ શ્રીમંતની છે કે ભિખારીની છે. એટલે કે, જીંદગી દરમ્યાન દુનિયામાં "મારૂં મારૂં" અને "હું હું" કરવાથી ગરીબ તવંગર વચ્ચે અજ્ઞાનીની આંખમાં તફાવત દેખાય છે, પણ દુનિયા છોડી ગયા પછી તે તફાવત નીકળી જાય છે. કબરમાં ગરીબની લાશનો જે અવતાર થાય છે, તે જ અવતાર તવંગરની લાશનો પણ થાય છે. હે મધુરી! આ ગતિ જાણીને સુરદાસજી સાથે આ પદ ગાવા લાગઃ—

રાખો તેસેં રહું, તુમ રાખો તેસેં રહું.
જાનત હો દુઃખસુખ સબ જનકો, મુખે કરી કહા કહું.—રાખો.
કબહુક ભોજન દેહો કૃપા કરી, કબહુક ભુખ સહું;
કબહુક ચઢત તુરંગ મહા ગજ, કબહુક ભાર વહું.—રાખો.
કમળ નૈન ઘનશ્યામ મનોહર, અનુચર ભયો રહું;
સૂરદાસ પ્રભુભક્ત કૃપાનિધિ, તુમારે ચરણ ગ્રહું.—રાખો તેસેં રહું.

અરે! મધુરી, તારે માથેથી પસાર થઈ જતાં કાળાં વાદળાંના બિહામણા અંધકારથી તારે એટલું ગભરાવું શું કામ જોઈએ? દરેક સંકટની વેળાએ તે પરમાત્મા કે જેની આગળથી કોઈ અરજદાર ખાલી હાથે પાછો ફર્યો નથી, તેની નજદીક મદદને માટે જા. બેહદ ખુબ બખ્તીની વેળાએ તે તને જોર બક્ષી, ગમગીન વખતમાં તારા જીવને આશાનાં કિરણથી ઉલટમંદ બનાવશે.

ચિંતા મત કર મધુરી, વો દેનેવાલો સમર્થ—
પાણીમેં મચ્છી બસે, ઉસકી ગાંઠે કુચ્છ ગરથ !

તારો ફિકરચિંતાવાળો સ્વભાવ બહુ હાનિકારક છે. તેમાં જીવ રાખ્યાથી મનમાં તે મોટું રૂપ પકડે છે. આટલું કહ્યા છતાં મધુરી હાય નાંખે છે.

યા રબ નહી દુનિયાંમે કોઈ યાર હમારા,
હો તેરે સિવા કૌન મદદગાર હમારા.
હમ એકસો બેબસ અય ખુદાવંદે જહાં હય,
જુજ તેરે નહીં કોઈ હય ગમખાર હમારા.—યા રબ.
અબ મેરે સનમસે મુઝે જલદીસે મીલા દે,
હય હીજમેં તો જીનાભી બેકાર હમારા.—યા રબ.

રે ! રે ! દુનિયામાં કંટાળી તું કાયર થઈ ગઈ છે, તેનું ખરૂં કારણ તારૂં માની લીધેલું દુ:ખ છે. ફીકરચિંતાથી તન મન પ્રતિદિન નબળાં પડતાં જાય છે, ચિંતાથી સઘળું સુખ અને મનની શાંતિ નાશ પામે છે, માટે તારે ચિંતાતુર સ્વભાવ રાખવો જ નહીં, બલકે હમેશાં આનંદમાં રહેવું. ગરીબીનો તું શા સારૂ વિચાર લાવે છે ? ફરી કહું છું, ચિંતા ન કર—નચિંત રહે; દેનેહાર સમર્થ; જંગલમેં પંખી બસે, વાંકે ગાંઠે કહાં ગરથ ? ચિંતાથી તારાં ચોક્કસ અવયવો કામ કરતાં બંધ પડે છે, ને શરીરની ચામડી ચીમળાઈ જાય છે. યાદ રાખજે કે પૈસાદારને સંતાપ ભારી. ઉંચા ઝાડને ઝપાટા જાસ્તી. ઉંચા ઓદ્ધાને અપાર ધાસ્તી. એ સત જાણજે. લોભ ને અદેખાઈ મા રાખ !

એક વખત એક લોભી અને મત્સરી બે જણા દેવીના મંદિરમાં તપ કરતા હતા. તેમને દેવી પ્રસન્ન થઈને બોલી:—"તમે જે માગશો તે વરદાન હું આપીશ, પણ તે એવું આપીશ કે પ્રથમ જે જેટલું માગશે તે કરતાં બમણું બીજાને મળશે !" એ સાંભળીને પેલા લોભીએ વિચાર કર્યો " કે મારે પહેલું માગવું નહીં. શા માટે કે મારે જેવો લોભ છે તેવો એને પણ છે, માટે એ ઘણું દ્રવ્ય માગશે જ, એટલે પછી મને એના કરતાં બમણું સહજ જ મળશે." એવો નિશ્ચય કરીને તે બોલ્યો જ નહીં. તે જોઈને મત્સરીએ દેવીની પ્રાર્થના કરી: "હે દેવી! જો તું મને પ્રસન્ન થઈ છે. તો મારી એક આંખ ફોડ!" પછી દેવીએ કહ્યું:— " તથાસ્તુ! તેવું તને થાવ!" એમ કહેતાંમાં જ મત્સરીની એક અને લોભીની બે આંખો ફુટી. કહેવાનો સાર એ છે કે મધુરી! લોભ અને મત્સર એ કેવા ખોટા છે, તે આ વાતથી સ્પષ્ટ થાય છે. લોભી બહુ દ્રવ્યની આશા માટે પોતાનું ઇચ્છિત દેવી પાસે માગીને સુખી થયો નહીં, અને મત્સરીએ બીજાને સુખ ન થાય માટે પોતાની એક આંખ ફોડીને પોતાના જીવને દુઃખ લીધું. લોભે તું દુઃખી, મત્સરે તું જ દુઃખી, ને અહંકારે તું ને તું જ દુઃખી.

જે કોઈ અહંકારે કરીને મોટાપણું મેળવવા જાય છે, તેને બળવાન અથવા મોટાનો આશ્રિત છે ત્યાં સુધી લોક બહારથી નમે છે, પરંતુ તેમનો આત્મા તેના ઉપર દ્વેષ કરે છે. પછી જ્યારે દૈવ ફરે છે ત્યારે નબળો થાય છે, અને લોક તેના ઉપર દયા ન આણતાં ઉલટા ચેષ્ટા કરે છે. વાસ્તે મોટાપણું મેળવવાનો એ રસ્તો નથી. તે રસ્તો એ છે કે મોટા બનવાનો વસવસો મનમાં ન રાખવો. કારણ કે જેને મોટાપણું

મનથી નથી જોઈતું તેની પછવાડે તે બળાત્કારે જાય છે, અને જેને મોટાપણું જોઈએ છે તેનાથી તે વેગળું નાસે છે. જે કોઈ માન માગે છે, તેને તે મળતું નથી. જે મોટાઈની ઇચ્છા કરે છે, તેને નિંદા મળે છે; અને જે નમ્ર છે, જેને અભિમાન નથી તેને જ મોટાપણું મળે છે. કળજુગમાં આ બધી દોડાદોડી કામ–ક્રોધ, લોભ–મોહ, ને મદ–મત્સરની ચાલી રહી છે.

ગયા એખલાસ આલમસે, અજબ યેહ દોર આયા હયે,
ડરે સબ ખલ્ક જાલિમસે, અજબ યેહ દોર આયા હયે.
ના યારોંમેં રહી યારી, ન ભાઈઓંમેં વફાદારી,
મહોબ્બત ઉઠ ગઈ સારી, અજબ યેહ દોર આયા હયે.
બહોતસે મકકર જો જાને, ઉસીકુ સબ કોઈ માને,
ખરા ખોટા ન પહેચાને, અજબ યેહ દોર આયા હયે.
ચુગલ કરતે ફીરેં ચુગલી, ફગલ કરતે ફીરેં ફગલી,
દગલ કરતે ફીરેં દગલી, અજબ યેહ દોર આયા હયે.
હોનરમંદાન હર જાઈ, ફીરેં દર દર બ રોસવાઈ,
રજેલ કોમોંકી બેનઆઈ, અજબ યેહ દોર આયા હયે.

દિલાસા પત્ર ૧૫ મો.

"Care keeps his watch in every old man's eye,
And where care lodges, sleep will never lie."

Shakespeare.

"દરેક વૃદ્ધ માણસની આંખમાં ચિંતા પોતાનો પહેરો રાખે છે અને જ્યાં ચિંતા હોય છે ત્યાં નિદ્રા કદાપિ પણ રહેતી નથી."

શેકસ્પીયર.

પ્રિય સખા ! તારામાં ને મારામાં જ કાંઈ સઘળી જંજાળ ભરી રાખેલી નથી. જ્યાં જોઈશ ત્યાં જંજાળ ને ફીકર ને ચિંતા તો છેજ. ખેતરો તરફ નજર કર. અને ત્યાં હળ અને બળદ સાથે રાતદહાડો જંજાળ વેઠતા ખેડુતો જોશે. દરિયાકિનારે નજર કર, અને ત્યાં હલેસાં મારતા અને દોરડાંને બાંધછોડની જંજાળ વેઠતા ખલાસીઓ જોશે. એક શહેર તરફ નજર કર. અને ત્યાં વેપારની રૂખ પડી ભાગ્યાની, કિંવા હજાર પ્રકારની જંજાળ કરતા વેપારીઓને તું જોશે. અભ્યાસ કરતા જુવાનીઆના ફીકકા ચહેરા તરફ જોઈ તેની ચિંતા ને જંજાળનો ખ્યાલ કર. કોર્ટમાં જઈને બેસ. અને ત્યાં દાવો હારીશ કે જિતીશ તેની આંખ ફાડેલી હાયવોયમાં દાવાદારોને બેઠેલા તું જોશે. પરંતુ એટલું પણ સાથે સાથે જોશે, કે દુનિયાનાં જે જે મહાન કાર્યો મહાન પુરૂષોએ બજાવ્યાં છે તે તેમણે મહા વેદના, અતિ કષ્ટ, અને ભારે ફીકર ચિંતા વચ્ચે જ બજાવ્યાં છે. શાયરે હિમ્મત આપી અલ્લાતાલાની મદદ માગતાં ગાયું છે, કે—

"હરદમ હયદર હેત વધારો, કષ્ટ કાપવા આપ પધારો,
દાસ તમારો છે દુખીયારો, હરદમ હયદર હેત વધારો.
દુઃખ દેખી દિલ માંય ડરૂં છું, તો પણ હૈયે ધૈર્ય ધરૂં છું.
નિત્ય પ્રીતથી તમને સમરૂં છું, પડું આપ તણે પાય.
સદા કરો શુભ સહાય, દુઃખ મારૂં દૂર જાય,
સુખ અતિશય થાય, પ્રેમ આપનો પમાય.
દાસ એવી આસ ચ્હાય, હરદમ હયદર હેત વધારો.
શેરથી લઈ સલમાન ઉગારી, નુહ **નબીની** કીર્તી તારી."

દુઃખના વખતમાં જૂદાં જૂદાં મનના એવા એવા ભિન્ન ભિન્ન તરંગો છે. Differenet sores must have different slaves. "ભિન્ન ભિન્ન દુઃખોના ભિન્ન ભિન્ન ગુલામો હોવા જોઇએ."

સખા ! જે હાલતમાં આપણે મૂકાયેલાં હોઈએ તે હાલતનો વિચાર કરીને મનનું સમાધાન કરવું, એ જ ડહાપણ છે. કોલમ્બસે જેઓને વધારેલા, પૈસાદાર બનાવેલા તેઓએ જ નિમકહરામ થઈ તેને દુઃખી દુઃખી કરી ચાલુ નિંદા અને ચુગલીથી સતાવ્યો હતો. મિત્રો કે આશ્રિતો પણ કોઈના થાય, ને કોઈના નહીં થાય. પૈસો કે માલ પણ તારી સાથે આવવા ના પાડે છે. જર, જોરૂ, ને જમીન, કોઈનાં થયાં નથી, ને થશે પણ નહિ. મંગોપાર્કને આફ્રિકામાં જે હાડમારી ને મુશીબતો પડી હતી તેનું તો ધ્યાન નહીં થઈ શકે એવું છે. તેનો પણ તું વિચાર કર. આફ્રિકામાં જ શોધખોળ કરી નવા પ્રદેશો શોધવામાં કલેપરટનને જે આફતો અને મુશ્કેલીઓ નડી હતી, તેવી તો દોજખમાં પણ કોઈને ના નડશો, એમ તું કહ્યા વગર રહેશે નહીં. ફ્રેંકલીનના હાલ પણ હાડમારી અને જંજાળમાં જ

પૂરા થયા હતા, જોકે તેની નેમ ભલી હતી. 'લીખા લેખ સો નહીં મીટનેકા.' સખા! કુદરતને અને કજાને તું કેમ ફેરવી શકે?

આમ કભી ના ઉગે નીમેંકી જડમેં, નીમ બદી;
જો કે કરે વો નહિ કભીભી જગમેં, હોવે સુખી.
છોડ એ તું રાસ્તા જીસે જરી કભીભી, હો ન દુઃખી;
પાક ખુદા હએ બડા વહી ઉસે ભાએ ખુદી.—આંમ

પ્રિય સખા! કથા કહું તે સાંભળ. બળિ રાજાનો પૌત્ર બાણાસુર શોણિતપુર નામે નગરમાં હતો. સદાશિવની સેવા-પૂજન કીધાથી તે અજિત બળનું વરદાન પામ્યો હતો. આ બળથી છકી જઈને તે તો પૃથ્વી ઉપરના બધા રાજાઓ ઉપર જિત મેળવવા લાગ્યો. વિજયને લીધે સંસારસુખની તેની ઉપર કાંઈ અસર ન હોતી થઈ. તેણે એક પણ સંસારનું સુખ દીઠું ન હોતું ત્યાં સુધી તેને સુખ શું ને દુઃખ શું, સૌ સરખું હતું. પણ તેનાં કેટલાંક કર્મને લીધે તે નસંતાનો હતો. એક વાર પ્રભાતમાં તે મહેલની બારીએ ઉભેલો હતો, ત્યારે એક ચાંડાળણીએ તેનું મુખ સવારના પહોરમાં નહીં જોવાય તેટલા માટે આંખ આડી સાવરણી ધરી. બાણાસુર અને તેની રાણીએ તેનું કારણ પૂછતાં ચાંડાળણી બોલીઃ—"વાંઝીઆ રાજાનું મુખ જોવું એ અપશુકનિયાળ અને અભાગિયું છે." આ વેણથી બાણાસુરને એકદમ દુનિયાનાં દુઃખો જણાઈ આવ્યાં. હવે જ તેને દુઃખ-સુખની મનમાં ચિંતા પેઠી. તે હમેશાં દુઃખી થઈ કહેવા લાગ્યોઃ—"જ્યાં સુધી મારા મનને પુત્ર શું તેનો ખ્યાલ નહોતો ત્યાં સુધી હું સુખી હતો. પુત્રનો ખ્યાલ થવાથી જ મનમાં દુઃખ આવી ઢગલો થવા લાગ્યું, ને છેવટે સદાશિવે તો મને કહ્યું કે, આખું

જગત પોતાના કર્મથી બંધાયેલું છે, ભાવિમાં હોય તે જ મળે છે, તારા કર્મમાં પુત્ર સંતાન નથી! અહા! પુત્ર હજુ તો પ્રાપ્ત થયો નથી તેને માટે જ્યારે આવું દુઃખ થાય છે, ત્યારે તે પ્રાપ્ત થયા પછી કદાચ નાફરમાન નીકળે તો કેવડું દુઃખ થશે! માટે પુત્રની આશા હું છોડું છું." એવી જ રીતે હે સખા!

મજા મીઠી મન લાગવા, દુઃખ સહેવો સતરાય,
દુઃખ વિના સુખની નથી, કદર ખરી જગ માંય.
પ્રિતમ પ્રિયાના પ્યારમાં, પીડા તે શી ચીજ ?
હરિ મળે, નવ પ્રિયા મળે, પાઠ ભણો એ નીજ.

સખા! શું બકે છે? ઈશ્વર ન્યાયી નથી? અરેરે! કાળા માથાના માનવી માટે બોલતાં પણ જીભને સાચવવી જોઈએ, તો તમે પ્રભુ વિષે આવી નિંદા કેમ કરી શકો? હે સખા! અંગનું સુખ મેળવવા માટે જીભ ઉપરનો કાબુ ઘણો અગત્યનો છે. કેમકે કેટલાક કડવા સખુનો ઘા કરતાં પણ ઘણા જ જબુન હોય છે. હે પ્રિય! ખુદાતાલા જીભની નાશકારક સત્તામાંથી આપણને બચાવે! માણસનું અંતઃકરણ ચીરી નાંખવાને શમશેર કરતાં શબ્દ ઘણા કાતિલ છે. આખી જીંદગીમાં દિલને ડંખ ને ઝેર લગાડનારી કોઈ ચીજ હોય તો તે ઉચ્ચારાયેલા શબ્દો છે. જીભને કાબુમાં રાખી તેને લગામમાં જ રાખી હોય, તો સુખનો સ્વાર બરાબર દોડે છે. જીભના આવા ખોટા સ્વાદથી જ મિત્રો છૂટા પડે છે. ડાહ્યા માણસનું મ્હોં તેના હૃદયમાં છે, અને મૂર્ખનું હૃદય તેના મ્હોંમાં હોય છે, એમ ડાહ્યો સૉલોમન કહી ગયો છે, તે શિખામણ તારે યાદ રાખવી જોઈએ. બીજાં દુઃખીઆરાંઓનાં દુઃખ તું ભાગશે તો તારાં દુઃખડાં પ્રભુ ભાગશે.

" Let thy Soul lend its ear to every cry of pain, like as the lotus bares its heart to drink the morning sun. "

" તારા આત્માને દુઃખની દરેક હાય સાંભળવા તેના કાન ઉઘાડા રાખવા દે; જેમ એક કમળ સૂર્યોદયનું પાન કરવા પોતાનું હૃદય ખુલ્લું કરે છે તેમ. "

રે સખા ! બધી વસ્તુ જંજાળથી ભરેલી છે, અને જંજાળ એ દુઃખથી ભરપૂર હોય છે. અર્થાત્, જંજાળ અને દુઃખ માણુસની કંગાળ હાલત સાથે જોડાયેલાં જ રહે છે. માણુસે ગરદન ઉપર નાંખેલી ઝુંસરી કરતાં ચિંતાએ નાંખેલી ઝુંસરીનું વજન ઘણું ભારે હોય છે. જેણે ચિંતાની ઝુંસરી ઉતારી પાડી તેને માણુસની ઝુંસરીનો ભાર લાગતો જ નથી. ચિંતા તજી, રાહુત અને શાન્તિમાં જીંદગી ગુજારવા માટે સિંહાલિયન, હિમાલય, અથવા બેનનેવીસની એકાંત જગાએ એક ગરીબ માણુસની ઝુંપડી એ જ સાચી જગા છે; પરંતુ બાલમોરલ કે બરલીનનો દરેક દેખીતી સગવડનો મહેલ નકામો છે. મનુષ્યજીંદગીમાં રાહત મેળવવાનો સમય પણ આવે છે જ, પરંતુ તે એવે પ્રસંગે આવે છે, કે ફાંસો દીધા પછી સજા માફ કરવાનો હુકમ આવ્યા જેટલો મોડો હોય છે. તું પરદુઃખભંજન થઈશ તો ઈશ્વર તારી વ્હારે જરૂર આવશે, અને તું હિમ્મતથી ગાઈશ, કે

બાગે જગતમેં એ શજરહી નહી,
અએસે ફલ ફુલ એ સમરહી નહી—બાગે.
બુલબુલેં ચહે ચાહતી હએં ગુલ પર,
યાંહાં સઈઆદકા ગુજરહી નહીં.—બાગે.
અબ યકી હએ કે પાઉં મતલબે દિલ,
મુઝકો ઈસ જા કીસીકા ડર હી નહીં.—બાગે.

"પ્રથમ દુઃખની હસ્તીમાં માનવું, એ માનવી બુદ્ધિ અને તર્કશકિતની કોટાહી તથા અજ્ઞાનતાનું પરિણામ છે. જે છે તે સારાંને કાજે છે. એ બનવાજોગ છે કે આપણી નબળી મગજશકિતઓ અને મજબુત લાગણીઓ વડે જેને દુઃખ કહીએ છીએ તે પ્રથમ દુઃખ નથી. જો પ્રથમ દુઃખની હસ્તી હોય, તો કુદરતી રચના ખામીઓથી ભરેલી અને અપૂર્ણ હોવી જોઈએ. પણ તે કોઈ પણ વિદ્યા ખરેખરી ખામી જાહેર કરી શકી નથી. જો ઇનસાનની જીંદગીને સાંકડી નજરે અને રડતી સુરતે જૂઓ, અથવા તો જગતમાં જે જે છે તે તે સઘળું માઠાંને કાજે છે એવા ધખારાઓ તપાસો, તો તે જીંદગી હરેક પ્રકારે નઠારી અને દુઃખભરેલી જણાશે. વળી જો સહેજસાજ નાંખતી કીધેલા વિચારે અને નજરે જોશો તો તે જીંદગી દુઃખી હોય એમ લાગશે અને જીંદગી ભોગવવા જેહમત ઉઠાવવી ફોકટની છે, એમ જણાશે. વળી જો મન અને દિલની મોટાઈનો ઉપયોગ કરી, તે જીંદગી તપાસશો તો માલમ પડશે કે દુનિયામાં નરસ કરતાં સરસનો ભાગ વધારે છે. પણ જો પુખ્ત, સંપૂર્ણ બારીકીથી અને ઉંડાઇથી અભ્યાસ કરીએ તો આપણે એવા અનુમાન ઉપર આપોઆપ દોરવાઈએ છીએ કે જે છે તે સારાંને કાજે હોવું જોઈએ."

જરથોસ્તી ધર્મનીતિમાં દુઃખો ટાળવાની ફરજ વિષે બોધ દીધો છે, કે આ દુનિયમામાં અનેક તરફનાં દુઃખદર્દો છે. તેઓને માટે માણસોને બે રસ્તા છેઃ કાં તો આળસુ, નાહિમ્મત, મૂર્ખ અને ગાફેલ પડી રહીને દુઃખદર્દો ખમ્યાં કરવાં, કાં તો કોશિષમંદ, હિમ્મતવાન, ડહાપણવાળાં અને ચોંપવાળાં થઈને તેઓને ટાળવાં. સખા! તું આ બેમાંથી કયો રસ્તો પસંદ કરે

છે ? કેટલાએકો પહેલો રસ્તો પકડવાની ભલામણ કરી ગયા છે. પણ જરથોસ્તી ધર્મ, અને તેને માનનારાઓના ન્યાગાનો છેલ્લા રસ્તાની ભલામણ કરે છે. વિચાર કરશે તો તને જણાશે કે એ જ રસ્તો ખરો અને ફાયદેમંદ છે.

દુઃખો, આફતો, ને ઇજાઓ સદા, અહીં માનવી પર ગુજારે જફા.
અને તેમ તેનું નિવારણ કરો, ફરજ એ તમારી સદા દિલ ધરો.

હે સખા ! આપણી દરિદ્રાવસ્થાની ફરિયાદ કરતાં, અને નિંદાનો પોકાર કરતાં આપણે ડહાપણથી કામ લેતાં નથી. આપણુ મનુષ્યનો ખવાસ જ એવો છે, કે વિપત્તિના વખતે જેટલા જુસ્સાથી આપણે વિલાપ કરીએ છીએ, તેટલો જુસ્સો સારા વખતમાં મળતી ખુશાલીના પ્રસંગે આપણે બતાવી શકતાં નથી. દુઃખ પડતી વખતે સુખી દહાડા માટે એહસાન પોકારવાની આપણુને શુદ્ધિબુદ્ધિ રહેતી જ નથી. એક નજીવા દર્દ માટે આપણે મોટે મોટે રડી પડીએ છીએ, જ્યારે ઘણા સરસ સુખના વખતે મોટે મોટે હસી પડતાં નથી. હે સખા ! “એક દિવસ એવો આવશે કે જ્યારે હું આ ધરતી ઉપર હૈયાત હોઈશ નહીં.” એવા વિચાર માટે જ્યારે તું ફરિયાદ કરી ચિંતા કરે છે, ત્યારે એવો વખત હતો કે જ્યારે આ ધરતી ઉપર તું ગેરહાજર હતો, તેની પણ ફીકર કરી ફરિયાદ કાં નથી કરતો ? તેમ જ સૃષ્ટિ પેદા થઈ તે વેળાથી તું હૈયાત ન હતાં તેનો પણ બળાપો કાં નથી કરતો વારૂ ? ૧૦૦ વરસ પહેલાં તું નહોતો જન્મેલો તેનો બળાપો કરવો, અને ૧૦૦ વરસ પછી હૈયાત નહીં રહેવાનો તેનો બળાપો કરવો, એ બન્ને સરખું જ છે. તારી નજરે જ તું જૂએ છે, કે ગુલાબ પોતાની રૂતુમાં ખિલવાનું, ને પછી ગુલ થવાનું જ. ગુંચવાડા અને ગભરાટના વિચારમાં

માણુસને જાણે ગાડાંનું પૈડું માથામાં ચક્ર ફરતું હોય એવું લાગે છે, પરંતુ તે સમયે થોભી જવું એ જ સર્વથી ઉત્તમ છે.

કુદરતની બલિહારી ઓર છે.

કુદરત અજાએબ તારી, ખુદાયા કુદરત અજાયબ તારી;
અદ્‌ભુત શક્તિ કળે ન કોઈ, અકળ ગતિ તુજ ધારી—ખુદાયા.
નબી સરીખા દુઃખમાં નાંખ્યા, રાખ્યા સુખે અવિચારી;
ફુલ ગુલાબી રચ્યું કાંટામાં, એમ જ સમજુ સંસારી.—ખુદાયા.
દોલત, પ્રીતિ દુષ્ટને દીધી, કીધી નેકથી ન્યારી;
દોસ્તનો દુઃખમાં, દુષ્ટનો દ્રવ્યે, તું પરીક્ષક ભારી—ખુદાયા.
આશકમાશુક અળગાં રાખ્યાં, પ્રમાણુ પ્રેમ વિચારી;
સૂર્ય કમળ ક્યાં મેઘ મધુર ક્યાં, ક્યાં ચંદ્ર ચકોરની યારી.—ખુદાયા.
વિચિત્ર ખેલો તારા નિહાળી, ઈબ્રાહીમ બલિહારી.—ખુદાયા.

દિલાસા પત્ર ૧૬ મો.

" A soul exasperated in ills, falls out
With everything,–its friend itself. "

Addison.

" દુઃખોથી ઉશ્કેરાયેલો આત્મા બધાની માથે લડી પડે છે–તેનો મિત્ર તે જ થઈ રહે છે. " ઍડિસન.

પુતળાં ! તારો પુતળી સરખો ઠસ્સો કાં ઝંખવાઈ ગયો ? પુતળાં ! દુઃખેદુઃખે તું વ્યાકુળ કેમ બને છે ? તું નેક રાહે ચાલે છે તો દુઃખ તને શું કરનાર છે ?

એક અશો માણસ ઉપર આફતો આવીને શી અસર કરે છે, તે જો તારે જાણવું હોય, તો ઉંચે આકાશમાં જો. આકાશથી અલગ પડેલું પેલું વાદળું પોતાની ગતિમાં ચાલતું ચાલતું ફરતા ચંદ્રમા ઉપર થઇને, જો કેવું પસાર થાય છે! જેવું તે આવ્યું તેવું મને તો એમ જ લાગ્યું, કે આ નિસ્તેજ વાદળ તો જોતજોતાંમાં બરફની માફક પિગળી ગયું, અને ઉલટું ચંદ્રની આસપાસ એવી રીતે તો છવાઈ ગયું, કે ચંદ્રની પોતાની અસલ રોશની કરતાં પણ વધારે પ્રકાશ પડવા લાગ્યો, અને છેવટે તે વાદળ મટી ગયું, ને ચંદ્ર તો પાછો પોતાનું અસલ તેજ બતાવવા મંડી ગયો. એ જ હાલત આફતના વાદળમાં આવી પડેલા નેક આદમીની હોય છે. એક બૂરો આદમી જેમ દુઃખો ભોગવવાનો અધિકારી થાય છે, તેમ જ એક ભલો આદમી પણ પીડા તો ભોગવે. દુઃખના ભોગ ભોગવ્યા વગર તો બેઉનો છૂટકો નથી. જખ મારીને આફતનો ફટકો સહન કરવો તો બન્નેને જ પડે. પરંતુ એક છે તે અશાંતિ અને આકળવિકળ થઈ આફતના ફટકાનો ચણુચણાટ સહન કરશે, અને બીજો છે તે શાંતિ અને સબૂરી મારીને દુઃખો સહન કરશે.

તદબીરસે કીસમતકી બુરાઈ નહીં જાતી,
બીગડી હુઈ તકદીર બનાઈ નહીં જાતી.
જદિલ લેકે વોહ અબ જાન તલબ કરતે હયે મુજસે,
યે ઐસી ધરી હયે કે ઉઠાઈ નહીં જાતી.
મય પીતો સહી તોબાભી હો જાએગી ઝાહીદ,
કમબખ્ત કયામત આઈ નહીં જાતી.
લીલ્લાહ મેરે કત્લપે તકબીર તો પઢ લો,
ઇતનીભી ઝબાં તુમસે હીલાઈ નહીં જાતી.
અય દાગ કહા હાલે દિલ ઉસ દુસ્મને જાંસે,
નાદાન તેરે દિલકી સફાઈ નહીં જાતી.

હે પુતળાં ! યાદ રાખજે કે, દિલગીરી ઉપજાવનારા અકસ્માતો, અને પડતી પર પડતી આવે એવી હાલત, એ જ નેકીની નિશાળ છે. આપણાં ચેતનને ગંભીર પણ તે જ બનાવે છે. આપણને મધ્યમસર જીંદગી ગાળવાનું એ સ્થિતિમાં જ શીખવાડવામાં આવે છે. પાપનો ખુદાઈ ડર ત્યાં જ લાગે છે. તે જ માણસ વધારે કંગાલ ગણવો જોઇએ, કે જેના ઉપર દુઃખ આવી પડયું નહીં જ હોય. આબાદી અને ફત્તેહથી ખરાં સુખો વરસતાં નથી. ગથે જેવો દેહનો સુખી, માનથી ભરપૂર, શક્તિથી ભરાયેલો, અને આ દુનિયાની સર્વ ભલાઈઓની જેના ઉપર રેલછેલ થઈ રહેલી એવો નર હતો, છતાં તે કહેતો કે. "ખરેખર મોજ ને સુખ તો મેં પાંચ અઠવાડિયાં પણ ભોગવ્યું નથી !" એ જ પ્રમાણે સુખી ખલીફ **અબદુલ રહેમાન** જેને રિદ્ધિસિદ્ધિ સર્વ તરેહથી સુખ આપતી હતી, તે કહી ગયો છે કે, "ખરે ખરૂં સુખ તો તેણે માત્ર ૧૪ દહાડા જ ભોગવ્યું છે !" વાદળના ઘેરાવા વગરના સૂર્યનો પ્રકાશ, વગર ગમતું સુખ, અને દુઃખના અનુભવ વગરનું સુખ, એ કાંઈ ખરી માણસાઈ જીંદગી નથી.

ડામાડોળ વિચારનો દુઃખી માણસ પોતાને લાચાર અને ઉપાય વગરનો માની લે છે; અને આસપાસ ભય ફરી વળ્યો હોય એવી કલ્પના કરી લે છે; પરંતુ ઠરેલ વિચારનો દુઃખી માણસ તમામ મુશ્કેલીઓ અને ભયો વચ્ચે ઠરેલો જ રહે છે. પ્રજાના આગેવાનો કાંઈ હુશિયારીને માટે જ રાજા જેવા થઈ પડતા નથી, પણ સંકટસમયે ધૈર્ય અને હિમ્મત તેમનામાં હોવાથી જ અગ્રેસર થઈ પડે છે. કેમકે દુઃખના વખતે લોહીના ઘોટ ગળનારા તેઓ હોય છે. સબ્બર એટલે એળિયાનો સ્વાદ

પહેલા વર્ગના દુ:ખીઓને કડવો, ને બીજા વર્ગના દુ:ખીઓને મીઠો લાગે છે.

> સાતદ્વીપ નવ ખંડમેં ભોજન કીયો અપાર;
> સબુરીકા એક બુંદકો સ્વાદ તણો નહી પાર.

ભલી રે ! તું આનંદી રહે ! ભલે આનંદના રસ્તા ઉપર મુશ્કેલીના કાંટા નડે તો તેને ઓળંઘીને ચાલ. વિચારી જો, કે મુશીબતની વેળાએ મોં કુમળાવી નાસીપાસીમાં નંખાઈ ગયાથી, અને હાયવોય કર્યાથી તને જોઈતી મદદ અને રાહત મળે છે, કે તે ભયના વખતમાં આનંદમય રહેવાથી મળે છે ? આખી જીંદગી ઉદ્યોગ અને ખુશાલી વચ્ચે જ પસાર કરવાનું પણ લે, અને રસ્તામાં ખાડાખાબોચીયાં આવે તે એકદમ ઓળંઘી નહીં જવાય તો ધીરજ અને કુનેહથી ઓળંઘ. પડતીના એક જ ફટકાને શરણ થતી નહીં, પણ તેની સામે જબ્બર ટક્કર ઝીલજે. જેમ જેમ વિપત્તિઓને તું હસી કાઢશે તેમ તેમ તે શરમાઈ જશે અને તરેહવાર વેષ બદલીને તારી પાસે આવશે, પણ તેને તારી પરીક્ષાથી તું ઓળખી કાઢજે. તે વેષધારી છે, તે હર બહાને પોતાનો શરમીંદગીભરેલો ચહેરો છૂપાવી છૂપાવીને પણ તને ભેટવાને આવશે, પણ તારે કાંઈ તેને તાબે થવું નહીં. કુદરતે તને ખુશાલીનો ઝરો થવા સરજેલો છે; નહીં કે બળાપા, નાસીપાસી; અને દુ:ખના ડુંગર લેખે ઉભા રહેવા.

પુતળાં ! તું પુતળીને બચાવનાર જે સ્થિતિમાં ને જે સ્થાને રાખે તેમાં તું ખુશાલ વાસો કર.

> જૈસેહી રાખો તૈસેહી રહું !
> જાનત હો દુ:ખ સુખ સબ જન કો, મુખ કરિ કહા કહું !

કબહુક ભોજન દેતિ કૃપા કરિ, કબહુક ભુખ સહું,
કબહુક ચઢૌ તુરંગ મહાગજ, કબહુંક ભાર વહું !
કમલનયન ઘનશ્યામ મનોહર અનુચર ભયો રહું,
સુરદાસ પ્રભુભક્ત કૃપાનિધિ તુમ્હરે ચરણ ગ્રહું !

ભલે ! તું ઉંચા કુળની છે, થવાથી છતાં આજે પડતી કાંઈ નીચા કુળની થઈ પડી નથી. સંકટસમયે મૌન ધારણ કીધા શિવાય રડાપીટ, ને હાય હાય કરતાં કંઈ સંકટ ટળવાનું નથી. નાસુ ખાનદાનના કુંવરો દુઃખની વેળાએ સ્વકાબુ અને હિમ્મત રાખનારા ગણાઈ ગયા છે. “વીલિયમ મુંગો” કહેવાતો હતો, તે કાંઈ મુગો ન હતો, પણ બનતાં સુધી વગર જરૂરનો બકબકારો કરી સંકટને મોટું રૂપ આપનારો ન હતો. **વીલીયમ ધી સાયલંટ** અને **વૉશીંગ્ટન** એક જ સ્વભાવના મહાન પુરૂષો હતા. ઘણી મોટી આફત વખતે તેઓ ધૈર્ય રાખી મક્કમ વિચારે કામ લેનારા હતા. ત્યારે આવા ઉચ્ચ કુળના મહા પુરૂષોએ સંકટમાં લોહીનો ગોટ ગળ્યો છે, તો તેમનું જોઈ ત્યારે પણ તારા કુળની રીતિ અખત્યાર કરવી ઘટે છે. મોતમાં કે માંદગીમાં તારે તારૂં ખાનદાની પાણી બતાવવું જોઈએ.

જીનેકા અંદોહ, ન મરનેકા જરા ગમ,
યકસાં હએં ઉન્હેં જીંદગી, ઔર મઓતકા આલમ.
વાકિફ ન બરસસે ન મહીનેસે વોહ એકદમ,
ના શબકી મુસીબત ન કભી રોઝકા માતમ.
દિન રાત ઘડી પહેર મહા સાલમેં ખુશ ખુશ હએ.

પુતળાં ! પુતળાં ! “આ દુનિયામાં જે થોડા વખત રહેવું છે, તેને માટે બહાદુરી ને કીર્તિ મેળવવી હોય તો દુઃખને

ખરૂં સુખ સમજ. વળી સેતાનને જ દિલગીરી પસંદ છે, ને તેથી દુઃખી જીગરે ફરવું તે ખુદાના ફરમાનથી ઉલટું કહેવાય. જો દુઃખના કચરાથી ભરેલા જીગરને સંતોષનાં મીઠાં પાણીથી ધોઇએ, ને ભવિષ્ય ખુદા પર સોંપીએ તો આપણાથી આપણા નાજુક નિર્દોષ અંતઃકરણને દુઃખના બોજાથી કચડાતું બચાવ્યાનું પુણ્ય હાંસલ કરી શકાય. જેમ ઓટ પાછળ તરત ભરતી થાય છે, તેમ યાદ રાખવું કે દુખ પાછળ સુખ દોડતું આવી મળશે. ઘણાં દુઃખ પછી મળતું સુખ તેના ચાખનારને ઘણું મીઠું લાગે છે, તેથી તે વધુ સુખી થાય છે. જો આવડી પણ મોટી દુનિયાનો છેડો કોઈ વાર આવનાર છે, તો શું માનવીનાં દુઃખનો જ છેડો નહી આવશે ?"

ખુશાલીથી તંદુરસ્તી મળશે, નાખુશીથી દર્દ થશે. ડહાપણ તેને જ ગણ, કે જે ચાલુ આનંદમાં રાખતું હોય. હમેશાં જ બળાપો કર્યા કરવાથી ખરો બળાપો જાહેર કરવાનો હક્ક તું ગુમાવી દે છે. માત્ર રડાકુટો કરી બળાપો કર્યા કરવાની ટેવથી, બળાપો કરવાને ખાતર જ તું બળાપો ન કર! ફરિયાદ કરવાને ખાતર જ તું ફરિયાદ ન કર ! દહાડે માથું દુઃખવાની જેઓ ફરિયાદ કર્યા કરનારાં છે તેઓને જોઈને હુ અચરજ પામું છું, કે ફરિઆદનું જે મૂળ તેને તો તેઓ રાત્રે દારૂ પીને પુષ્ટિ આપતા રહે છે ? જેઓ વગર જરૂરે કાળજીમંદ વિચારોથી પોતાને કંટાળો આપતા નથી, તેઓ ફરેસ્તાઓથી ઉતરતી જીંદગી ગુજારે છે. જે સ્થિતિ પરમેશ્વરે આપી તે ઉપર જ સંતોષ પકડવાની ટેવ પાડતાં તું કાંઈ પણ ચીજની મોહતાજમંદ રહેશે નહીં.

" ખરો તે સુખી નિત્ય સંતોષ રાખે, પ્રભુ જે દીએ તે ધરી હામ ચાખે;
વધુ રાંક બેત્રહેરામને શી જરૂરી ? પ્રપંચી પીડાઓ મટાડે સબુરી."

વ્હાલી પુતળાં ! ઘણું ધન હોય પણ તે સાથે સંકટ હોય, તેના કરતાં થોડું ધન હોય પણ તે સાથે હાયવોયનો ભય ન હોય તે વધુ સારૂં છે. જે ઘર મીજબાનીથી ભરપૂર પણ કજીઆવાળું હોય તેના કરતાં જે ઘરમાં શાંતિ સહિત સુકો ટુકડો મળતો હોય તે ઘર સારૂં છે. દુઃખદાયી સમય આવી લાગ્યો હોય તો પણ આદમીએ ધીરજ છોડવી નહીં. કારણ કે માણસ ધીરજથી કદાચ દુઃખના પારને પામે છે. જેમ સમુદ્રમાં વહાણ ભાગી જાય છે, તો પણ ખલાસી સમુદ્રને તરી જવાની જ ઇચ્છા કરે છે, તેમ દરેક દુખીયારૂં કરે છે.

તારે અમર ખુશાલી રાખવી હોય તો શ્રી જરથુસ્ત્ર કહે છે તેમ તું મને કહે, કે **મહી મનોઇ અહુરહ્યા ઉર્વાઝેમા મઝદાઓ.** મારા મનમાં અહુરમજદની ખુશાલી છે.

અગર દુન્યા ન બાશદ, દર્દમનદીમ,
વગર બાશદ બ મેહરશ પાઈબનદીમ;
બલાઈ ઝે ઇન જેહાન આશુખ્તર નીસ્ત,
કે રન્જે ખાતર અસ્ત અર હસ્ત વ નીસ્ત.

જો દુનિયાની સારી સારી ચીજો આપણી પાસે નહીં હોય તો તેનું દુઃખ, અને હોય તો તેની મોહિનીથી પગ પર જંજીર બંધાય છે તેનું દુઃખ. આ દુનિયાની મજાઓ જેવી બીજી કોઈ બલા નથી, કારણ કે એ મજાઓ આપણને હોય કે નહીં હોય તો પણ એ બેઉ વાતનું આપણને દુઃખ હોય છે. પૈસા હોય કે ન હોય, શક્તિ હો યા ન હો, પણ પ્રાણી માત્ર અભિમાન છોડતો નથી. ટીટોડો આકાશ તૂટી પડવાના ભયથી પોતાના પગ આકાશ સામે ઉંચા કરીને સૂએ છે, કે આકાશ તૂટીને હેઠળ પડશે તો પગ ઉપર

ઝીલી લઈશ ! આ જગતમાં કીયા પુરૂષને પોતાના મનમાં ગર્વ હોતો નથી ? ગર્વ ઉત્પન્ન થવા માટેના પણ માર્ગો છે. ખંતને માર્ગે થઈ ઉદ્યોગની સડક ઉપરથી ધારેલા સ્થાને પહોંચનાર માણસ ખુશાલીથી ગર્વ કે મન રાખે ? ગરૂરી ને ગર્વ રાખનાર હોચે, હમ્બર્ટ, ચેગુપી, જે નામાંકિત સરદારો થયા. તેઓ પહેલાં તો ખાનગી સિપાઈની નોકરી કરનારા હતા. હોચેને માટે તો કહે છે કે, જ્યારે તે લડાઈમાં સિપાઈ બચ્ચો હતો ત્યારે તે વાસકુટો શિવીને લડાઇને લગતી ચોપડીઓ ખરીદતો હતો ! હમ્બર્ટ નાનપણમાં વ્યભિચારી હતો, અને ઘરમાંથી નાસી જઈ નૅન્સીના એક વેપારીને ત્યાં ટુંકા પગારે ચાકર રહ્યો હતો. પણ ખંતને માર્ગે રસ્તો કાઢી પોતાના ઉદ્યોગથી ધારેલે રસ્તે પડયા પછી પોતાની સ્થિતિની તેઓએ મગરૂબી લીધી અને તે વાજબી હતી. તેઓએ પોતાના જાતિભોગથી પોતાની આસપાસનાંઓને તાર્યાં, ને કુટુંબકબીલાને ઉગાર્યો. મનુ મહારાજ પણ કહી ગયા છે કે, બુદ્ધિશાળી મનુષ્યો આપત્તિઓ આવી પડે છે ત્યારે હમેશાં પોતાના મિત્રો અને સંબંધીઓ માટે પ્રયત્ન કરે છે, અને કુળદીપક નીવડે છે.

જબ ઇન્સાનકી કીસમત પર ગર્દીશકી ઘટા આ જાતી હય,
ચારેં જાનીબસે તારીકી આફતકી છા જાતી હય.
પાંવ તલેકા કીરાભી ઉસકા દુશમન હો જાતા હય,
રાહનુંમાભી મીલતા હય તો વ્હો રહજન હો જાતા હય.

માટે હે પુતળાં ! ઈનિસાન ઉપર જ આફત પડે છે. ઈનસાન ઉપર જ સુખના ઢગલા થાય, ને દુઃખના કાંટા પણ વેરાય. આવા સંજોગો આપણા જન્માંતરે વળગેલા રહે છે. માટે લાજમ છે પુતળાં ! તને, કે ત્હારા—

મનમાં સદાય તું ખુદાય ભજ ! અરે જીગર !
તનમાં રમાય તો સદાય થઈ ઠરે જીગર.—મનમાં.
મનની ઉમેદ શુભ ફળો માગું છ બસ ખુદા !
મનમાં સદાય સૌ સમાય રંજ હરે જીગર.—મનમાં.
મળશે સહુ ઉમેદ ગંજ "તાહમ્મુલ" કર સદા,
મનમાં ભજાય તો સહાય થઈ ઠરે જીગર.—મનમાં.

દિલાસા પત્ર ૧૭ મો.

" He is not lost! though we shall lose his smile,
His ringing laugh, his merry harmless jest;
No more his fiuent lips our cares beguile,
His sparkling wit amuse our hours of rest."

" એ કાંઈ ખોવાયો નથી ! જો કે આપણે તેનું સ્મિત, ખડખડાટ હસવું, તેની નિર્દોષ મશ્કરી ગુમાવ્યાં છેઃ એના વાક્-શૂરા હોઠો આપણી ચિંતાઓને હવે વધારે ઉડાવી નહિ શકે; એની ચમકાટભરી હાજરજવાબી આપણા શાંન્તિના વખતમાં વધારે વખત આપણને આનંદ આપી નહિ શકે. "

બાબા ! મને તારી રડતી સુરત પસંદ નથી. બાબા ! તારૂં ઉદાસીન મુખ મને જોવા ગમતું નથી. તારી પેઠે નિરાશ અને ઉદાસ થએલા માણસને એમ જ હેબત લાગે છે કે કીયો માર્ગ લઉં ? તું કહે છે કે જે રસ્તે જાઉં છું તે રસ્તે બેહદ ઉત્પાત અને બેહદ નાઉમેદી જણાય છે, તેથી હું દોજખમાં જ જાઉં, કેમકે હું પોતે જ દોજખ જેવો થઈ પડયો છું. પણ બાબા !

ઉદાસીન રહેવા કરતાં ઉધમી થા, કે જેથી તું સુખી થઈશ. જે રોટી આખા દહાડાની મજુરી કરી પેદા કરેલી હોય છે, તેમાં મીઠાશ વધારે હોય છે. મહેનતથી જ દુનિયા ખેડાઈ છે, ને જંગલી અવસ્થામાંથી માણુસાઈમાં મેહેનતથી જ આપણે આવ્યા છીએ. મહેનત કાંઈ ફરજ અને ગરજ માટે જ નથી કરવાની, પણ બીજાઓના આર્શિવાદ મેળવવા હોય તો તું કાંઈ મહેનત કર. મહેનત કરવાનાં છેવટનાં ફળો તંદુરસ્તી, સંતોષ અને મોજ છે. **હ્યુજ મીલર** જેવા ડાહ્યા કહે તે માનવું. કામથી માણુસ જે મોજ મેળવે છે, તે શારીરિક તથા માનસિક મોજ હોય છે. મહેનત અને કામ એના જેવું ઉત્તમ દિલાસો દેનારૂં બીજું કાંઈ નથી. તેના જેવા ઉત્તમ શિક્ષાગુરૂ કોણ છે? **સેવેરી** જેવા લશ્કરી ઈજનેરને પૂછો, કારમાઉથના લુહાર **ન્યુકોમનને** પૂછો, કાચ જડનાર કાઉલીને પૂછો; એન્જીન બૉય **પૉટરને** પૂછો, સીવીલ એન્જીનીયર **સ્મટનને** પૂછો, અથવા **જેમ્સ વૉટને** પૂછો, કે કામ, કામ, ને બસ કામથી જ શું તમે તમારાં દુઃખ ઓછાં કરી શકયા છો? મહેનત ને મશાગતથી જ તમે દુનિયામાં ફતેહમંદ ઉતર્યા છો? ખરે. એ બધાઓ આ પ્રમાણે હકારમાં જ જવાબ આપે છે. વાવશે તેવું વીણુશે. માટે બાયલો બની આ કતઅ ના ગાતો કે,

મુઝે દુનિયાય દૂંકી બેવફાઈ માર ડાલેગી,
નસીબે ના રસાકી ના રસાઈ માર ડાલેગી.
કોઈ દિલસોજ નિકલેગા, ન કોઈ કામ આયેગા,
ખુદા રૂઠા હૂવા તો સારી ખુદાઈ માર ડાલેગી.

એ તારૂં ગાવું તો બાયલાપણાનું છે. Woe unto him that is faint hearted.

નબળા હૈડાના આદમી ઉપર અફસોસ છે. હિમ્મતવાનને દૃઢ અંતઃકરણના જેવું ઉત્તમ બીજું કાંઈ નથી. અગર જો એક હિમ્મતવાન આદમીના પ્રયત્નો નિષ્ફળ જાય, તો પણ તેણે તો પોતાનાથી બનતું કર્યું એવો તેને સંતોષ રહે છે. સબુરીથી દુઃખ ખમનારા આદમીને ટક્કર ઝીલતો જોવાનું સુખ ઑર હોય છે. પગે લોહી ઝરતાં હોય, ને હાથ પગ ઢીલા થઈ ગયા હોય, છતાં જે પોતાની હિમ્મત ઉપર ચાલે છે, તેના જેવો બહાદુર અને સુખી બીજો કોઈ નથી. માત્ર ઈચ્છાઓ ને જિજ્ઞાસાઓ રાખ્યાથી આજના જમાનાના તારા જેવા જુવાનો કાયલી થઈ પડયા છે. એના કરતાં તેઓએ કામ કરી પોતાનાં કૃત્યથી ઉજમાળા રહેવું જરૂરનું છે. કાર્યસિદ્ધિ નહીં થાય તોએ વેલીંગ્ટનના જેવી હિમ્મતથી આગળ ધપવું જોઈએ. બાબા ! તારો હેતુ સારો જોઈએ. પણ તે પાર પાડવાને હાડમારી, મહેનત અને આપદા પડે તે તારે લઈ ચલાવવી જોઇએ. મનની કે તનની મહેનત કર્યા વગર આ જીંદગી રદ છે. દૃઢ નિશ્ચય અને ઉમદા ખ્યાલથી માણસ કાર્યસિદ્ધિ જરૂર કરી શકે છે. પ્રભુ જ્યારે આપવા માગે છે ત્યારે તમાચો મારીને આપે છે, છતાં

અહલે દુનિયા કાફેરાંને મુતલકંદ, રોજો શબ દર બકબકો દર ચક ચકંદ.

જેઓ દુનિયદારીમાં પૂરેપૂરા જ ખુંટેલા છે તેઓ કાફર છે, કેમ કે તેઓ રાત ને દહાડો બકબક તથા ટકટક કર્યા કરવામાં ચકચૂર છે. જે માણસ થોડાથી સંતોષ પાસતો નથી તે કોઈ પણ ચીજથી ધરાતો નથી. અને જેનામાં સંતોષ જ ન હોય તેને ખરૂં સુખ હાંસલ કરવા માટે સૌથી પહેલાં સંતોષની મોટી જરૂર છે. અસંતોષી આદમી હમેશાં પોતાનો જ વિચાર કર્યા કરે છે, પણ સંતોષી આદમી સમજે છે કે દુનિયામાં તે કાંઈ એકલો નથી.

એને એવી રીતની સમજથી તે ખરૂં સુખ મેળવવાને શક્તિવાન નીવડે તો તેમાં નવાઈ શી ? સંતોષી તો જાણે જ છે કે,

બખ્ત કે બર ગરદદ અસ્પે તાકી ખર ગરદદ.

નશીબ બદલાય ત્યારે આરબ ઘોડો હોય તે પણ ગધેડો થઈ જાય. હિમ્મતે મરદા ને મદદે ખુદા. બાબા ! તું હિમ્મત પકડ.

" The heroic example of other days is in great part the source of the courage of each generation; and men walk up composedly to the most perilous enterprises, beckoned onwards by the shades of the brave that were. "

" જૂના વખતનાં બહાદૂરીનાં દૃષ્ટાંતો ઘણું ખરૂં દરેક જમાનાની હિમ્મતનું મૂળ છે. અને ભૂતકાળમાં જે શૂરવીરો થઈ ગયા તેમની છાયા ઉપર નજર રાખીને માણસો પૂરી શાન્તિથી અત્યંત જોખમકારક સાહસિક કાર્યોને કરવા પ્રેરાય છે. "

બાબા ! આપણી ઉપર આફત આવી પડે ત્યારે આપણે જ જો ભાજીનું પાણી થઈ જઈએ તો કોઈ મદદ કરતું હોય તે પણ અટકી જાય છે. પણ જો વિપત્તિના વખતમાં દુઃખ રડ્યાં કરવાને બદલે ઉલટા આપણે ધૈર્ય ને હિમ્મત બતાવીએ, તો જેઓ મદદ કરવાને અચકાતા હોય તેઓ પણ મદદે દોડી આવે છે. માટે મુશ્કેલીના વખતમાં તો તાણીતોડીને પણ બહાર તેમ જ અંદર હિમ્મત ધરવી. એક વાર સીઝર શહેનશાહના વહાણને દરિયાની મુસાફરીમાં જબરૂં તોફાન નડ્યું. બાપડો કેપ્ટન ગાફેલ ને નાહિમ્મત બની ગયો, કે શહેનશાહ ડુબી જશે તો શું થશે ! " હે નાખુદા ! તું શા માટે બીહે છે ? તારૂં વહાણ સીઝરને લઈ જાય છે, તે તું યાદ રાખ ! " આ હિમ્મતભર્યા સખુનથી કેપ્ટનને હિમ્મત

આવી, ને તોફાનમાંથી તે જ હિમ્મતને લીધે વહાણને હંકારી લઈ જઈ શક્યો. એવી રીતે હિમ્મત એ ઉડતા રોગ જેવી છે. જરા તમે એ રોગ ફેલાવો તો આખા ટોળામાં હિમ્મત આવી જશે.

જંજાળો, હાજતો, ફરજો, અને ચાલુ મુશ્કેલીઓથી ઉત્તમમાં ઉત્તમ અનુભવ આપણે ચાલુ ને ચાલુ મેળવતા રહીએ છીએ. જેઓ ખરા ખંતીલા કરવૈયા છે, તેઓ કડવા અનુભવ લઈ, મીઠા રસ ચાખે છે. નશીબ ઉપર વારંવાર આંધળું હોવાનું આળ મૂકવામાં આવે છે, પરંતુ માનવીના જેટલું આંધળું નશીબ નથી. જેઓ ચાલુ જીંદગીનો અનુભવ લે છે, તેઓને ખબર છે. કે જેમ સારા વહાણવટીને યોગ્ય તે દિશાનો જ પવન મળે છે, તેમ ઉદ્યોગીની તરફ જ નશીબદેવીનો પવન ફુંકે છે, તેમાં માત્ર સામાન્ય બુદ્ધિ, ખંત, કાળજી, અને ઉદ્યોગથી દુઃખનો વખત વિસરાય છે, ને ફળ મીઠાં મળે છે.

ઉદ્યોગીઓ વખતને પણ ફેરવી શક્યા છે. ડીઝરાયલીનું કહેવું એ જ હતું, કે જે બાબત હાથ ધરવી તેને પાર ઉતારવામાં ગમે એવી મુશ્કેલી, આફત, દુઃખ, ગમે તેટલાં આવે તો પણ તે બાબતમાં મંડયા મચ્યા રહેવાથી એ સર્વ બલાઓ દૂર થઈ ફત્તેહ જ મળે છે, અને તેના મૂળમાં ઉદ્યોગ શિવાય બીજું કશું હોતું નથી. દુનિયામાં નામદારી કાઢનારો બહુધા પ્રત્યેક મહાન વીરલો કેવળ પોતાની બાહોશી, હુશિયારી, વિદ્યા, કે જ્ઞાનથી જ દીપ્યો નથી, પણ તે બધાઓ મોટે ભાગે ચાલુ કોશિષ, ચાલુ ખંત, ચાલુ કામ, અને ચાલુ ઉદ્યોગથી ફાવી ગયા છે.

બાબા ! જીંદગીને જો દુઃખીયારી જોવાની ટેવ પાડશો, તો પછી ગમે એવી સુંદર મજાહ પણ અકારી થઈ પડશે. બેન્જામીન કોન્સટંટ અચ્છો લેખક હતો. તે ઘણું ઘણું સરસ

લખતો હતો, પણ દુનિયા જ્યારથી તેને કાળી ચિત્રાયેલી જણાઈ ત્યારથી તેને બધું ફીક્કું ફચ લાગવા માંડયું. તે અનીતિ અને જુગાર ઉપર ઉતરી પડયો, ને માન શું છે? હોદ્દો શી ચીજ છે? એમ કહી પોતે બોલતો, કે લાંબો વખત જીવી હું શું કરીશ? મને તો જીંદગીમાં કંઈ માલ લાગતો જ નથી. હું તો કંગાલ માણુસનું એક રૂદન છું. પોતે પોતાને ધુળ અને રાખ સમાન ગણતો. તે કહેતો કે, હું તો આ જગતમાં એક ઓળા લેખે પોતાને સમજું છું, અને કંગાલિયત તથા મુશીબત મારી આસપાસ ભમતી જોઉં છું. તે વૉલ્ટેરના જેવો ઉદ્યમ માગતો હતો, પણ દુનિયાને દુ:ખી માની બેઠો હતો. એમ કરતાં ગમે એવો ચાલાક હોવા છતાં, તે બેકાર બેસી રહી મુંઝાયાં કરતો, ને મુંઝવણમાં જ દુનિયા દુ:ખી કહી મરણ પામ્યો! તો જો કે તેને ખરેખર કાંઈ દુ:ખ નહોતું.

દુ:ખનાં ચશ્માં વિના સુખ આંધળું છે, બાબા! જો તું ભૂંડું જાણતો જ ન હોય તો ભલાની શોધ કેમ કરશે? તેં અંધારૂં દીઠું જ ન હોય તો પછી તું અજવાળાનો પ્રકાશ કેમ પારખશે? સુખનો પ્રકાશ ને અનુભવ, દુ:ખનો અંધકાર ને અનુભવ લીધા વગર તને કેમ મળશે? ગમે એવી જંજાળો અને આપદામાં તું પડયો હોય તો પણ તારા મોટા મનને નિરાશ થવા ના દેતો! ચિંતાઓના દબાણમાં તું આવ્યો હોય કે દુશ્મનોના મારામાં તું દબાયો હોય તો પણ દેવતાઓ તને વખતસરની મદદ આપશે જ એવી તું આશા રાખજે; જરા દમ મારજે; ગમે તેવી નાઉમેદી તુને લાગે તો પણ મજબુત મન રાખી તેના ઉપર ફત્તેહ મેળવવાની તું કોશિશ કરજે. નાચાર થઈ જઇને આપઘાત વિષે વિચાર ના કરતો, પણ આ નારાચ છંદ ગાજે કે.

કદાપિ દુઃખસાગરે, હઠી જઈ ન હારતો,
સદા વિલાસ ભોગવું, ન એમ તું વિચારતો;
ઉજેશમાં રમી કરી, રૂએ જ અલ્પ રાતથી,
નિરાશી સુખ શોધશે, વિનાશી આપઘાતથી.

નશીબ પોતાનો હાથ પડદા ઉપર નાંખીને પ્રકાશ પાથરવાની તૈયારીમાં હોય, ત્યારે તું નિરાશ ના રહેતો. પરવરદિગારે નશીબને માણુસની નજરમાંથી છૂપું રાખ્યું છે, અને ભવિષ્યમાં આવી પડનારી આફત પણ છૂપાવી છે. તેણે નશીબનાં બીઆં અંધારી રાતે વાવેલાં છે, માટે તેની શોધમાં તું ઉતાવળો થાય છે, તેમ તેની ફીકર રાખવામાં ઘણો મોડો થાય છે. જો કે દરેક ચીજ નશીબ ઉપર અવલંબી ચાલે છે, તો પણ નશીબ કાંઈ દરેક ચીજનું નશીબ ઘડી શકતું નથી.

નશીબા મીસાલે દગલબાજ આબ; તરાવે, ડુબાવે, બેપરવા સેતાબ.
સેતમગાર, જાહેલ, ખુની એ ખરાબ; કદિ જીંદગી તક દીયે કહીં જવાબ.

છે દેખાવે સંગીન,પણ ટકવામાં ખાબ; અસરમાં મીસાલે બેમુરવત શરાબ.
નશીબા વલણ પર ન રાખો હિસાબ; બેકાનુન, બેપરવા એ છે બેસવાબ.

પલકમાં તે બરકત દીયે જાબજા; પલક બીજી હરકત ને મહાતમ કજા.
પલક એક કુદરતની નેઆંમત મજાહ; બીજી પલ ન રોટીની રજની રજા.

તું આજે છે આબાદ બંદેનવાજ; પરાગ દે કાલે થશે લા ઇલાજ.
ધરાવે તું આજે જરીન તખ્તો તાજ; થશે કમતરીન હાલ કાલે હરાજ.

હવાને કબજ કેમ કરશે તું યાર ! નથી તેમ નસીબાબી તુજ અખતિયાર.
નસીબા બિગાનો જો આપે કરાર; દિવાનો રખે થાતો તું ઓસ્તવાર.

મીસાલે એક ઓરત, બુરી બેવફા; પલકમાં ખુશી ને પલકમાં ખફા.
પલકમાં તે ગમ છાયો કરશે સફા; પલકમાં બતાવે જુલમ ને જફા.

પલકમાં તે મરતામાં મેળવશે દમ; પલકમાં તે જીવતા જીવ કરશે ખતમ.
નસીબાને તાબે ન રહે વાંચનાર! બને તો તે સર પર તું થાજે સવાર
કે જે વખતે થાયે તે નીમખહરામ; ને હસતે મુખે ચાહે છેલ્લી સલામ.
તે વકતે તું બોલી શકે; "જા ગુલામ! તું જાવે ન મ્હારૂં જશે નેક નામ."

એક પાદશાહ લડાઈમાં હારી ગયો, અને દુશ્મનના એક સિપાઇએ તેને પકડયો. પણ તે કોણ છે, તે ન ઓળખવાથી પોતાનો સામાન તેની પાસેથી ઉપડાવ્યો. જ્યારે મંજલસર કે પહોંચ્યા ત્યારે તેણે પાદશાહને થોડા ચોખા આપ્યા અને કહ્યું "આ રાંધીને ખા." પાદશાહ ઘણો ભૂખ્યો હતો તેથી તેણે તે ચોખાને એક માટીના નાના વાસણમાં નાંખ્યા, અને તે વાસણ ને ચુલા પર ચઢાવ્યું; પછી પોતે થોડે દૂર જઈ બેઠો. એવામાં એક કુતરો આવ્યો, તે વાસણને લઈ ગયો. પાદશાહ હસવા લાગ્યો, જેથી પેલો સિપાઈ ઘણો ગુસ્સે થયો, અને કહ્યું કે, "અરે મૂર્ખ! કુતરો તારૂં વાસણ લઈ ગયો અને તું હસ્યાં કરે છે તેનું શું કારણ છે?" પાદશાહે કાંઈ જવાબ આપ્યો નહીં, જેથી તેણે તેને થોડાક ચાબુક માર્યા; ત્યારે તેણે જવાબ આપ્યો કે, "એક એવો પણ વખત હતો કે જ્યારે હું શિકારે જતો હતો ત્યારે સો નોકરો મારા રસોડાનો સામાન લઈ ચાલતા હતા, અને આજ હું એવી હાલતમાં છું, કે રાંધવા મૂકેલા ચોખા પણ કુતરો લઈ જાય છે, અને મારી પાસે રહેવા દેતો નથી!" આ સાંભળી તે સિપાઈએ માફી માગી અને પાદશાહને છોડી મૂકયો.

સાર એ જ, કે દુનિયાના વિચિત્ર સંયોગો, અથવા વખતનું ચક્ર, માણસને એવી સ્થિતિમાં લાવી નાંખે છે, કે જે

તેણે સ્વપ્નામાં પણ કોઈ દિવસ અનુભવેલીના હોય. તો પણ ધીર પુરૂષો ગમે તેટલું સંકટ આવી પડયા છતાં દિલગીર થતા નથી, અને પોક મૂકી રડતા નથી.

તુઝે મન કએસે ધરૂં મએં ધીર, નએનન ભર ભર આવે નીર;
દુખકી બતીયાં કીસે સુનાઉં, પલ પલ ઘટે શરીર.
ઘર દર છોડકે બેઠી હું પર ઘર, બેજર હું દિલગીર;
હાએ નુસરત કરેગા ફજીયત, કઓન હરે મેરી પીર.
નએનન ભર ભર આવે નીર; તુઝે.

દિલાસા પત્ર ૧૮ મો.

" Ye goood distressed !
Ye noble few, who here unbending stand
Beneath life's pressure, yet bear up awhile,
And what your bounded view, which only saw
A little part, deem'd evil, is no more;
The storms of wintry time will quickly pass,
And one unbounded spring encircle all. "

Thomson.

" હે વિપત્તિમાં પડેલા ભલા જનો! હે થોડા તમે ખાનદાનો! આ દુનિયામાં જીંદગીના ભાર નીચે દબાયા છતાં સીધા ઉભા રહો છો તે હજી જરા થોડા વધુ સમય સુધી તમારા એ ભારને ખમી રહો અને તમારી મર્યાદિત દૃષ્ટિમર્યાદામાં ખરાબ ગણાયેલો એવો જે એક ભાગ જણાતો હતો તે ભાગ હવે

બિલકુલ જતો રહેલો તમે જોશો. શિયાળાના સમયનાં તોફાનો જલદીથી ખલાસ થઈ જશે અને એક અમર્યાદિત વસંતકાળ બધાની આસપાસ ફરી વળશે.” થોમસન.

બાબુજી ! તું જરા સંતોષ પકડ. હાય હાય કરવાથી શું વળે ? દરિદ્રતા પોતાનો જબુન ડંખ આપણા અસંતોષમાંથી મેળવે છે. કોઈનો મહેલ જોઈને આપણી ઝુંપડી નહી તોડી પાડવી. **અદેખાઈ હમેશ દુઃખ દે છે.** માણુસના મનને અદેખાઈ જેટલું દુઃખ દે છે તેટલું દુઃખ બીજી કોઈ વસ્તુ દઈ શકતી નથી. અદેખાઈથી માણુસનું મન હમેશ ઉદાસીમાં અને ફીકરમાં રહે છે. અદેખાઇથી તે પોતાનું સુખ વીસરી જઈ પડોસીના સુખ વિષે બળાપો કરે છે. વાસ્તે રે બાબુજી ! તમે અદેખાઈ કરતા ના.

ખાલી હાથે આવ્યો ! ખાલી લે જશે;
નેકી કર ! કે તે ત્યાં પણ સાથે થશે.

આ ખાકી જગતનાં સંકટો ખમવાં, એ માણુસ માત્ર માટે ભલું કામ છે, કેમકે તે પીડાકારી માણુસને તેના પવિત્ર અંતઃકરણ તરફ પાછો ખેંચે છે, કે જે અંતઃકરણની આગળ જ તેને માલમ પડે છે, કે તે પોતાના અસલ વતનથી વિખૂટો પડેલો છે. સબબ આ ખાકી મોજમજાહ ઉપર તેણે બિલકુલ ભરોંસો રાખવો જોઇતો નથી.

ઓ બાબુજી ! ધ્યાન રાખ, કે માનવીઓ ઉપર લોભ પોતાનો નઠારો અમલ ચલાવે છે, અને તેના તાબા તળે આવેલું આદમી હલકું અને નીચ હોવું જોઇએ. પૈસો જ ઇનસાનનું સુખ છે એમ જે માનતો નથી, તે ધણી પૈસો મેળવવા ખાતર

પોતાની જીંદગીનું બીજું સુખ ખોઈ દેતો નથી. આ પૃથ્વીમાં ખરાબમાં ખરાબ ઈનસાનને મોટામાં મોટો સોનાનો હિસ્સો મળ્યો છે એ પણ તું જાણે છે, તેમ વળી તું એમ પણ જાણે છે કે તેની જીંદગીના છેવટના ભાગમાં મોટામાં મોટી આફત પણ આવી છે.

વિઘ્ન કસોટી હાથ લૈ, જગકર્ત્તા કસ જોય;
જે તેમાં સાબૂત રહે—તે સુખવાસી હોય.

એટલું જ નહીં, પણ જ્યારે તારી પોતાની નેમ સ્વચ્છ છે, અને જ્યારે તારાં કામો વગર ડાઘનાં છે, ત્યારે તો તારી સામે મતફેરીઓ ઉભી થાય, તારા ઉપર ઠપકાઓનો વરસાદ વરસાવવામાં આવે, તારે માટે બીજાઓ ખોટો વિચાર બાંધે, અને તારે માટે ખરાબ બોલાય ! ત્યારે પણ તારૂં ઘણું જ ભલું થવાનું એમ ખચિત જ તું માનજે. આમ થવાથી તું ઘણો જ લીનતા અને દીનતાવાળો બનશે. કોઈ પણ વાત ઉપર માયા લગાડીશ નહીં, તેમ મુઠીમાં ભરમ રાખી મોઢું અને કાન તપાસતો રહેશે, તો તને દુઃખ નડવાનું નથી.

"કબુ કીસીસે દિલ ના દીજીએ, દિલ દેના તો સોચ સમજકે.
થોડેસે દિલમે બુરાઈ ન લીજીએ—કબુ.
અપની ના કહીએ, ઓરકી ના સુનીએ.
સુનીએ તો દિલકી દિલમાં રખીએ.—કબુ."

તારૂં ભૂંડું બોલાવું, એ તો તારા મિથ્યા અભિમાનને તોડવાનો અકસીર ઈલાજ થઈ પડશે. અને ત્યારે જ તારાં કૃત્યોનો જે સાક્ષી પરમેશ્વર, જે તારા હૈયામાં બેઠેલો છે, તેને નિહાળવાનો તારો માર્ગ ખુલ્લો થશે. તે સ્થિતિમાં બહારના

દેખાવમાં તું મનુષ્યોથી ધિક્કારાયેલો જણાશે, અને માણુસોમાં તારે માટે મહેરબાની કે મહત્વ બતાવવામાં આવશે નહીં. પરવરદિગાર તરફ તારો આધાર અને વિશ્વાસ એટલો તો સંપૂર્ણ અને ચોક્કસ થવો જોઈએ, કે કોઇ પણ પ્રકારની મુશીબત વેળાએ, આદમજાતના દિલાસાની કાંઈ પણ જરૂર તને જણાય જ નહીં. દગાખોર દુનિયા ઉપર તારી વાંચ્છના, હે બાબુજી! બિલકુલ લગાડતો નહીં.

જગત્ સંસારમેં સારી ઠગાઈ, જીવન નાહીં એહ ખાલી બડાઈ. જગત.
ગુરૂનાથકે ધ્યાનમે જગ છોડા, જોગ લીયા ભોગસે મુખ મોડા. જગત.
ભવસાગર બીચ તીરના કઠન રે, ડુબ મુવે લાખો વાકે માજનમેં. જગત.
મારગ નાહીં ભાઈ! સીધો યહાંકો, પહોંચે કહાં રાહી નીકલો કહાંકો. જગત.
કહાંકે બેટે કહાંકે રે બંધું ભાઇ! નાહીંકો હમરો સીવા એક સાંઈ. જગત.
આરામ છોડા, છોડા ચયેન રે, ભજે રામનામ દીનબી રયેન રે. જગત.

દુનિયાના દોરથી ઇરાનમાં ભાઈ ભાઈઓ ને બાપદીકરાઓએ અદેખાઈનું શું પરિણામ આણ્યું તે સમજ. કેઆંની ટોળાના નામદાર પાદશાહ ફરેદૂને જ્યારે પોતાની બહોળી શહાનશાહતમાંનાં જૂદાં જૂદાં રાજ્યો પોતાનાં ત્રણ દીકરાઓને વહેંચી આપ્યાં, ત્યારે ઈરાનના મુધકનું રાજ્ય પોતાના નાના અને ભલા દીકરા એહચને હવાલે કર્યું; જેથી સેલમ અને તુર એ બે ભાઈઓને મોટી અદેખાઈ ઉપજી અને તેના વેરમાં તેઓએ પોતાના નાના ભાઈને દગાથી મારી નાંખ્યો. એથી કેટલાક જમાનાઓ સુધી ઈરાન અને તુરાન વચ્ચે દુશ્મની ચાલુ થઈ. માટે ભાઈ ભાઈ કોઈ આપણું થયું નથી ને થવાનું નથી.

કોઈ નહીં અપના, સમજ મન રે, સમજ બાબુજી ! કોઈ૦
દુનીઆ, દઉલત, માલ ખજાના, સુખ સંપત સપના રે—
સમજ મન રે! સમજ બાબુજી ! કોઈ નહીં૦

ઈરાન દેશ મૂકીને તું હિન્દુસ્તાનના બનાવો ઉપર નજર કર. હિન્દુઓના મહાન દેવતા **રામ** રાજાને તેના બાપ **દશરથની** ગાદીએ બેસાડવાનું જ્યારે નક્કી થયું, ત્યારે **રામની** અપર માતા **કૈકયી** અદેખાઈથી ઉશ્કેરાઈ સામી થઈ, જેથી **રામ** વનવાસી થયા, અને દશરથ બિચારો આવા સપુતના વિયોગથી ગમને આધીન થઈ સ્વર્ગને માર્ગે ગયો અને અદેખી કૈકયીએ કાંઈ પણ મેળવ્યું નહીં. વેર અને અદેખાઈથી **દુર્યાધને** પાંચ પાંડવો ઉપર જિત મેળવી ધર્મી દિલની દ્રૌપદીને અનેક રીતે સતાવી; તેને ભર દરબાર વચ્ચે વસ્ત્ર વિનાની કરવાને હિમ્મત કરી, પણ અંતે સત્યનો જય થયો. એ પ્રમાણે સતી દ્રૌપદીને સતાવનારાઓ શરમીંદા થયા. એ મુજબ દેશોદેશની તવારીખ ઉપરથી જણાય છે, કે અદેખાઈનું પરિણામ મહા બૂરૂં છે; અને દેશે દેશ તે દુઃખકર પણ નીવડયું છે. અદેખાઈનું ઝેર પાનારા પણ નથી રહ્યા, ને તે ઝેર પીનારા પણ નથી રહ્યા. બાબુજી !

થીર ઠરીને કોઈ આ ઠામ રે નથી રહેવાનું,
કરી લો કાંઈ રૂડું કામ, રહેશે કહેવાનું.—થીર ઠરી.
સારા સારા વીર ગયા ને ભૂપ ગયા તજી મોજ રે,
જોરાવર જયકારી જગતમાં ફરતી તેની ફોજ રે.—નથી.
જેણે બહુ જર જોડી જગતમાં કર્યાં શુભ ઉપકાર રે,
કંઈ દુખીયાનાં દુઃખ કાપિયાં તે સંભારે સંસાર રે.—નથી.
કંઈ ગુણવંતા ગયા રાજવંશી સરસ ગયા સરદાર રે,
રાજા રાણા કોઈ રહ્યા નહીં કહ્યા અમલ કરનાર રે.—નથી.

શું બોલ્યા બાબુજી ! યાદ રાખો, ઉદ્યમથી પૈસા મળે છે, ને પૈસાથી જગમાં જશનો ડંકો વાગે છે. પરસેવાનો પૈસો આળસાઈના મનોવિકાર કરતાં શ્રેષ્ઠ છે. " કુલિન વિધવા જેમ ભગવાનની ઉપાસના કરતી નથી પણ બીજા સેંકડો ફાંલતુ મનોરથોથી પોતાના મનને અત્યંત દુઃખી કરે છે. તેમ જ ધન વિનાના માણસો પણ ઉદ્યમો કરતા નથી, પણ સેંકડો ફાલતુ મનોરથોથી મનને મહા દુઃખી કરે છે. દરિદ્રતા દેહધારી પ્રાણીઓને મહા દુઃખદાયી તથા મહા અપમાન આપનારી છે, જે દરિદ્રતાને લીધે પોતાના સંબંધીઓ પણ, તે દરિદ્રીઓ જીવતાં છતાં પણ તેમને મરી ગયેલાં માને છે. દરિદ્રતાથી દુઃખી થયેલો માણસ હમેશાં દીનતાનું ને પરાજયનું પરમ સ્થાન થઈ પડે છે, અને નિત્ય તેને વિપત્તિઓ નડે છે. જેની પાસે પૈસા હોતા નથી તેના સંબંધીઓ તેનાથી શરમાય છે, તેની સાથે સંબંધ છૂપાવે છે, અને તેના મિત્રો પણ મિત્ર મટી જાય છે. દેહધારીઓનું જે નિર્ધનપણું છે, તે મૂર્તિમાન હલકાઈ જ છે, સંકટોનું એક ઘર છે, અને મરણનું બીજું રૂપ છે. લોકો નિર્ધનથી ડરીને બકરીના પગની ધુળની પેઠે, સાવરણીની ધૂળની પેઠં, દીવાની છાયાની પેઠે, અને ખાટલાની છાયાની પેઠે નિર્ધન મનુષ્યોનો ત્યાગ કરે છે. હાથપગ ધોતાં બાકી વધેલી માટીથી પણ કોઈ વાર કંઈક કામ સરે છે, પરંતુ નિર્ધન મનુષ્યથી તો કોઈ દહાડો કઈ પણ કામ સરતું નથી. નિર્ધન મનુષ્ય ધનવાનાને ઘેર કાંઈ વસ્તુ ભેટ આપવાની ઈચ્છાથી આવ્યો હોય તો પણ તેઓ માને છે કે, વળી આ કાંઈક માંગવા આવ્યો હશે. મનુષ્યોના દરિદ્રપણાને ખરેખર ધિક્કાર હજો ! " કેમકે આળસાઈથી દરિદ્રતા આવે છે, ને ભૂંડાં કર્મો તેને લઈને જ થાય છે; માટે એવી દરિદ્રાવસ્થામાં જીવવા કરતાં મરવું સારૂં. આમ છતાં તું જન્મથી જ દરિદ્ર પેદા થયો હોય,

ત્યારે તો તારે ખુદા ઉપર બેસવું, ને તારે જરૂર તેના નામ ઉપર કાંઈ જનસેવા સાથનો ઉદ્યોગ કરવો. પછી

દાતા દાન દેનેવાલા રે મઉલા દેનેવાલા—
સોચ ફીકર તું મત કર બંદા૦—દાતા૦
ભૂખેકું ભોજન દે વારી, નંગેકા તન ઘાંયા—
દેના હોય સો દે દે બાબા—ખુશ રહો આબાદ રહો.—દાતા૦

બાબુજી! હમણાં સુધી જણાવેલા ગુણો સાથે સુખી થવાને માટે તારા દિલમાં તારા ખેશ દેશની નિમકહલાલ સેવાની પણ જરૂર પડશે. તારા ખેશને ને ત્હારા દેશને માટે તું હમેશાં પ્રેમ રાખજે. તે પ્રેમ ઉપરઉપરનો નહીં પણ થેસ્તા જેવો દૃઢ પ્રેમ રાખજે. સીરેકયુસના જુલમગાર પાદશાહ ડાયોનીશ્યસ સામે રચાયેલા કાવત્રામાં પોતાના બનેવી પોલીઝેનસનો હાથ હોવાથી તેને ભારે શિક્ષા કરવાનો વખત આવ્યો, ત્યારે તે દેશમાંથી નાસી ગયા. ડાયોનીશ્યસે પોતાની બ્હેન થેસ્તાને ધમકાવી, કે તેના નાસવાની ખબર તેં મને કેમ ન આપી? ત્યારે તેણે કહ્યું કે "મારા ખાવિંદને નહીં બચાવતાં, શું રાજમહેલમાં રહીને કદિએ હું સુખ ભોગવી શકું? તેના દુઃખમાં હું ભાગિયેણ બનવાને હક્કદાર છું. સીરેકયુસમાં એક જુલમગારની બ્હેન કહેવડાવવા કરતાં દેશનિકાલમાં થયલા પોલીઝેનસની ઓરત કહેવડાવવાનું હું વધારે પસંદ કરૂં છું."

કેમકે જગતમાં ચડતી પડતી તો ચાલી જ જાય છે. પારકાં ઉપર પડતી પર પાટું મારવાની દાનાવોએ મનાઈ કરી કહ્યું છે કે, It is a base thing to tear a dead lion's beard off. "મરેલા સિંહની દાઢી ખેંચવી એ હલકું કામ છે." પડતા

વખતમાં હાથ આપવાથી ઘણાઓએ દુનિયાને હાથ આપ્યો છે. પોતાનાં માતપિતાના પડતા વખતમાં વિલિયમ બ્લેક, એડવર્ડ બર્ડ, વિગેરે હુન્નરમંદોનાં માતપિતાને આશરો આપવામાં આવ્યો હતો, ને તે પુત્રોએ ૩–૪ વરસની ઉમ્મરથી જ ચિત્રામણ કરવાની પોતાની કુદરતી કલા બતાવતા માંડેલી, અને પછી નાના આશરાના સંજોગને લીધે તે જ દિશામાં પ્રવીણ થઈ નામદારી કાઢી. હોગાર્થ ઘણો ઠોઠ નિશાળીઓ હતો. તેનાં માબાપ પડતીમાં હતાં, પણ છોકરાને આધાર મળવાથી તેને ચિત્રામણનો જ છંદ લાગેલો હોવાથી તેમાં જ તે વિખ્યાત થયો. હોગાર્થ ઘણી દુર્દશામાં ઉછર્યો હતો. પૂછી પૂછીને તેના ઉપર નાનપણથી જ દુઃખ પડ્યાં હતાં. પણ જે ખુશમીજાજ રાખી સર્વ આપદા સહન કરવામાં મગરૂરી લેતો, ને પૈ પૈનાં ફાંફાં પડતાં, તોએ "રોકડીયો" કહેવડાવવામાં માન સમજતો હતો. પાસે કાંઈ નહીં હોય તો તેની ચિંતા ન હોતો રાખતો; પણ માત્ર ૧૦ ગીની જો એકઠી થઈ, તોએ ખાઈ પી મોજ ઉડાવવામાં એવો તો મુસ્તાક બનતો, કે જાણે તેના ખીસ્સામાં હજારો ગીની હોય નહીં શું? જ્યારે તે સુખ ભોગવતો ત્યારે પોતાને હાથ આપનારા મુરબીઓનું હેશાન માનતો હતો. તે કર્મની ગતિ ઉપર વિશ્વાસ રાખતો. "ધાઓ ધાઓ, ને કરમમાં હોય સો પાઓ." પણ હોગાર્થે નશીબ ખિલવવાના સંજોગમાં પોતાની સબુરીને વિશેષ ભાર દીધો છે. ખરૂં છે, બાબુજી! Patience is plaster for all sores. "ધૈર્ય એ સર્વધા–દુઃખોની દવા છે." સબુરી અખત્યાર થઈ, તો જાણજે જરૂર, કે ખુદાઈ રહેમ બક્ષિશ તેં જરૂર અખત્યાર કરી. પડતીના વખતમાંએ સબુરીનું વ્રત પાળવું જેટલું કઠણ છે, તેટલું જ લાભકારી તે વ્રત પળાયા પછીનું સ્થાન છે. માટે સંસારના ઝગડામાં તું મનના જુસ્સાને ખૂબ કાબુમાં રાખજે બાબુજી!

બેજા હુએ ખૌફ આપકા, નાહક હુએ ઇજતેરાબ,
હાઝીર ખુદાકો જાન કર ફરમાઇયેબી ખ્વાબ.
જબ તક કે હુકમ ઉસ્કા નહીં હોવે યે જનાબ,
ચુંકીકા કોઇ મારે કીસીમેં નહીં યે તાબ.
ઇમાન કયા હુએ ચીજ ! તુમ્હેં એક ગુમાન હુએ,
દુશમનસે કયા હો ! દોસ્ત અગર મેહરબાન હુએ.

દિલાસા પત્ર ૧૯ મો.

" When a great mind falls,
The noble nature of man's gen'rous heart
Doth bear him up against the shame of ruin,
With gentle censure, using but his faults
As modest means to introduce his praise,
For pity, like a dewy twilight, comes
To close oppressive splendour of his day,
And they who hadi admired him in his height
His alter'd state lament, and love him fall'n."

Joanna Baillie.

" જ્યારે એક ઉચ્ચ મનવાળો પુરૂષ પડતીમાં આવે છે ત્યારે માણુસના ઉદાર અંતઃકરણનો ઉમદા સ્વભાવ, નમ્ર ઠપકાથી નાશની શરમ સામે તેને ટકાવી રાખે છે; અને તેમ કરવામાં તેના દોષને જ તેના વખાણની પિછાન કરાવવાના નમ્ર સાધન તરીકે વાપરે છે; કારણ કે દયા, તેના સમયની સાકાસહાયક પ્રભાને, ઝુમ્મ-

સથી ઘેરાયેલી સંધ્યાની માફક ઢાંકી દેવાનું કામ કરે છે અને જેઓ તેના સારા વખતમાં ફક્ત તેનાં વખાણ જ કરતા તે તેની બદલાયેલી સ્થિતિને માટે વિલાપ કરે છે અને તેની પડતીની અવસ્થામાં તેને ચાહે છે. "— **જોના બેલી.**

સુંદરા ! હવે રડ શુંયું કામ લાગે ? તારી કસુરો સાથે સરખાવતાં તારી ઉપર છૂટેલાં આફતોનાં તીર તને તુચ્છ લાગવાં જોઇએ. આફતમાં આવી પડેલા આદમીને તું પૂછી જો, કે બીજા માણસો તારી સાથે કેવી રીતે વર્તે છે ? તેમ જ તે અભાગીઆને તું પૂછ, કે બીજાંઓ સાથે તું કેવી રીતે વર્તે છે ? બન્ને દાખલામાં આફત એ લાયકાત માટેની કસોટી છે, એમ તને જણાશે. જો નીચ ખવાસનું અપ્રામાણિકપણું પહેલા દાખલામાં નહીં બતાવવામાં આવતું હોય તો, અને બીજા દાખલામાં ઉદ્ધતાઈ ને અભિમાન દાખવવામાં આવતું ન હોય તો, બન્ને સુખી જાણવાં. તેમાંથી તને એમ પણ જણાશે કે, જ્યારે ઘણું મોટું દુઃખ કે આફત આવી પડે છે, ત્યારે નાની નાની મુશ્કેલી તો આપણને જરીએ નડતી નથી. પરંતુ નાના દુઃખને લાડ લડાવી મોટું કરવાથી તે અમુક દુઃખ જીગરમાં ચોંટી જાય છે. બલ્કે નાના દુઃખને એક બચ્ચા માફક આપણે ઉછેરીને મોટું બનાવ્યા પછી આપણે ચીડાઉ, ઉદાસ, અબોલા, અને વઢકણા બની જઈએ છીએ. આપણી વાતો દિલગીરી અને ઉદાસીથીજ ભરપૂર હોય છે. બીજું બધું કડવું ઝેર કરીએ છીએ. કોઈની સાથે ભેળાવા ગમતું નથી, ને નસંબંધા બની જઈએ છીએ. આપણું પેટ દુઃખદર્દોનો કોઠાર થઈ પડે છે, જે ભેગા કરેલા બોજામાં આપણે અને આપણી આસપાસનાઓને દાબી દઈ દુઃખી કરીએ છીએ.

હે સુંદરા ! વિચારીને વાંચ, કે કણુસલાંને છૂંદવાથી જ તેની આસપાસનો કચરોપુંજો સાફ થઈ અમૃત સમાન ધાન્યના દાણા નીકળે છે. તેમ જ આપણી નેકી અને સદ્ગુણો મુશીબતોના મારામાં છૂંદાવાથી જ પ્રકટી નીકળે છે. દુઃખની શાહીમાં જ જ્યારે દેવીડની કલમ બોળવામાં આવતી હતી ત્યારે જ સુંદર લેખો તેનાથી લખાતા હતા. તારે પણ પડયા એટલે ઉઠવાની આશા છોડવી નહીં, પણ ઉઠવાનો યત્ન જારી જ રાખવો. ડો. યંગ કહેતો કે જે કામ એક માણુસ બજાવી શકયો તે જ કામ બીજો કોઈ પણ માણુસ બજાવી શકશે જ. અને તે જ પ્રમાણે તે વર્તન કરતો હતો. એક દિવસે મી. બાર્કલેના પૌત્ર જોડે તે ઘોડેસ્વારી કરવા નીકળ્યો. મી. યંગ તો પહેલી જ વાર ઘોડે ચઢયો હતો. રસ્તામાં કાંટાની વાડ આવી તે બાર્કલે તો કૂદાવી ગયો, પણ યંગ તેમ કરવા જતાં પડી ગયો. યંગે આ હારથી હઠી નહીં જતાં બીજી વાર સ્વારી ભીડી, તોએ પડી ગયો. પડયો ખરો, પણ ઘોડાની ગરદન ઉપર જ પડયો. ગુપચુપ પાછો ત્રીજી વાર ઉઠીને ઘોડો દપટાવી વાડ કૂદી ગયો. તમ જ હારથી હરેક માણુસે હારી બેસવું નહીં. પડી પણ જાણવું, ને ઉઠી પણ જાણવું. આવી કસોટીમાં સબુરી રાખવી.

" પીડા સૌ જનોને કપાળે જ ચોંટી, પીડા માનવીને ચઢાવે કસોટી;
ટળે તે થકી ફાંકડાની ફીતુરી, પ્રપંચી પીડાઓ મટાડે સબુરી. "

સદ્ગુણુની તમામ જમીન મુશીબતોની મટ્ટીની બનેલી હોય છે; જ્યાં સબુરી, આબરૂ, સુંદર માણુસાઈ ખવાસ, અને શાંતિ પોતાનાં મૂળિયાં ખોસે છે અને ઉધરે છે. સાત સુખ, ને નવ નિરાંત. તનદુરસ્તી, બચ્ચાં છોકરાં, સકર્મી નાર, કોઠીએ જુવાર, દુઝણું, નકરજી હાલત, અને વહન, એટલાં

સાત સુખે નિરાંત કહેલી છે. પણ સુંદરા ! હુ તો આવાં સાત સો સુખ અને નવ સો નિરાંતને પણ મનની શાંતિ વગર નકામાં જ કહું છું. માટે સુંદરા ! રાખ તું ખુશ મીજાજ. નજરે પડતી ડહાપણની સૌથી સરસ નિશાનીથી ? તો કહે ખુશમીજાજ. માણસનું અંતઃકરણ પારખવાની આરસી ખુશમીજાજ છે. બ્રહ્મચર્યની પરીક્ષામાં ખુશમીજાજનો અભ્યાસ જરૂરનો છે.

આ સંસારમાં બીજાનાં સુખનું ભંજન કરનાર અદેખાઈ છે. પણ જો સામે આવેલી અદેખાઈ વેળાએ પણ મનની ખુશી જીવતી હશે, તો આખરે સુખનો જ લહાવો મળે છે. ઇરાનના સાસાનીઆન ટોળાંના નામાંકિત બાદશાહ અરદેશર બાબેગાના બેટા શાહાપુરે પોતાના બેટા હોરમઝને ખોરાસાનના મુલકની હાકમી આપી, ત્યારે કેટલાક હલકા અદેખા દરબારીઓએ શાહાપુરને જૂઠું સમજાવ્યું કે તારો બેટો ઈરાનની ગાદી લેવાને છુપો કસદ કરે છે. હવે તે જમાનામાં એવો રિવાજ હતો, કે જેના બદનનો કોઈ પણ ભાગ કપાયેલો હોય તેને બાદશાહી ગાદી મળે નહીં. હવે જ્યારે નિર્દોષ હોરમઝને એ વાતની ખબર થઈ ત્યારે તુરત તેણે પોતાનો એક હાથ કાપીને બાપની હજુરમાં મોકલ્યો. તે ઉપરથી શાહાપુર બાદશાહની ખાત્રી થઈ, કે આ સઘળું અદેખાઈનું પરિણામ છે. તે ઉપરથી બાદશાહે પોતાના બેટાને લખી વાળ્યું કે, "તમ સુખી તો હમ સુખી, ને હમ સુખી તો તમ, જે કોઈનું માઠું ચાહે, તેને નહી વિસરે જમ." અગર તારા બદનના ગમે એટલા કટકા થશે, પણ આખર તારા બદનનો જે એક બાકી ટુકડો રહેશે તે જ મારી ગાદીનો હકદાર વારસ કહેવાશે. એ પ્રમાણ અદેખાઈનું ઝેર કેટલું કાતિલ

છે તે સહેલાઈથી સમજી શકાશે. તેમ જ મકકમ ઠરાવ કેવો લાભકારી છે તે પણ તું સમજી જશે.

યાદ રાખવું, કે "The evil we do to others frequently falls over our heads." "આપણે બીજાંઓનું જે ખરાબ કરીએ છીએ તે ઘણી વાર આપણા જ ઉપર પાછું આવી પડે છે." આ ઉપરથી પર્થીસ કહે છે કે, દુનિયામાં સારાં માણસ કરતાં નઠારાં માણસ થોડાં છે, અને નઠારાં માણસો દુનિયામાં ફાવી જાય છે. તેઓની હિમ્મત, ચાપલુશી, અને અન્યાયને આભારી છે; તો પણ લોકો તો ભલાં માણસો તરફ જ ભાવ રાખે છે. કેમકે ભલાં માણસો અંતે સુખી થતાં, અને ભૂંડાં માણસો અંતે દુઃખી થતાં જોવાનું તેઓને વારંવાર મળે છે. તેથી સુખી થનારાં ભલાં માણસ દુનિયાને પસંદ છે.

મીસ વેજવુડનો આ મતને ટેકો છે, કે જે આફતો આપણાથી અદૃશ્ય છે તે આફતોમાં માન્યતા રાખવી એ જ મનુષ્યની હુશિયારીનો અંજામ છે. દુઃખ એક સુખનો પેગામ છે, એમ કબીરજી પણ કહે છેઃ—

સુખિયા હુંઢત મેં ફિરૂં, સુખિયા મિલે ન કોય;
જાકે આગે દુઃખ કહું, સો પહેલા ઉઠ રોય.

દુનિયામાં સુખી કોણ છે? બેઢંગી દુનિયાના ઢંગ જેમણે જાણ્યા છે તેઓ તો સમજી ગયા છે, કે તેના મકકર કેવા છે. અજ્ઞાની હજી સમજી ગયા નથી, અને તેઓને જ દિલાસાની ખાસ જરૂર છે. જહાંન દીદેહ આદમીઓ તો લીલી સુકી જોઈને પોકારી રહ્યાં છે કે;

દુનીઆં, એ દુનીઆં, દોરંગી એ દુનીઆં !
મક્કારી, અઇઆરી, બેઢંગી એ દુનીઆં !—દુનીઆં.

છે ફરેબીની ફતા, નેકીની તો છે ખતા,
સક્કર છે મક્કરમાં—જંગી એ દુનીઆં !—દુનીઆં.

જાલ સાજ ચાલ બાજ કાર કાજમાં ફલે,
ભૂખે મરે ખરે સત સંગી દુનીઆં !—દુનીઆં.

આ દોરંગી દુનિયાની જંજાળ તોફાની બચ્ચાંઓ માફકની છે. બચ્ચાંઓની મસ્તીખોરી ટેવ ટુંકેથી અટકાવીએ નહીં તો દિન પર દિન વધી જાય. તેમ જ હરેક જંજાળનો ઇલાજ પહેલાંથી નહીં કરીએ તો તે એટલી બધી વધી જાય, કે પાછળથી તે સુધારવી બીલકુલ મુશ્કેલ થઈ પડે. જંજાળો વેઠીને પણ સુખનો અંજામ મેળવવાની જ માણુસની ઈચ્છા હોય છે, ને તે સુખ પૈસામાં જ એકલું સમાયું હોય એવી રીતે લોકો ભીંતમાં માથાં મારે છે. દોલત અને પૈસા જીંદગીને સુખી રાખવાનું સાધન છે એ ખરૂં, પણ આપણી જીંદગી કાંઈ ધન જાળવવાને જ સરજાયેલી નથી. શેખ સાદીને લોકોએ પૂછયું કે "ખરો નસીબવાન કોણુ ?" જવાબ મળ્યો કે, "જેણે મેળવ્યું અને ભોગવ્યું કે વાપર્યું તે. પણ જેણે પૈસાનો સદુપયોગ કરી ભોગવ્યો ન હોય તે ખરો કમનસીબ જાણવો. તેનું નામ દુનિયાની યાદમાં કશું રહ્યું નથી, અને તેની દોલત તેની પાછળ ગઈ નથી." વાસ્તે પૈસા સાથે ઉદાર દિલ અને સખાવત જોડાયેલાં રહેવાં જ જોઇએ; અને ત્યારે જ પૈસાનું સુખ કહેવાય.

પૈસાની પૂજાને ધિક્કારનારાઓ હમ્મેશાં સુખી રહ્યા છે. એથેનીયન સરદાર ફોશીયન "ભલો ફોશીયન" કહેવાતો. સીકં-

દરે તેની દેશભક્તિ ખરીદવાને મોટી દોલત અને એશિયાનાં મોટાં ચાર શહેરો ભેટ આપવા જણાવ્યું, ત્યારે ફોશીયને સીકંદરને કહ્યું:—"જો તું મારા ઉપર ખરો જ મહેરબાન હોય, તો તારે મારૂં પ્રામાણિકપણું મારી પાસેથી લુંટવું નહીં."

"દોલત કયાં, દોલત કયાં," કરનારી સુંદરા ! દોલતનું બિછાનું તો કાંટાનું છે. દોલત ઘણી વખતે કાંટાની માફક છે, કારણ કે દોલત મેળવતાં મગજમાં ફીકરના કાંટા ઘણા ખુંચે છે, અને દોલત જતી વેળા પણ દિલમાં ચોબા મારે છે. મોટી દોલત શું તને ડાહી બનાવશે ? નહીં જ. "Great wealth makes us neither more wise nor more wealthy. ઘણી દોલત આપણને ન તો વધારે ડાહ્યાં બનાવે છે કે ન તો વધારે પૈસાદાર બનાવે છે." દોલત વગરનાં કાંઈ ભૂખ્યાં સુતાં નથી. ખુદા જેવો સાહેબ છે તે ભૂખ્યાં ઉઠાડે છે પણ ભૂખ્યાં સુવાડતો નથી. દોલત કાંઈ પાયાદાર નથી. તે ચલાયમાન હોવાથી જ્યારે તેનો નાશ થાય ત્યારે માબાપના મરણ જેવો કારી ઘા લાગે છે. આદમી જાતે એ ઉપરથી ધડો લેવાનો છે કે, સર્વે ચીજની હદ અને આખર આવે છે. જમાનો પણ પોતાનો રંગ બદલે છે, અને પોતાના ચકકરમાં કુદરતી ફેરફાર બતાવે છે. અને કોઈ પણ ચીજ અમર રહી નથી, કે હમ્મેશે હમ્મેશાં રહેવાની નથી. માત્ર પરવરદિગારની હસ્તિ જ અમર છે, અને હમ્મેશે હમ્મેશાં રહેશે.

દિલાસા પત્ર ૨૦ મો.

"Why should I cloud my brow ?
or yield to dark despair !
All, all men are my brethern,
and this fruitful earth is fair;
For I know when Heav'n hath wounded,
and probed the bleeding breast,
Its reachest healing balm is,
in making others blest."

Sigourney.

"મારે મારી ભમ્મરને ચિંતાથી શા માટે ઘેરવી જોઇએ ? અથવા અંધકારભરી નિરાશાને શા માટે તાબે થવું જોઇએ? સર્વ–સર્વ મનુષ્યો મારા ભાઇઓ છે અને આ ફળદ્રુપ પૃથ્વી સુંદર છે; કારણુ કે હું જાણું છું કે જ્યારે પરમેશ્વરે કોઈ હૃદયને ઘાયલ કર્યું હોય છે અને લોહીથી ટપકતા જે હૃદયને બારીકીથી તપાસ્યું હોય છે ત્યારે તેનો ઉત્તમોત્તમ રૂઝ લાવનાર મલમ બીજાને સુખી કરવાં એ જ હોય છે." સીગુર્ની.

ઓ હું ! તું ! તું ને હું હિમ્મત રાખીશું તો ઉપાય કરીશું. બતંગ હાલતમાં આવેલા એક ઇનસાન તરીકે, અને નહીં કે એક ગમખાર માનવી તરીકે, હું જો કે નિસાસો નાંખું છું, તો પણ હું પરિતાપ કરતો નથી. કેમકે મારૂં દિલ મહોબતની પેલી જ જગાએ ચોંટેલું છે, કે જ્યાં હું મારાં વ્હાલાંઓને મળવાની ઉમેદ રાખું છું. ઓ હું ! ઓ તું ! આ બોળીયું તો

આત્માનું માત્ર ઢાંકણુ છે. તે ખોળીયાનો જ્યારે નાશ થશે ત્યારે કુદરતના છૂપા ભેદો આપણે શોધી કાઢીશું, અને ત્યારે અંધકાર દૂર થશે. ત્યારે જ મોક્ષ અને નિર્વાણુ તથા રોશનીથી આપણા આત્માઓ પ્રદીપ્ત અને પ્રકાશિત થશે. તે પ્રકાશિત રોશની ઓળા વગરની છે, અને તે રોશનીનો પ્રકાશ આપણી આસપાસ ફરી વળશે, અને રાત્રિને કે દિવસને ત્યાંથી આપણે નીચે જોઈ શકીશું. તું ને હું જાણીએ છીએ કે, અંતે તો સૌ ચાલી ગયાં.

એક પાછળ એક તું જોની સહુ ચાલી ગયાં;
ભાઈ બ્હેનો જન અને ફરજંદ ને વાલી ગયાં.

મુફલીસો સાથે અમીરો બેગમોબી ખાક થઇ;
કોઈ દસ્તે પૂર, કોઈ હાથ લઈ ખાલી ગયાં.

કોઈ તો કંજુસ કુટી પેટ વેઠોમાં મુવાં;
ગંજ મેલી રંજ લેઈ સુરતે કાળી ગયાં.

દાઝ દિલમાં તો ધરી કોઈ સખીએ રંકની;
જીવતાં તો શું! મુવા પાછળ વળી પાળી ગયાં.

અંત કાલે તંગ હાલે પામીયાં નહી પૂર જગા;
મહેલમાં શીરોજ જે રહીને ફુલી ફાલી ગયાં.

ફીલસુફીની કેતાબો વાંચી જૂઓ. આ જીંદગીમાં સૂર્ય સન્મુખ આપણે નજર રાખી મૂકવાને પણ જ્યારે અશક્ત છીએ, ત્યારે ત્યાં તો સૂર્યની રોશનીના મૂળને પણ આપણે હમ્મેશાં જોયાં કરીશું. આ ઉત્તમ શિક્ષણ મેળવવાને નિદાન જ્ઞાન મળે એવાં પુસ્તકો જો માનવી વાંચે, તો મેકોલેની માફક જમે તેટલી દોલત અને કીર્ત્તિ, હુદ્દો અને હુશિયારીથી મમગીની દૂર થઈ, જે ખુશાલી પ્રાપ્ત થઈ નહીં શકે તે ચોપડીઓ વાંચવાથી પ્રાપ્ત થાય; અને દુઃખો દરે કરી નાખે

ખુશી ઉપજાવી શકાય. મી. આયરલેંડ કહે છે, કે મારી મુશીબત, કડાકુટ, મુશ્કેલી કે ગુંચવણોમાં, વિઘ્ન કે વિરોધ કે કષ્ટને સમયે, સંકટ, દુઃખ, અને અડચણને પ્રસંગે, મુંઝવણ, ભીડ, અને તંગીના વખતે સેલબોર્નની નેચરલ હીસ્ટરી વાંચવાથી મને એટલો તો દિલાસો મળતો હતો, કે તે ચોપડી ખરીદીને પાસે રાખવા જેટલી શક્તિ ન હોવાથી, કોઈની પાસેથી તે લઈને હું તેની નકલ આખી ઉતારી રાખી વિપત્તિમાં વાંચ્યાં કરતો, જેથી તે જ મારો દિલાસો થઈ પડયો હતો, અને નિરાશા આશામાં બદલાઈ જતી. આશાનો ભંગ થતાં જ નિરાશા આવશે, ને નિરાશાથી તું નિષ્ઠુર થઈ જશે.

નથુ ભગત કહે નેહાલ થયા; ભલે મરી ગઈ ગાય,
પૂરણ સુખ તો તે પછી પામ્યો, જો વાછડું વાંસે જાય.

એવા ઉદ્ગારો નિરાશાના હોય છે. માટે હે તું, રોકેફ્રોકુડ કહે છે તે સાંભળ! નિરાશામાં અને દુઃખમાં જ મગ્ન રહેનારા કેટલાકો એવા આવે છે, કે જેઓ હમ્મેશાં જ રડાકુટાના ભરેલા હોવાથી આપણી દયાને કે દિલાસાને તેઓ પાત્ર હોતા નથી. કેટલાકો દુઃખી થતા ભાઈબંધોને મદદ કરવા તૈયાર હોય છે, પણ સુખી ભાઈબંધોને દેખી તેઓ દુઃખો થાય છે. થેમીસ્ટોકલીસ માટે કહે છે કે, જ્યારે તે નાનો હતો ત્યારે તેના વખતના બહાદુર જોદ્ધાઓની ફત્તેહ જોઈ તથા જાણીને દુઃખી એટલા માટે જ રહેતો, કે " એ મહા પુરૂષ જેવો હું કયારે થઈશ ? " મૅરેથૉનની લડાઈમાં મીલ્સીએદીસના વિજયની વાતો સાંભળી તે ખિન્ન ખિન્ન થઈ નિરાશ બેઠેલો હતો. તેને પૂછવામાં આવ્યું, કે આજે તું બળાપો કેમ કરે છે ? જવાબઃ—" અરેરે ! આવી સેવા મારા દેશની હું બજાવવા

કેમ અને ક્યારે તૈયાર થઈશ ? આ વિચારથી હું દુઃખી છું." છેવટે તેનું આ કલ્પિત દુઃખ નીકળી ગયું, ને આરટેમીસ્યમ અને સેલેમીસની લડાઇઓમાં ઝર્કસીસના ઈરાની લશ્કરને હરાવી ઍથેનીયન લશ્કરની પોતાની સરદારીની જય બોલાવી ત્યારે તે પોતાને ખરો સુખી થયેલો સમજતો હતો. આ દાખલામાં તેને અદેખાઈ કરીને દુઃખી થનારો કહી નહીં શકાશે. પરંતુ સ્પર્ધા રાખી મહાન માણસ થવાની માત્ર તેની અધીરાઈ કહી શકાશે.

એ જ ધોરણે જો મોતના દુઃખમાં, કે આબરૂ જવાના જીવ સટોસટ વખતમાં, કે આફતોની ભીડાભીડમાં એક માણસ જો એપીક્ટેટસ, મારકસ ઓરેલિયસ, અને સેનેકા જેવા ઈશ્વરશોધકોનાં લખાણો વાંચવા મંડી જાય તો તેને દિલાસો મળ્યા વિના રહે જ નહીં. તકદીર ફરે તો તે તેમના જેવો પણ થવા પામે. અને તેમના જેવા થવાની કોશિશમાં તકદીર નહીં ઉઠે તો લાચાર. તે તકદીર આગળ માનવી ચારા વિનાનો છેઃ—

ક્યા કરેગા દોસ્ત દાના ! જહાં તેરા તકદીર નહીં !
તકદીર બીન તસદી લીયે, તકદીરકી તાસીર નહીં.—ક્યા.

દર્દોમેં ગીરફતાર હોગા, દમ બદમ બિમાર હો,
લુકમાનકે એજમતી ઇલિજાં, સો તુજે અકસીર નહીં.—ક્યા.

મિશકીન હાલત હય હરદમ, તકદીર જહાં બેદાદ હો,
તકદીર લેવે દાદ જબ, જર બિન તું ફકીર નહીં.—ક્યા.

તકદીર બિન ખુદ માલેક માતેમ દિલ બસાયગા,
તકદીરસેં ગોલામ સખ્ત ગોલામીમેં દિલગીર નહીં.—ક્યા.

તકદીર બિન શમશીર લે મયદાનમેં તું જાયગા,
કરે તુજે આજેજ જીસકે હાથમેં શમશીર નહીં.—ક્યા.

બરગસ્તા બંદી બીચ ગીરે તું, તકદીરસે નેઅમત પાયગા,
જેહેમત ખલક રૂશવઈ ઉસ્સે જીગરમય જંજીર નહીં.—કયા.

તકદીરસેં આદમ ! તું ફતેહ ઈદિર મીલાયગા,
દેલતંગ દાના વાર હિયાં તકદીર બિન તદબીર નહીં.—કયા.

ભલભલા રાજા પાદશાહો માથે મુગટ ને પગ નીચે તખ્ત ધરાવનારા હતા, તેઓ પણ તકદીરના દાસ હતા. તેઓ આશમાની ગીરદેશના ગુલામ હતા. એક ફ્રેન્ચ વિદ્વાને દુનિયામાં એવા કમનસીબ રાજા પાદશાહ કેટલા થઈ ગયા છે તેની પણ ગણત્રી વિગતે આપી છે, કે દુનિયામાં બધા મુલક મળી ૬૪ મોટાં રાજ્યમાં ૨૫૪૦ રાજા થઈ ગયા. તેમાં કમનસીબ કેટલા બધા થયા:—૩૦૦ ગાદી ખોઈ બેઠા, ૨૪ ગાદી મૂકી બેઠા, ૪૦ રાજાઓએ આપઘાત કીધા, ૧૨ ઘેલા બન્યા, ૨૭૬ માર્યા ગયા, ૧૨૩ કેદમાં ગયા, અને ૧૦૮ રાજાને પ્રજાએ ગરદન મ્રાર્યા ! ત્યારે મોટાઓને મોટી જંજાળ અને મોટું દુઃખ હોય છે તે કાંઈ ખોટું નથી. આ ઉપરથી દુઃખી ગરીબોએ કેટલો બધો દિલાસો લઈ લેવો જોઇએ ?

'ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો,' એ સૂત્રનો જો દૃષ્ટાંત જોઈએ તો એડીનબરો યુનિવર્સિટિના કળાવિજ્ઞાનના પ્રોફેસર જૉર્જ વીલસનનો છે. એનું જીવન એટલું જ શીખવે છે કે, આત્માનું બળ શરીર ઉપર જય મેળવી શકે છે. મનનો કાબુ દેહના દુઃખને હસી કાઢે છે. તે હજી તો પુરૂષ સ્થિતિમાં આવે તે પહેલાં જુવાનીમાં જ દુઃખદર્દોથી પીડાવા લાગ્યો હતો. ૧૭ વરસની વયે તો માથાના દુઃખાવાની અને ઉંઘ નહીં આવવાની ફરિયાદ કરતો થયો હતો. તે કહેતો કે હું ઝાઝો સમય જીવીશ નહીં એવું દુઃખ થાય છે, તો પણ મારૂં મન જે કાંઈ કહેશે તેને

મારા શરીરે તાબે થવું જ પડશે. તે મગજમારીનું ભારે બોજાનું કામ કરતો, ભારે અભ્યાસ કરતો, અને સરસાઈ માટે પરિશ્રમ લેતો હોવાથી દેહની જરાએ દરકાર નહોતો કરતો. શરીરની કસરત લેતો તે પણ એકદમ કરી લેતો. હાયલૅન્ડઝમાં ચાલતો જતો ને તે પછી પટકાઈ પડતો. એક વાર સ્ટરલીંગ નજીક ૨૪ માઈલ સુધી ચાલવાથી તેના એક પગને ભારે દર્દ લાગુ પડયું, અને ભયંકર માંદગી લઈને ઘેર આવ્યો. આમાંથી તેને ગુમડું થયું, ઘુંટીનું દર્દ ઉભરાઈ આવ્યું, અને બેહદ વેદના ખમવા લાગ્યો. આખરે તેનો જમણો પગ કાપી નાંખવો પડયો. આમ છતાં તે પોતાના અભ્યાસના શ્રમમાં તો મંડયો જ રહ્યો. આવા દુઃખમાં પણ તે લખાણો લખવામાં, ભાષણો આપવામાં અને શિક્ષણનાં કાર્યો આદરવામાં તો મચેલો ને પચેલો જ રહેતો! હવે આંખની વારી આવી. આંખ ઉપર ભારે સોજો આવ્યો, ને સંધિવાએ ગલબો કીધો, જેથી બ્લીસ્ટર મારવામાં આવ્યાં, સોયા ભોકવામાં આવ્યા, ને તેજાબના ચચરતા ઉપચારો કરવામાં આવ્યા. પણ તે ખમાઉ બધું શાન્તિથી ખમતો હતો. આંખને લીધે લખી તો શકાયું નહીં, પણ મોઢાંને હજી દર્દ લાગુ નહીં પડેલું હોવાથી પોતાની બ્હેનને પાસે બેસાડીને ભાષણો લખાવતો ગયો. કેવો ખમાઉ! દુઃખની વેદના બેહદ થવા લાગી, ને અફીણ આપ્યા વગર તો ઉંઘ નહીં આવે, એટલે બેજારી ઘણી થઈ પડી. આટલાં દર્દો ઓછાં હોય તેમ વળી તેને ફેફસાંનું દર્દ લાગુ પડયું! તોએ એડીનબરોની સ્કુલ ઑફ આર્ટ્સમાં દર અઠવાડીએ ભાષણો આપ્યો જતો! અધુરામાં પૂરૂં એક દહાડો ઘેર આવી લુગડાં ઉતારતાં ઉતારતાં બોલ્યો; “વળી કફનને એક ખીલો વધુ મારવામાં આવ્યો છે.” ચાને હવે માથામાં ઠોંસા મારવાથી વગર ઉંઘે રાતો પસાર કરવાનું, તેને દર્દ લાગુ પડયું! ૨૭ વરસની વયે

તો આંખે ને મોંઢે પાટાપુટી બાંધી, ક્યાંક વળી બ્લીસ્ટર તો મારેલું જ હોય, અને કોઈ જગાએ મલમ કે બીજી દવા ચોપડેલી જ હોય, એવી માંદગીના અવતારમાં તો દર અઠવાડીએ ૧૦-૧૨ કલાક ભાષણ આપવા તે જતો! બ્લીસ્ટરોને તો "મારા ઇષ્ટ મિત્રો" કરીને જ તે કહેતો. મોત નજીક આવે છે એમ જાણીને જ તે કામ કરતો. મોતના દહાડા તો ગણ્યાં જ કરતો, પણ રડાકુટા બીલકુલ કર્યા વગર બધાં દુઃખો ધૈર્યથી સહન કરતો અને આનંદમાં રહેતો. તે કહેતો, કે મોતની જેઓને જરાએ ફીકર નથી તેઓને જેવી દુનિયા મીઠી લાગે છે, તેવી બીજા કોઈને લાગતી નથી. તદ્દન અશક્ત થઈ જાય ત્યારે જરા આરામ લેતો, ને વળી જરા શક્તિ આવે, એટલે જ તુરત કામ ઉપર જોડાઈ જતો. તે કહેતો કે, "કુવામાં પાછાં પાણી ચઢવા લાગ્યાં છે!" ફેફસાં સડી ગયાં, ઠાંસો તો કહે જે મારૂં કામ, તોએ તે ઠાં ઠાં કરતો જાય, ને ભાષણ પણ આપ્યો જ જાય! પગે લંગડાતો હોવાથી એક દહાડો હાથને જોર આપતાં હાથ ભાગી ગયો, એટલે વળી તે નવી પીડા વધી. પણ આનંદી સ્વભાવ અને ધીરજને લીધે એકેક દર્દ દૂર થયેલું તેને જણાતું. તે આટ આટલાં દુઃખો, દર્દો ને વેદના છતાં ખુશાલ ચહેરો, નહીં છીપાય એવી ધીરજ અને ખંત રાખીને જીવન લંબાવતો; કેમકે મનને તે શાંત રાખી શકતો હતો. બિછાનેથી ઉઠે ત્યારે પાછો સારો ને સારો જ લાગતો. આ બધાં દુઃખો તે છૂપાવવાની ખાસ કોશેશ ને કાળજી એટલા માટે જ રાખતો, કે રખેને મારાં ઘરમાંનાં વ્હાલાંઓ મારી પીડાકારી જાણીને દુઃખી થાય! એક દહાડે તે આર્કીટેક્ચરલ ઇન્સ્ટીટ્યુટમાં શિક્ષણ આપી ઘેર આરામ લેવા બેઠો તેવામાં તેના શરીરમાંથી એકદમ લોહી વહેવા લાગ્યું, અને તે મોટા જથ્થામાં વહી ગયું. મોતનો કાસદ નજીક ઉભેલો તેને

જણાયો. તો પણ વ્હાલાંઓ સાથે તેણે ખાણું ખાધું, અને બીજે દહાડે તો બે વાર ભાષણો આપવા ઉભો ! પણ આખરે તે મરણ-તોલ માંદો પડયો. પરંતુ જે માણસ રાત પણ નહીં કાઢે એવું જણાતું હતું. તેને બીજે દહાડે તો "સ્કૉટીશ ઈન્ડસ્ટ્રીયલ મ્યુઝીયમના" ડાયરેકટરની જગાએ નીમવામાં આવ્યો, અને આગલા હુદ્દા સાથે તે હુદ્દો પણ તેણે સ્વીકાર્યો ! એ "પ્યારા મ્યુઝયમે" તેની હુશીઆરીનું છેવટ આણ્યું. તેની ઉમેદ "કામ કરતાં કરતાં જ મરણ પામવાની હતી." આખરે તેને એક કાગળ લખવામાં પણ ભારે વેદના થવા લાગી. મરતાં મરતાં પણ "જ્ઞાનના ચાર દરવાજા" નામનું પુસ્તક પણ તેણે રચી લીધું. અંતે ઘણાં દુઃખો, કષ્ટ, અને વેદના વેઠીને, જન-સેવા કરી કરીને તે હાડપિંજર છેવટે મરણ પામ્યું.

તેના જેવો જ બીજો દુઃખ–પ્રુફ કીટ્સ જેવો ખમાઉ નર થઈ ગયો છે. આવા નરોનાં દર્દોની અગન, પીડાકારીની વેદના, અને આવી આફતો વચ્ચે ધીરજથી ખમાઉ રહી ખમવું, એ ધડો લેવા જોગ કહી શકાશે. એ વીલ્સન, અને એ કીટ્સના પૂર્વ જન્મનાં કુકર્મ કેવાંક હશે, કે તેઓને આટલાં આટલાં દુઃખો પડયાં ! તેમ જ એમનાં પૂર્વ કાળનાં સુકૃત્યો કેવાંક હશે, કે તેઓ આવા ખમાઉ નીવડ્યા ! "કરના ઐસા પાના" એ કહેવત ખરી જ ઠરે છે.

ગમી ગમીકી કમી નહીં હીયાં, તુમી હમી સબ જાનેકે,
ઇસ દુનીયાંકી કરની માફક જીન્નત દોજખ પાનેકે.
આગે હસના, પીછે રોના, બેહેતર ઉસ્સે નહીં હસના;
સદા જમકી ફેરી ફીરતી, ફાસ ઉસકા દમકુ કસના;
ખબરદાર રેહે જાના બંદે! ખુબર જમ લેનેવાલા;

ખબર કબરમેં કીડે લેયગે, સાહેબને હુકમ ડાલા;
પેસ રશીકાં કીસી કામકે? પૈસે હોય તો આનેકે,–ઇસ૦

પાણીકા પરપોટા બંદે ! માટીકા પુતલા ખોટા;
લંબે કદકા કીડા તું તો આદમકા સાલા છોટા;
પવન લેહેરસે દમ જો લેતા, ઉસ દમ તો જમ લેવેગા,
ઇસ દમ બીન તું, ગમકા મારા, દિલ મિટ્ટિકું દેવેગા,
શેર મરદ તો ખુશી ગમીમય સાહેબકો પીછાનેકે,–ઇસ૦

એક ખુશી કે સાથ ઇદર તો લાખ ગમી હાજર હોતી,
ઇસી ગમીસેં ગમ ખાવે તો જીંદગી જેહમતમેં સોતી.
તંગ કમરસેં જંગમે જાના, ઇમાનકા બખતર કસ કર,
દાવપેચસે તુરત હઠાના, દૂર ગમગીનીકા લશકર.
નામરદે ગમસે મત હોના, રબકુ મુ બતલાનેકે,–ઇસ૦

ખુદા પાસ જો માફી ચહાવે, માફી સબકો બતલાના,
સાહેબકી માફી બિન બંદે ! મર ગય આદમ કુલ દાના.
મલક ખાબમેં નહીં સોના બે, ઉલટ સુલટ ચક્કર ફીરતા,
જો નઠોકે સાથ બસે સો, નહીં જેહમતકે બીચ ગીરતા;
ગમી દેખકે નહીં ભાગે, શાએર ઉસી ગુણ ગાનેકે,–ઇસ૦

દિલાસા પત્ર ૨૧ મો.

" From them rose
A cry that shiver'd to the tingling stars,
And, as it were one voice, an agony
Of lamentation, like a wind, that shrills
All night in a waste land, where no one comes,
Or hath come, since the making of the world."

Tennyson.

" દુનિયાની શરૂઆતથી, જ્યાં કોઈ પણ આવતું નથી અથવા આવ્યું નથી, એવી જંગલની જમીનમાં આખી રાત જેમ પવન સુસુ વાયાં કરે છે તેમ તેમનામાંથી એક રૂદન નીકળ્યું અને તે જાણે કે એક જ અવાજ, વિલાપની એક ચીસ હોય તેમ ચળકતા તારા પાસે ધ્રુજતું ગયું. "— **ટેનીસન.**

બ્હેન ગાયમાય ! કુમારીને પરણવાનું દુઃખ; પરણેલીને વરે છૂટાછેડા આપ્યાનું દુઃખ; સુખીઆરીને રંડાપાનું દુઃખ; રંડાયેલીને લોકનિંદાનું દુઃખ. અરેરે ! દુઃખ તે કાંઈ એક તરેહનું છે ?

ભરથારનું સુખ એટલું એટલું કિંમતી છે, કે તે વિના પડી રહેવાનો દુનિયામાં કયાંય રવૈયો નથી. કોઈ પણ સ્ત્રી પોતાના ભરથારને તેના મોત અથવા બીજા કારણથી ખોયા પછી પણ " ભરથારનું સુખ " જાળવવા માટે બીજા પુરૂષ સાથે પોતાનો સંબંધ ઘટતી રીતે બાંધી શકે છે. પણ જે લોકોમાં ઓરત જાતને એવી છૂટ નથી, તે લોકો કેવાં કમબખ્ત !

વિધવાને ફરીથી નહીં પરણવા દેવાનો જે રિવાજ છે, તે પણ નુકશાનકારક અને ધિક્કારવા જોગ છે. એ બૂરા રીવાજથી સંસારમાં નીતિની અને સુખની જેટલી ખરાબી થાય છે તેટલી બીજા કોઇથી થતી નથી. એ રિવાજથી કોઇ પણ સ્ત્રી ભરથાર ના મરણ પામ્યા પછી ફરીને બીજો વર કરી શકતી નથી !

પરંતુ જેઓમાં નાતરાં કરવાનો રિવાજ છે, તેનાથી પણ કાંઇ દુઃખ ઓછાં થતાં નથી, એ પણ નજરે તું જૂએ છે. ખરૂં સુખ પાતિવ્રતમાં છે; સ્ત્રીઓ પાતિવ્રત જાળવે તો જ ખરા સુખનો લ્હાવો લેઈ શકે છે. છતાં ઘણી સ્ત્રીઓના પાતિવ્રતમાં ખામી આવે છે તે પણ તેં જોયું હશે. બધી જ ઓરતો કાંઈ લેડી હેરીએટ ઓકલેન્ડ જેવી વફાદાર હોતી નથી; કે જે પોતાનો ખાવિંદ કૅનેડાની લડાઇમાં ઘાયલ થવાથી તેની મદદે દોડી ગઈ હતી, અને તેની દરેક માંદગીની સારવાર જાતે કરી ઉંઘ ભૂખ વેચીને હમેશાં લડાઇમાં તેની પડખે જ રહેતી હતી. પરણેલી સ્ત્રીઓએ પાતિવ્રત જાળવી પતિ પ્રત્યે વફાદારી રાખવાથી જ સુખી હાલત મેળવી છે.

સ્ત્રી જો પુરૂષના જેવા ગુણો ધરાવી પુરૂષાર્થ કરે તો દુઃખી દુનિયાને તેઓએ કાંઈ જેવાતેવા દિલાસા પૂરા પાડેલા નહીં કહેવાય. **કૃષ્ણા કુમારીએ** પોતાના દેશના બચાવ ખાતર, પોતાના કુળના બચાવ ખાતર, પોતાની ખુબસુરતીને લીધે જ તેના પિતાના રાજ્ય ઉપર આવેલી આફતો અને લડાઈઓ થતી અટકાવવાને ખાતર, બબ્બે વારે ઝેરના પ્યાલા પી મરણ પામવાની ઈચ્છા કરી હતી. પરંતુ ઈશ્વરેચ્છાએ કરીએ તેને ઝેર લાગ્યું ન હોતું. છેલ્લે તેણે ત્રીજી વાર ઘણું ઝેરભરેલો પ્યાલો ખુશીથી પીને પ્રાણત્યાગ કર્યો હતો; કેમકે તેની બેહદ ખુબસુરતીને

લીધે જ જોધપુર ને જયપુરના રાજાઓમાં લડાઈ જાગી ખાના-ખરાબી થવાની તૈયારી હતી. તે જાતે પોતે દુઃખી થઈ અને મોતનો અંત લાવીને બીજાંઓને દુઃખ થતું અટકાવવાનું તેણે ભારે પુણ્ય પ્રાપ્ત કર્યું હતુ. એટલું તો અનુભવસિદ્ધ છે, કે અતિ ઘણી કંગાલિયત અથવા અતિ ઘણી આબાદી, એ બે તીક્ષ્ણ ધારવાળા ખડકોમાંના એકની પણ ટોચ ઉપર ઉભા રહેવા કરતાં, બેઉની વચ્ચમાં રહેવું વધારે સલામત છે. જેથી એમ સાબિત થાય છે કે મધ્યમ સ્થિતિ સારી છે. મન શુદ્ધ હોય તો મધ્યમ હાલત જેવી બીજી કોઈ ઉત્તમ હાલત નથી.

આપણું મન સાફ હોય, ને ભલે આપણાં સારાં કાર્ય માટે પણ જો આપણને દુઃખ ખમવાનો વખત આવે તો નિરાશ અને નાહિમ્મત થવાની જરૂર નથી. કેમકે આપણી લાયકીના દુશ્મન ઘણા થાય છે. એની એસ્કયુની લાયકાતને લીધે તેની સામે શત્રુવટ ઉભી થઈ હતી. તેના ઉપર બોહતાનો જોડી કાઢવામાં આવ્યાં, પણ તેણે પોતાની સાચવટને વળગી રહી દુઃખનો એક પણ પોકાર કાઢયો ન હોતો. તેનાં હાડકે હાડકાં છૂટાં પાડી નિર્દયપણે રિબાવી રિબાવીને મારી નાંખવામાં આવી તોએ એક અવાજ પણ ન હોતો કાઢયો, કે જરા તરફડીયાં પણ ન હોતાં માર્યાં ! પરંતુ તેને છુંદનારા અને ચીરનારા મારાઓની સામે તે ટગર ટગર જોતી પડી રહી હતી; અને પોતાની સચ્ચાઈ તજવા છેવટ સુધી ના પાડી શાન્તિથી મરણ પામી.

શાન્તિ એ જ, ઓ ગાયમાય! સર્વમાં ઉમદા છે. જેમાં મને શાન્તિ માની તેમાં જ સર્વ સુખ આવી રહ્યું, અને તેમાં જ સર્વ દુઃખનો અંત આવી ચુકયો. સર્પ વા પીને જ રહે છે. હાથીઓ ઘાસપાલો ખાઈને જ બળવાન થાય છે. ઋષી કંદમૂળ ખાઈને જ

દહાડા કાઢે છે. માટે સંતોષ એ જ શ્રીનું મોટું ધન છે. જેઓ ધનની પછવાડે દોડે છે. તેઓને મહેનત માત્ર થાય છે. સુખ ત્યારે થાય, કે જ્યારે આશાના પાશ છૂટે. ધનના આશરાથી આશા વધે છે, જેમ અગ્નિના આશરાથી તૃષા વધે છે. ખંતથી જે આશા વધે છે, ને તે મીઠી આશાનું જે પરિણામ મીઠું આવે છે, તે ભોગવવાનું ભાગ્યશાળી નરોના જ પ્રારબ્ધમાં હોય છે.

ડીઝરાયલી જેવો ઇંગ્લંડનો ઉસ્તાદ પ્રધાન ઘણો ઉદ્યોગી ને ખંતીલો હોવાથી પહેલાંથી ગમે એવી હારો ખમીને ઉત્સાહી રહ્યો, અને નિરાશ નહીં થતાં આગળ વધ્યો હતો. પ્રથમ તેણે સાહિત્યમાં ઝોકાવ્યું, અને "આલરોયની અજાયબ વાર્તા" તથા "રેવોલ્યુશનરી એપીક" નામનાં પુસ્તકો લખ્યાં, પણ લોકોએ તે હસી કાઢયાં, ને કલમનો કાચો નર કહેવાયો. આથી તેને ઘણો સંતાપ થયો. પછી બીજાં ત્રણ પુસ્તકો ઉપરા-ઉપરી પ્રસિદ્ધ કરી લોકોની વાખવાખી મેળવી, ત્યારે જ તેણે સંકટમાં સુખ જોયું. વકતા લેખે પણ પાર્લામેંટમાં પ્રથમ તો તેની હાંસી થઈ હતી, અને ફારસ જેવું તેનું ભાષણ ગણાયું, જેથી તેને બેહદ દુઃખ થયું.તેના ભાષણમાં વાકયે વાકયે હસી, મશ્કરી થઈ રહી, ત્યારે છેવટે બેસી જતાં તે બોલ્યો: "ઘણી વાર ઘણી બાબતોમાં મેં શરૂઆત કરી અને હાર ખમી છે, પણ અંતે મારી ફત્તેહ જ થઇ છે." તે આખરે ફાવ્યો; પણ જેમ બીજાઓ હારથી નિરાશ, નાઉમેદ થઇ પાછા ઉઠે છે તેમ તે ડીઝરાયલી હઠી ગયો નહીં

હે ગાયમાય! તને ઓછું પડે, તારી સાસુ તને અન્યાય આપે, તો તેનો બસ ન્યાય જ કરાવવાની હઠ લેતી નહીં. ન્યાય મેળવવા માટે સુખ અને દુઃખના બેય દરવાજા ઓળંગવા પડે છે.

એકાદી વસ્તુ સારૂ લડીને લોક અદાલતમાં ન્યાય કરાવવા જાય છે ત્યાં વકીલ ફાવે છે. વાદી પ્રતિવાદી લડીને થાકે, અને લાભ વકીલને થાય. ન્યાય એ શબ્દને અર્થ, વિચાર કર્યાથી કેવળ નીતિ થાય છે; પણ તે જ ન્યાય મનુષ્યનાં દુઃખનું કારણ થયો છે. આ ન્યાયને ભરોંસે કેટલાકને ભીખ માગતા દીઠા છે. આ ન્યાય માટે કેટલાક ઘરબાર વેચીને દેવું કરીને પોતાના આત્માને સંકટમાં નાંખે છે. તેમના મનમાં એવું ખરૂં કે આપણી બરાબર બીજો પણ વિપત્તિમાં પડે છે. કહ્યું છે કે જો માણસ નીતિવાળો અને ભક્તિમાન હોય તો તેને સન્માર્ગ દેખાડનારનું શું કામ છે? થોડું ખાનારાને વૈદ્યનું કામ પડનાર નહીં. જે ન્યાયમાર્ગે ચાલે છે અને પ્રામાણિકપણું ધરાવે છે, તેમને વકીલનું કામ પડનાર નહીં. જે ધર્મશાસ્ત્ર જાણે છે, ભલો અને ડહાપણમાં જે પ્રસિદ્ધ છે, એવા એકાદને આપણા અન્યાયની વાત સમજાવીને તેના કહ્યા પ્રમાણે ચાલવું એ યોગ્ય છે. માટે હે ગાય! ન્યાય લેવા જતાં બધી વાતની ખુવારી થાય છે. ન્યાય પણ આપણા જ હાથમાં છે. મોત શિવાય માણસના હાથમાં શું નથી?

"સબ કછુ સોંપા દાસકુ, ભગત મુક્ત સિધ સાધ; રીજક મોત કર અપને, હરિ ગુરૂ રાખી હાથ." માણસ અસત્ય રાખી અન્યાય મેળવે તો તે ન્યાય જ છે. તું એક અસત્ય રાખી કોઈની એકાદી વસ્તુ ચોરીથી કે અન્યાયથી મેળવીશ, તો ઈશ્વર તેથી તારૂં એકવડું જ લેશે એમ નહીં જાણતી. તે સાહેબ તો બેવડું; ચોવડું લઈ લેશે અને તું તેને અન્યાય કહેશે તો તે તારી ભૂલ છે. કહેવત છે કે, "બનિયા ચોરે પળી પળી, ને રામ ઉઠાવે કુપ્પા."

હે ગાય! તારી સાસુ તને એક કામમાંથી ઉઠાડી બીજું સોંપે તો તે જ કામ તારૂં પહેલું છે એમ તું સમજીશ તો સાસરામાં શોભીશ. ઘણાં કામે ઘણી રાહત સમજજે. તેમાં જ તને સુખ મળશે. આળસુ પડી રહેવાથી વિસામો મળેલો સમજતી ના. હેલે ફીલસુફે પોતાનો અભ્યાસ દર રોજના ૧૬ કલાક પ્રમાણે કર્યો હતો, અને જ્યારે કાયદાના અભ્યાસથી તે કંટાળી જતો, ત્યારે “ ઉઠ રે વહુ વિસામો ખા, હું કાંતું તું દળવા જા ” એવી રીતે, કંટાળેલા મગજને રાહત આપવા ફીલૉસૉફીનું પુસ્તક વાંચવા બેસી જતો, અગર ગણિતનો અભ્યાસ કરતો હતો. આથી વિદ્વાનોના મંડળમાં તે શોભી નીકળ્યો. એ જ રીતિ સાસરાનાં સુખ મેળવાને તું અખત્યાર કરજે. હ્યુમે પોતાની હીસ્ટરી ઑફ ઇંગ્લંડ પ્રકટ કરી, તે દર રોજના ૧૩ કલાક લખીને પૂરી કરી હતી, અને શૉખની સેવામાં વધારે તેને શક્તિ મળી. તેમ તારી સાસુ તને ૧૩ કલાક કામ સોંપે, તેને તું તારી રાહતની ફરજ જો ગણીશ તો શૉખની સેવા કરતાં ફરજની સેવા હ્યુમના કરતાં તને ઘણી મોટી રાહત આપશે. મૉન્ટેસ્કે પોતાના લખાણના એક ભાગ વિષે વાત કરતાં પોતાના મિત્રને કહ્યું હતું કે, “ થોડાક કલાકમાં તમે તો એ ભાગ વાંચીને પૂરો કરશો, પણ હું તમોને ખાત્રી આપું છું, કે એકલા એટલા જ ભાગે મારા કાળા નિમાળાને ધોળા કરી દીધા છે ! ” સાસરાંનાં કિંચિત દુઃખ ભોગવવાથી જેટલો સંતાપ તને થશે, તેટલો સંતોષ મૉન્ટેસ્કની માફક, સાસરાનાં વૈતરાં કર્યાથી મળનારાં કિંચિત સુખથી તને થશે. ભલે કાળા નિમાળા ધોળા થાય, મહિયરમાં તું ભલે પાદશાહી કરે, પણ સાસરામાં તો ઘરનો કુતરો પણ તને

કરડવા ધાશે. જેમ્સ રાજાની આંખમાં મચ્છર ગયો, ત્યારે તેણે તેને ઠપકો દીધો, કે મારી ત્રણ ત્રણ મહાન શહેનશાહતો પડેલી છે, છતાં તને મારી આંખ શિવાય રહેવાની બીજી જગા જ નહીં મળી ? આવી જ ગતિ સાસરામાં તારી થશે, ને નોકર ચાકર પણ હીણુશે, તોએ તેનો સંતાપ કરીશ મા. કેમકે છેવટે તું જ તે ઘરની રાણી થઈ તેમની પાસે તારી જુતી ઉચકાવશે. સાસુસસરાના અન્યાય ઉપરાંત નણંદભોજાઈઓ પડ્યા ઉપર પાટું મારશે, પણ તે વાતનું તારે બીલકુલ દુઃખ માનવું નહીં. આખરે સાસુસસરા પોતાના મોટા ધણીને ધામ પહોંચશે, ને નણંદભોજાઈ પોતપોતાના ધણીને ઘરેબારે થઈ જશે, અને છેવટે ઘરની રાણી તું જ થઈશ. નણંદભોજાઈની સરકશી જ તેઓને તારા હક્કદાર ઘરમાંથી બહાર કાઢશે, અને તેઓની આપખુદી તથા તેમની મગરૂરી તેમનો નાશ કરશે.

નાશ હો જાતા હય વ્હો, જીસકા કે આતા હય ગુરૂર,
સાહિબે દીદારકો અંધા બનાતા હય ગુરૂર.
હાથસે યેક અદનેકું નીચા દિખાતા હય ગુરૂર,
અક્કલસે બાહાર હય વ્હો, જીસમેં સામાતા હય ગુરૂર.
સર ઉઠાયે જો ખુદીકી રાહમેં ચલતા રહા,
શમઅકી માનિન્દ વ્હો, રોતા રહા, જલતા રહા.

દિલાસા. પત્ર ૨૨ મો.

> “There is a calm when Grief overflows,
> A refuge from the worst of woes;
> It comes when Pleasure’s dream is o’er,
> And Hope, the charmer, charms no more.
> ’Tis where the heart is wrung till dry,
> And not a tear bedews the eye,
> ’Tis where we see the vacant gaze,
> While not a smile the lip betrays.”
>
> *Moore.*

“ જ્યારે શોક ઉભરાઈ જાય છે ત્યારે એક પ્રકારની શાન્તિ રહે છે, જે ખરાબમાં ખરાબ દુઃખોમાંથી વિશ્રાંતિ રૂપ થાય છે, મોજમજાહનું સ્વપ્ન પૂર્ણ થતાં તે શાન્તિ આવે છે અને મદારી આશા વધારે વખત આનંદ આપતી નથી. જ્યાં હૃદયને સૂકકું થતાં લગી નીચોવવામાં આવે છે અને એક પણ આંસુ આંખમાં રહેતું નથી ત્યાં તે રહે છે; જ્યાં આપણે શૂન્ય દૃષ્ટિએ જોઈએ છીએ અને હોઠમાંથી જ્યારે એક પણ સ્મિત ફરકતું નથી ત્યાં તે રહે છે.”—મૂર.

બાવા ! તમે મરવાને માટે તૈયાર હશો, તો દુઃખ તમારો ઉંબર ઓળંગી જવાને તૈયાર હશે. મોતથી તમારા દુઃખનો અંત આવશે, એટલા જ સધ્યારાથી તમે શાંતિ પકડો. સર ટૉમસ મુરનો દાખલો લ્યો. આ નામાંકિત નરને ફાંસીની સજા થઈ ચૂકી હતી. તેની આ દુનિયાની કારકીર્દિનો આખર કહાડો આવી પુગતાં, બામદાદની વેળાએ તેના ઈષ્ટ મિત્ર ટૉમસ

પોપનાં પગલાંથી તેની ઉંઘ ઉડી ગઈ, અને જે છેવટ તેણે ધારી રાખ્યું હતું, તેની પૂરેપૂરી ખાત્રી મળી, કે તે સવારે કલાક નવને અમલે તેણે પૂરતી તૈયારીમાં રહેવું. આ ખબર તેના કાન ઉપર પડતાં સહેજ પણ ધાસ્તી ન રાખતાં તે શાન્તપણે બોલ્યો:—"જે જે ફાયદા અને નવાજેશોની મારી ઉપર બક્ષિસ થઈ છે, તે માટે હું રાજાનો અતિ આભારી છું; પણ આ જંજાળભરેલી દુનિયાનાં દુઃખોમાંથી મારો સહેજમાં છૂટકારો કરવાથી મારા ઉપર ભારે અહેસાન કીધું છે. પ્રભુ મને સહાય થશે."

બાવા ! મોત એ દવા વગરનું દર્દ છે, માટે ભરોંસા વિનાની આ દુનિયા સાથે દોસ્તી ના બાંધો. જૂઓ પેલો શાયર તમોને બોલાવે છે:

"બેઆ ! તફર્રજે ઈ ચર્ખે બેમદારા કુન,
નઝર બ હાલે સેકન્દરો હાલે દારા કુન.
કજા કજા ન શવદ અએ અજીઝે મન હરગેજ,
તો ખાહ ફાલ કોશા, ખાહ એતેખારા કુન.

આવ ભાઈ ! આ વગર દયાના ફરતા આકાશની લગાર સેહેલ તો કર ! પછી દારા અને સીકંદર જેવા પાદશાહોના કવખતના મોતની હકીકત તરફ નજર કરી વિચાર કર. તેમને મોતના પંજામાંથી ઉગારવાને મહાન વૈદો અને જોશીઓની કંઈ ખોટ હતી નહીં. માટે હે પ્રિય ભાઈ! કુદરતનો હુકમ કદિએ પાછો ફરતો નથી જ. એમ જાણવા છતાં દર્દીને બચાવવાને સારૂં જો તું નજુમનાં દફતરો ખોલાવીને, અથવા દર્દીને માટે ધર્મગુરૂઓ પાસે ખેરિયતની ગમે એટલી દુવા ભણાવીને તેને

મરણમાંથી બચાવવા માગતો હોય, તો તે એક નિર્જીવ છબીને બોલાવવાની કોશિષ કરવા બરાબર છે. માટે બાવા ! ભર્યા ભારમાં ઇજ્જતઆબરૂમાં આવેલું મોત આવકારદાયક જ તમારે લેખવું જોઈએ. બધા રોગોની દવા તમારે કરાવવી, પણ મોતના રોગની દવા કરાવવી જરૂરની નથી.

ડેસ્કારટીસ ફીલસુફને વગર વાંકે બેગુનાહ તેના દુશ્મનોએ મારી નાંખવા કાઢયો, ત્યારે તેની બાયડી ઘણી રડવા લાગી કે, તેનો ધણી ફોકટનો વગર વાંકે બીન ગુનાહ માર્યો જાય છે. જ્યારે તે ફીલસુફે પોતાની બાયડીને એ પ્રમાણે રડતાં જોઈ ત્યારે તેણે તેને કહ્યું:—"ચુપ રહે ! શું તું એવું ઇચ્છે છે, કે મારી ઉપર કોઈ ખરો વાંક આવે ને હું માર્યો જાઉં ?" તેની કહેવાની મતલબ એ કે—"હું વગર વાંકે માર્યો જાઉં છું, તેને માટે તારે દિલગીર નહીં થવું જોઈએ. હું વધારે વખત જીવતો રહું, મારાથી કાંઈ ખરી ભૂલ થાય, તે ખરા વાંક માટે હું માર્યો જાઉં, અને તેથી મારી કીર્તિને કલંક લાગે તેના કરતાં હું વગર વાંકે મારા નામને ડાઘ લગાડ્યા વિના મરૂં તે બહેતર છે."

બાવા! તમે ફીટરનું કામ કરો છો, તેથી મને કેળવણી નહીં મળશે, ને તમારા મુવા બાદ મારૂં શું થશે, એ તમારો ધખારો કલ્પિત છે. મારો ખુદા મારી સાથે છે. કદાચ હું જ તમને અને તમારા હલકા કુળને દીપાવનાર નશીબદાર કાં નહીં નીવડું ! કવિ **મીલ્ટન** લંડનના એક પ્રીકારકુનનો છોકરો હતો; **પોપ** અને **સધે** જેવા કવિરાજો કાપડિયાઓના છોકરાઓ હતા, પણ પોતાની જાતિ ચંચળાઈથી કુટુંબનો દહાડો ફેરવી શકયા હતા. પ્રૉફેસર **વિલ્સન** એ

ગરીબ કારીગરનો બેટો હતો. અને લૉર્ડ મેકૉલે આફ્રિકન ફેરિયા વેપારીનો દીકરો હતો. તેઓએ પોતાનાં નશીબ ફેરવ્યાં તો હું કાં નહીં ફેરવું? કીટ્સ એક ગરીબ ગાંધી હતો, અને સર હંફરી ડેવી ગાંધીની દુકાને રાખેલો નોકર હતો. તે બન્નેની નબળી હાલત કદિએ ફેરવાશે નહીં એમ સર્વ કોઈ કહેતાં હતાં, પણ સર્વને તેઓએ પોતાની હુશિયારીથી ખોટાં પાડ્યાં. વાસ્તે બાવા! મારી ફીકર તમે ના કરો. મારા હક્કનું હશે તો તકે આવશે જ.

કોઈ હસી કહાડે, કોઈ ગુસ્સે થાય, યા કોઈને ખરાબ લાગે એમ બોલવું નહીં, એટલી તમારી શિખામણ મારા હૈયામાં ચોંટેલી રહેશે, ઉંચા કે નીચા કુળનું હું, આપની શિખામણ પ્રમાણે, જરાએ અભિમાન કે અંદેશો રાખીશ નહીં. મને યાદ આવે છે કે, બ્રાહ્મણી ઉચ્ચ કુળમાં જન્મેલી છતાં એક ગરીબ પણ ધર્માત્મા બ્રાહ્મણને જ વરી બ્રાહ્મણપત્ની કહેવાઇ હતી. બ્રાહ્મણોને હલકા ગણી ધિક્કારનારાઓને તેણે ઘણી નશિયતો દીધી છે, તે મારા મગજમાં તાજી છે. બાવા! કંગાલ બાપનો દીકરો પણ કંગાલ જ રહી થાકવાનો, એ કાંઈ સિદ્ધાંત નથી. ઘણા દાખલાઓએ એ હકીકતને ખોટી પાડી છે. ઘણાં કંગાલ માબાપને પેટે જન્મ લઈ નામ કાઢનારાઓમાં "કમનશીબ જેકોર્ડ" નું નામ જાણીતું છે. તેને ભણાવવા જેટલી પણ માબાપની ગુંજાશ ન હોવાથી કાગદીને ત્યાં ચોપડાં બાંધવા માટે તેને ચાકરીએ રહેવું પડેલું, અને જાતિ ચંચળાઈથી વધીને સુખી થયો હતો, તે હું જાણતો નથી શું?

દૈવ્યાગત અનેરડી, રખે શંકા કરો જો કોય;
આરંભ્યા સો હુહી રહે, અવર ઓચિંતા હોય.

દૈવની ગતિ હવે તો બધાં જ ચેતી ગયાં છે, ને જે સ્થિતિમાં દૈવ રાખે તે સ્થિતિમાં સંતોષ રાખવાનું પણ હવે સર્વને જ્ઞાન થયું છે. કેમકે "Patience is the finest and worthiest part of fortitude, and the rarest too. ધીરજ એ સહનશક્તિનો સુંદરમાં સુંદર અને ચોગ્યમાં ચોગ્ય અંશ છે અને સૌથી વધારે વિરલ પણ છે." સબુરી રાખવી, ને આવી પડે તેનો ઉપાય કરી જોવો. હાથપગ બાંધીને બેસી રહેવામાં શું વળ્યું ? કહ્યું છે કે;

" કરવો કાંઈ ઉપાય, બળ્યે હવે શું નીપજે !
થાવાનું તે થાય, ગભરા નહિ બાપા ! રજે.
લખ્યો વિધિયે લેખ, તે મિથ્યા થાતો નથી;
મારી દુઃખની મેખ, સહ્યા વિના સિદ્ધિ નથી. "

દેવદત્તની પવિત્ર અને સદ્‌ગુણી સ્ત્રી ચંદ્રપ્રભા દુઃખી હતી. તેનો વર ઘણો દુરાચારી નીકળ્યો, તેને હદ બહાર સંતાપ કરાવતો હતો, છતાં પતિ ઉપર હું અગાધ પ્રેમ રાખનારી નીવડીશ, એવો દૃઢ નિયમ કરીને તે પતિને સુધારવાના ઉપાય કરવા લાગી. આખરે મહા મુશીબતે તેણે પતિને પાધરો કર્યો, ને પોતે ઘણું સુખી થઈ. પણ જો તે પતિના દુઃખના હાયસોસારા કરતી હાથપગ વાળીને મૂઢ જેવી બેસી રહી હોત, તો વગર ઉપાયે તેનો દહાડો શું સુધરત ખરો ?

બીજો દાખલો મહેંદ્ર રાજાની પુત્રી અંજનીનો છે. તે રાજા પ્રહ્‌લાદના પુત્ર પવનજય સાથે પરણી હતી. પરંતુ ધણી પોતાની ધણીયાણીને તરછોડી બેઠો હતો. ધણીથી તરછોડાયેલી સ્ત્રીને સુખ શેનું ? તેને એક વાર ચક્રવાક પક્ષીથી

વિયોગ પામેલી ચક્રવાકીને રૂદન કરતી જોઈ જરા જીવ ડેરવ્યો. બનાવ એવો બન્યો, કે લડાઈ ઉપર જતાં જતાં રાત્રે જ પવનજય પાછો ફરી અંજની સાથે એક રાતવાસો કરી ગયો હતો, એટલે અંજનીને ગર્ભ રહ્યો. પરંતુ તેનાં બેખબર સાસુસસરાએ અને મહિયરનાં સંગાએ પણ તેના ઉપર પર-પુરૂષના સ્પર્શનું આળ મૂક્યું અને કાઢી મૂકી, તેથી તેને જંગલે જંગલ દુઃખો વેઠતાં રખડવું પડયું. "મન બળે તે કોઈ નહી જાણે, જંગલ બળે તે સૌ કોઈ જાણે." તેને સર્વેએ કાઢી મૂકી હતી. પણ સબુરી રાખી ઈશ્વરભક્તિમાં પડવાથી આખરે જ્યારે લડાઈ ઉપરથી પવનજય પાછો આવ્યો ત્યારે સર્વ ખુલાસો થયો. તેનું સત્ તરી આવ્યું ને હનુમાન જેવા મહા તેજસ્વી પુત્રની તે માતા થવા પામી ! અરેરે ! લોકની જીભ કેવી છે ! માણસની નેકી જાણે કે દરિયાની રેતી ઉપર લખાય છે, પણ તેની બદી અને ઍબ પથ્થર ઉપર કોતરાઈ રહે છે. લોકોએ અંજની માટે કરેલા કુતર્ક ઉંડી જડ ઘાલી એવા તો પોષાયા હતા, કે પ્રત્યક્ષ પ્રમાણથી સાબિત થવા છતાં શંકાશીલ જીભો નિંદા કરતાં અટકી નહીં. ખેર ! સત્યને ખાતર મથન કરતાં જ રહેવું.

જ્યૉર્જ સ્ટીવન્સ હમેશાં કહેતો, કે મેં જેમ કર્યું તેમ સર્વે જણા કરો, અને તેએ જ, કે પુઠ પકડી ખંતીલા રહો. તેણે પહેલવહેલું લોકોમોટીવ એન્જીન ચલાવવા પહેલાં ૧૫ વરસ સુધી તો માત્ર તેને સુધારા ઉપર લાવવાને મહેનત લીધી હતી. પણ આ ફત્તેહ માટે લોકો મશ્કરી કરતાં રહ્યાં. તે જ પ્રમાણે વૉટે પોતાનું એન્જીન સંપૂર્ણ બનાવવા માટે ૩૦ વરસ શ્રમ લીધો હતો અને લોકોએ ૩૦ વરસ સુધી તેના ચસકેલા ભેજાની નાલેશી કરવાનો શ્રમ લીધો હતો !

પણ “ ક્યા કરેગા દુલા, જીસે દે તીસે મૌલા. ” એ જ પ્રમાણે આ જહાનની જૂઠી લાલચ અને ખાલી ફીસિયારીને ખાતર, પેલી જહાનની ખરી ફરજો વિસરી જવી જોઇતી નથી. પૈસાના અથવા દોલતના તકલદી જોરથી આ ફાની જહાનની મોજમજાહો અને પાપી મતલબો ખરીદ કરવાને મશગુલ રહેવું, તે જાણે કે પેલા સદા કાળના જગતનું ખરૂં પાયાદારીભરેલું સુખ વેચી નાંખવા બરોબર છે. દોલતથી તમામ અનીતિનો જુસ્સો ખરીદી શકાય, અને અક્કલથી આખી દુનિયા ખરીદી શકાય. લોભથી મેળવેલી દુનિયા વહેલી લુંટાઇ જાય, ને ખંતથી મેળવેલી કીર્તિ સદાકાળ દીર્ઘાયુષી રહે.

સર વૉલ્ટર સ્કૉટ કોઈ ધારાશાસ્ત્રીને ત્યાં દરરોજ ગદ્ધાવૈતરૂં કરીને આગળ વધ્યો હતો. ૩ પેની લઇને એક પાના જેટલું લખાણ લખવાનું તે માથે લેતો. સવારથી તે રાત સૂધી મહેનત કરી ઘણી વાર ૧૨૦ તાવ લખીને ૩૦ શીલીંગ કમાતો ગયો. નવી ચોપડીઓ તેમાંથી ખરીદતો ગયો ને આગળ વધી નામ કાઢયું, તો જો કે મૂળમાં તો તે એક કાકકુન હતો. ! પરંતુ પોતાની ખંતથી તમામ સુધરેલી દુનિયાની કીર્તિ મેળવીને અને વળી પાછળ પણ તે કીર્તિને જમાનાઓ સુધી ચિરકાળ ચિરંજીવ રાખી ગયો છે. ભાગ્યમાં હોય તે મિથ્યા ન થાય. “ ભાગ્ય વિના નર કોડી ન પામે. ”

બાવા ! આ બધી દલીલોનો સાર એટલો જ સમજો, કે પ્રીટરના ધંધામાં મકકમ રહી. ખંતથી કામ ઉપર જ લક્ષ આપો, મારી કાળજી તમે ના કરો. તમારી ખંત ઉપરથી હું ખંતીલો બનીશ, જેમ તૈમુરલંગ તારતરીએ પોતાની જિતો એક કરોળિયાને આભારી ગણી છે તેમ. આફત સમે એક કરોળીયાની કામ

ઉપર મંડયા રહેવાની ખંતઉપરથી તૈમુરલંગે ધડો લઈ મુલક સર કર્યાં હતા, તેમ હું પણ સંકટ સમે ઉપાય કરીશ. કેમકે નશીબ-માંથી કાંઈ પણ નાસી છટકી શકતું નથી. No flying from fate. જેના તેના ગુણકર્મ જેને તેને જ પરવડે છે. હું મારી જાત ઉપર જઈશ, અને મારાં લક્ષણથી જ મારા જે કર્મગુણ હશે તે પ્રદીપ્ત કરીશ.

જે કોઇ પ્રેમ અંશી અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.
સિંહણ કેરૂં દૂધ હોય તે, સિંહણસુતને જરે;
કનક પાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નીસરે; —પ્રેમરસ.
સોમવલ્લી રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે;
વગળ—વંશીને વમન કરાવે, વેદવાણી ઉચ્ચરે. —પ્રેમરસ.
શક્કરખોરનું શાકર જીવન, ખરના પ્રાણ જ હરે;
ક્ષાર સિંધુનું માછલડું જ્યમ, મીઠા જળમાં મરે.—પ્રેમરસ.
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે;
મછભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ નવ ભરે.—પ્રેમરસ.
એમ કોટી સાધને પ્રેમ વિના, પુરૂષોત્તમ પુંઠ ન ફરે;
દયા પ્રીતમ શ્રી ગોવરધનધર, પ્રેમભકિતયે વરે.—પ્રેમરસ.

દિલાસાં પત્ર ૨૩ મો.

"What though your fame,
with all its thousand trumpets,
Sound o'er the sepulchres,
will that awake The sleeping dead?"

Sewell.

"જો કે તારી કીર્ત્તિ પોતાનાં, બધાંય હજારો રણસીંગાં વડે કબરોપર અવાજ કરે તો પણ તેથી શું વળવાનું? શું તેનાથી કાંઈ સદાને માટે ઉંઘમાં પડેલાં–મરી ગયેલાં જાગશે?"

સેવેલ.

અએ ચમન! તારા ઘરમાં મોત થયું. તું બેબાકળો થયો. ખુદાની બંદગી કરવામાં પણ તું ઢીલોઢચ થઈ ગયો. એથી તું જો છેક નિશ્શોસ ને નિરાશ થઈ કંઈ જ હાલી શકતો નથી, તો જા કોઈ પુસ્તકખાના આગળ, ને મનુષ્યના દિલાસાથી તારા મનનું સમાધાન ન થતું હોય તો એક કીતાબખાનાને તેનો ઉપાય પૂછ. ઝેનોફન કે સીઝર, નાદીર કે જંગીશખાન, સીકંદર કે નેપોલીયનની ચઢાઈ લડાઈની કીતાબ પકડીને આવી લડાઈ લડવાનું તેઓને કારણ પૂછ. ડેમોસ્થેનીસ કે સીસેરોને તેમની ફીલસુફીની તકરાર ચલાવતા તારી આગળ ઉભા રાખ. સૉક્રેટીસ કે પ્લેટોની કંપનીમાં જોડાઈ જા. ન્યુટન કે સૉલોમનની સંગતમાં રોકાઈ જા. ડેન્ટે કે ફીરદોશી, સાદી કે હાફેઝ, સેક્સપીઅર કે મીલ્ટન જ્યાં મળી આવે ત્યાં તેઓની

સાથે વાતમાં વળગી જા. એ લોકોની જૂની પુરાણી કંપની તારા દુઃખમાં તારૂં મનરંજન કરી શકશે.. તે તારા સંસારત્યાગમાં કે, એકાંતવાસમાં તને આશ્રય આપશે. તું તારા ઉપર બોજા સમાન થઈ પડ્યો છે, તે તારો બોજો હેઠળ ઉતારી આપશે. તારા સંતાપ, ને દુઃખ ભૂલાવવામાં સહાય થશે. તારી ફીકરચિંતાને શાંત પાડ, અને તારી નિરાશા, નાઉમેદીને વહેલો ઉંઘમાં નાંખી દે. "અન્ન ખાઈને માણુસ જીવે, ને માણુસ ખાઈને જમ જીવે." તું નાદાન ન થા, ને મૈયતની પાછળ રડ રડ ના કર.

"સાંભળ અજ્ઞાની આદમ ! આલમ છે આ ફાની;
તે પર બી ફરવાનું પાની, તજી નાદાની નાદાની.
અરે તુફાની ગુમાની, અભિમાનીથી ટલ !
માની લેની મારી વાની, તારી જવાની જીંદગાની;
પાણીના પરપોટા સાની, ફૂટસે હર પલ !
નીતિરીતિથી લે જિતી, ખાલીક માલીકની તું ભીતિ;
તેના ગુણ ધૂનની ગા ગીતિ, તે દુઃખ હરશે કરશે પ્રીતિ, હિતિ;
જો તું દારા જમ મુવો છે, જાલ અને રૂસ્તમ મુવો છે;
ગેવ અને ધુસતેહમ મુવો છે, કાઉસ ને કોહકમ મુવો છે;
બેજન બીન હુરમદમ મુવો છે, બરજોર ચરમે નમ મુવો છે;
તેમુરબી પુર ગમ મુવો છે, કૈસુસ તુસ બેદમ મુવો છે;
ગાફીલ ના રહે ! ચેત હર પલ !"

ચમન ! ચેત હર પળ. તારૂં રૂદન કાંઈ મુવાંઓને પાછાં તેડી લાવવાની હાંક નથી. જા પાછો પુસ્તકખાનામાં. જીંદગીથી આપણે કંટાળીને બેજાર થયાં હોઇએ ત્યારે મુવેલી હાલતનાં પુસ્તકોની આગળ જવું, કે જે બાપડાં આપણી સાથ વાતમાં

ખીજાયલાં, કેહરાયલાં, કે મગરૂર જણાશે નહીં. મંગોપાક કે માર્કો પોલો સાથે તું મુસાફરી કરશે તો તેઓ તને તેમાં સામેલ કરશે. સર રૉજરડી કૅાવર્લી સાથે તું શેકહેંડ કરવા મંડી જા, તે તને શાંત પાડશે. કવિ ગ્રે સાથે ફરવા નિસર, તે તને એકાંતવાસની મજહ ચખાડશે. પાર્સન આડમ્સને કોટી કર. ટૉમ્મનને ઘેર જા, કાઉલી સાથે ત્યાગ લે, હટનની જોડે ઉદ્યોગ કર. બંદક કે બરથોલ્ડ સાથે હાસ્યરસ લઈ તો જો! ડીફો સાથે એકલોઅટુલો, કુંજરાયલો, અને દુઃખી રહેવા ન માગતો હોય, તો તેની પાસે જતો જ ના.

હે ચમન! આ ઉપાયો દુઃખનિવારણના છે, બાકી સગા-સ્નેહીઓ તો જીવતે પૂછે, મુએ ધડાધડ પીટે. નાશ પામેલી વસ્તુનો શોક ફીલસુફો કરતા નથી. શાંત સ્વભાવ અને ધીરજ માટે સૌથી વિકટ કસોટીમાંથી પસાર થનાર જીનીવા શહેરના રહીશ ફીલસુફ અબુઝીટનો દાખલો લે. પોતાના બધા અભ્યાસોમાં 'હવાના પૃથક્કરણ'ના અભ્યાસ ઉપર તે ઘણાં વરસોથી તનમનથી મંડયો હતો. કલાકોના કલાકો સુધી તે બૅરોમીટર (હવા માપવાનું યંત્ર) પોતાની આંખ સન્મુખ લઈ બેસીને શોધો ચલાવતો. સત્તાવીસ વરસ દરમ્યાન તેણે એકથી અનેક શોધો કરી. તે એ શોધોનું ટાંચણ એક કાગળ ઉપર ઉતારી લઈ દીવાલ ઉપરે ટાંગેલું રાખતો. એક દિવસ એક નવો નોકર અબુઝીટને ત્યાં રાખવામાં આવ્યો, જે પોતાના માલેકનો અભ્યાસનો ઓરડો સાફ કરવા રોકાયો હતો. જ્યારે અબુઝીટ ઓરડાની અંદર ગયો ત્યારે તેણે પોતાના નોકરને પૂછ્યુંઃ 'આ બૅરોમીટરની પાસે કાગળ ટાંગેલું હતું તે ક્યાં છે?' 'ઓહ, સાહેબ!' જવાબ મળ્યો, 'તે

કાગળ એટલું જૂનું ને પીળું થઈ ગયેલું, કે મેં તે બાળી નાંખી તેને ઠેકાણે આ નવું મૂકયું છે.' આ સાંભળતાં જ અબુઝીટે બે હાથોની અદબ વાળી, થોડાક વખતમાં પોતાના જીગરમાં ઉઠેલા તોફાની જુસ્સાનાં મોજાંઓ ઉપર ધીરજથી અને સ્વકાબુથી ફત્તેહ મેળવી, તે નોકરને શાંતિથી કહ્યું: !' દોસ્ત! તેં સત્તાવીસ વરસના મારા વિકટ ઉંડા અભ્યાસનો આજે નાશ કર્યો છે. હવે ભવિષ્યમાં આ ઓરડામાંની કોઇએ ચીજને તારે હાથ લગાડવો નહીં.' એ તે સ્વકાબુ! એ તે ધીરજ! એ તે શાંતિ! અને એ તે સ્વભાવ! ફીલસુફો જે વાત બની ગઈ, જે ચીજનો નાશ થયો, તેનો ગમ કે ગુસ્સો કરતા જ નથી, માટે આ બેઢંગી દુનિયાના ઢંગ ઉપર માહેતમ કેટલીક કરશે, ચમન!

ફાલ ખુદાની છે તે તાલ, તે પર આશા છે બેહાલ.
હું જાણું છું બાલે બાલ, જગના ઢંગો છે બેરંગ.
આવે જ્યારે બૂરો કાલ, નાંખે છે તે શેહતાન જાલ.
તેમાં આપણી ડોળાડોળ, એ દીસે છે અનધન રંગ.
છે બૂરો તે તો શેહતાન, જે કરે છે બુરાં કામ.
રબ પર આશા રહે હર આંત, તો તેમાં છે સૌનો સંગ.
મારો તે તો છે યજદાંન, જેણે સરજી જગ લાશાંન,
મન તે પર રીદા આ આંન, કે પામું હું આશા રંગ.

રે ચમન! સંસારના ભાતભાતના રંગનો તું મત્સર કરીશ નહીં. મત ઉપર ચઢવાથી તારામાં અદેખાઈનું ઝેર વધ્યું જશે, અને જેમ તુરાની પાદશાહ અફરાસીઆબના ભાઈ કુસરેવજને પાકજાદ સીઆવક્ષની અદેખાઇ લાગી, જેથી પોતાના બૂરી અક્કલવાળા ભાઈને ભંભેરી સીઆવક્ષને હેરાન કર્યો, અને સગાંવ્હાલાંઓને ગમખારીમાં નાંખી મહેલને ઉજ્જડ બનાવ્યે

હતો, તેમ તારૂં ભર્યું ઘર તું ઉજ્જડ વાળશે. માટે ગમ ખાઈ જા. કોઈને દુભવીશ નહીં. બીજાંઓને તારા મત્સરથી સતાવીશ નહીં. દુનિયા તો એવી જ છે, ને તેના ઢંગે એવા ને એવા જ છે. બીજાંઓ પ્રત્યે ગેરઇન્સાફની કદુવા તારી પછવાડે લાગુ રહેશે. તું હમ્મેશાં ધાસ્તીમાં રહેશે. તારા મનની એકરારી અને જીવની લુટાલુટ, ખાહેશ, એ સર્વ બીજાંઓ ઉપર ગજબ ગુજારશે. તેનું વેર તારી ઉપર લેશે. અરે ! ગરીબ લોકની દરિદ્રી હાલત ખરાબ માણસના દિલના; દુ:ખ આગળ શી વિસાતમાં છે?

હે ચમન! તારા જ ઘરમાં કાંઈ આજે નવાઈનું મોત થયું નથી. રોજનાં એવાં વ્હાલાંઓથી વિખટાં પડતાં લાખો મડદાં ચાલ્યાં જાય છે, પણ ખોવાઈ ગયેલાંનો, મરી ગયેલાંનો અને થઈ ગયેલા બનાવોનો વિદ્વાનો શોક કરતા નથી. કારણ કે પંડિતો અને મૂર્ખોની વચ્ચે આ વિશેષ ફેર હોય છે. આ જગત ક્યારે ડૂબશે તેનો જ્યારે ભરોંસો નથી, ત્યારે પછી આ દેહ ક્યારે નાશ પામશે તેનો શો ભરોંસો ?

"નહી તનકા ભરવંસા, જેસા પાની બીચ ધુલેગા બતાશા.
એ તો દો દિનકી જીંદગાની મત કરના મગરૂરી,
માયા દોલત કુછ નહી તેરી, એ તો ધૂપછાંવકી ફેરી
તૂટેગી આકેબતકી જબ દોરી, પલક નહી શબુરી,
આખર હોઈગા જંગલકા બાસા—નહીં.
બીછાને નરમ તકીઆ મુખમલ, માડી ઉપર માલ ચઢના તુરંગ હાથી,
સુખપાલસે લેકુ પેટે લાલા, ખજીને જવાહીર ખાને હીરે લાલ,
સબહી જાવેગા ડાલ, સાથી નહી આવેગા રતિ માસા.—નહીં.
કર કુચ ખુદાકે નામપે ખેરાત, સોઈ કમાઈ ચલી તુમારે સાથ,
નહીં પડેગા જમકે હાથ, માર કરેગા ફેશાદ,
કહત કબીરા તુમ બચેગા કઈસા.—નહીં."

મુવાં પછવાડે રડવું ન જોઇએ. એ બધા ધર્મોનું ફરમાન છે, તેમ જ જરથોસ્તી ધર્મમાં પણ ઘણી અચ્છી રીતે દર્શાવ્યું છે. જેમાં વંદીદાદ(પર–ર–ફ. ૧૧)ની પહેલવી સરેહમાં નીચે મુજબ કહે છે:—"જરથોસ્તે અહુરમજદને પૂછયું કે, આએ હાડમંદ દુનિયાના પેદા કરનાર અશો અહુરમજદ ! પાંચમી જમીન શાથી ગમગીન છે ? ત્યારે દાદાર અહુરમજદે જવાબ આપ્યો કે, ઓ અશો જરથોસ્ત ! જે જમીન ઉપર મજદયસની દીનનો અશો મરદ અથવા ઓરત તથા બાળક ગુજરે ત્યારે લોકો ભુખાં અને પ્યાસાં રહે અને જારી અને પોકાર કરે તે જમીન ઘણી નાખુશ થાય છે." માટે હે ચમન ! લુંટાયા પછી ભો નહી, ને આથમ્યા પછી અસુર નહી. તારી કાલીવાલી, કે તારી સમજાવટથી કુદરત છેતરાવાની નથી એમ સત્ય જાણજે.

કુદરત તો ભલી ખંધરૂ, ખડે ન લાગે ચોટ;
કોટી જતન કર દેખતો, પડે ખાલી ખન ઓટ.

હે ચમન ! નશીબ પણ તારૂં પેદા કરેલું છે તારૂં કરેલું કર્મ તે જ નશીબ. તારા વિચારનાં ઝાડ ઉપર ઉગેલાં ફળ તે નશીબ. તારી જીભે ઉચ્ચારેલા શખુન તે નશીબ. માટે તું જે કાંઈ બોલ્યો, જે કાંઈ તેં વિમાસ્યું, અને જે કાંઈ તેં કર્મ કર્યું, તેનાથી જ તારૂં નશીબ બંધાયું છે. તારો રચેલો મહેલ તું કેમ તોડી પાડશે ? વિધાતાએ લલાટમાં જે અક્ષરમાળા લખી છે તેને પોતાની શકિતથી ભુંસવાને મોટા પંડિતો પણ સમર્થ નથી. માટે તારી ઉપર કાંઈ પણ દિલગીરી આવી પડે, ત્યારે તેના કરતાં વધારે સંકટને યાદ કર, જેથી તારૂં દુઃખ દૂર થાય. તને ઘટે છે કે, તારે તો કલ્પાંત નહીં જ કરવું, પણ હવે તારે આશરે પડેલાંઓને તું તો દિલાસો આપતો રહે.

" 'Tis woven in the world's great plan,
And fix'd by Heaven's decree,
That all the true delights of man
Should spring from sympathy."

" મનુષ્યની સર્વ ખરી મોજમઝાહો દિલસોજીમાંથી ઉત્પન્ન થવી જોઈએ એવું નિર્માણ દુનિયાની મહાન યોજનામાં ગુંથાયું છે અને પરમેશ્વરના હુકમથી નક્કી થયું છે."

મોતસમયે બીજાનાં મોત જોઇને જીવ ઠેરવ. ચમન! દુઃખના વખતમાં બીજાઓના દાખલા એ જ મુખ્ય દિલાસો છે. તો જો કે વગર જીભે તે દાખલાઓ આપણને ધૈર્ય રાખવાનું શિક્ષણ આપે છે. મનુષ્યની વ્યાવહારિક નિશાળ એ બીજાંઓનાં દૃષ્ટાંતો જ છે. પ્રસૂતાની પીડા વંધ્યા શું જાણે? સિદ્ધાંતો માત્ર આપણને માર્ગ બતાવે, પણ બીજાનું જોઈને જીવ ઠેરવવાના દાખલા આપણને અનુભવસિદ્ધ ધીરજ આપી શકે. સારી સલાહ જો સારાં દૃષ્ટાંતથી આપી હોય, તો તે દિલાસારૂપ થઈ પડે. માણસો જાતે જે દાખલા જૂએ, કાને સાંભળે, અને પછી પોતાની ઉપર પડેલી વિપત્તિનો વિચાર કરે, તો તેને પોતાનું દુઃખ ઓછું લાગે.

હે ચમન! હિમ્મત અને વિશ્વાસના દાખલા ધૈર્ય અને શાંતિ આપવા માટે ઘણા જરૂરના છે. નૉર્થકોટ જ્યારે નાનો હતો ત્યારે મહાન ચિત્રકાર રેનૉલ્ડ તરફ એટલો તો મરી ફિટતો ને તેના જેવો થવા ઈચ્છતો, કે એક મેળાવડામાં જેમ તેમ ટોળાંમાંથી જઈને તેના ડગલાને જરા હાથ લગાડી આવ્યો, ને તે પછી તેણે મજબુતીથી માની લીધું કે તેના જેવો તે

પ્રખ્યાત થવાનો જ. ખરેખર; તેટલો નહીં તો ઘણે દરજ્જે તે પાછળથી પ્રખ્યાત થઈ શકયો. તારા ઉપર હમણાં હમણાંમાં ઘણા ઘણા દિલાસાપત્રો આવ્યા હશે, તેમાં સૌ કોઇ લખી લખીને એમ જ લખતાં હશે, કે સબુરી રાખજે; ધીરજ રાખજે; હિમ્મત રાખજે. એ શિવાય લોકો બીજુ શું લખે ? માટે જે સ્થિતિમાં પ્રભુ રાખે તેમ રહીએ.

પ્યાલેકો દિયા હાથ, તો એ નિકલે ભીખારી,
બિઠલાકે ખિલાયા, તો વહીં ઉમ્ર ગુઝારી;
મ્યાનેપે ચડાયા, તો લગે કરને સવારી,
ઔર પાંવ ચલાયા, તો વોહી બાત સવારી.
જિસ ચાલમેં રખ્ખા વોહી ઉસી ચાલમેં ખુશ હુએ.

બીજાઓને તું સુખી ધારતો હોય, તો તેઓની ગુપ્ત સ્થિતિનો, તેઓની જેહમતનો, અને તેઓની જંજાળનો વિચાર કર્યા શિવાય તેઓની અદેખાઈ ના કરતો.

ચમન ! તને એક ઉત્તમ દૃષ્ટાંત કહું. મારશલ લેવરેની મહાન ફત્તેહ અને તેને મળેલા માન માટે તેનો એક મિત્ર અદેખાઈ ઉત્પન્ન કરે એવી મુબારકબાદી આપવા લાગ્યો, ત્યારે મારશલે કહ્યું: " મને મળેલા મહાભારત માનપાનની જો તને અદેખાઈ લાગતી હોય તો, એ જ માનપાન તને ઘણી ઓછી કિમ્મતે મળે એમ છે. લડાઈના મેદાનમાં તું આવ, અને તારા ઉપર હું માત્ર ૩૦ કદમથી બંદુકના ૩૦ બાર કરૂં, ને જો તું જીવતો રહેવા પામે તો આ બધું મારૂં માનપાન તને આપું ! " મિત્રે એવું સાહસિક માન લેવા ના પાડી; ત્યારે મારશલે કહ્યું—" હવે ત્યારે વિચાર કર, કે ૩૦ કદમ કરતાં પણ ઓછા કદમની નજીકમાં ૩૦ વખત જ નહીં પણ તેના કરતાં

એક હજાર ગણી વખત મારા ઉપર ગોળીઓ છૂટવા પામી હતી, અને તેમાંથી હું બચ્ચો છું, અને તેથી જ હું આવા માનપાનને લાયક થયો છું ! ”

માટે હે ચમન! એક મોતથી જ સંસારનો ત્યાગ કરવાની વાતો શાને કરે છે ? એવો બાયલો ને હિચકારો થઈશ, તો પછી તારી માતા અને નાનાં ભુલકાંનું શું થશે, તેનો કાંઈ વિચાર કર્યો છે? જે પુરૂષ હાર ખાઈને પોતાના સ્થાનકનો ત્યાગ કરે છે તેવા પુત્રથી માતા દિકરાવાળી ગણાતી હોય, તો કેવા દિકરાવાળી સ્ત્રીને વાંઝણી કહેવી ? સબબ તને કહી મૂકું છું સાફ, કે ભવિષ્યની બાબતોનો આપણી શાંતિમાં ખલલ પડે એટલી બધી આતુરતાથી વિચાર કરવો નહીં. કારણ કે જે કુદરત ચાલતા વખતના બનાવો ખમવાને આપણને પૂરતી શક્તિ બક્ષે છે, તે જ કુદરત ભવિષ્યમાં પણ ધીરજથી સઘળું સહન કરવાને આપણને શક્તિવાન બનાવશે. ગીતિમાં ગાયું છે કે,

લાલચ આશા નહિ તે, સૌમાં સંતાષ નિત્ય મન આણે;
અપમાન માન ન ગણે, નિસ્પૃહી તૃણવત્ જગત્ કરી જાણે.

દિલાસા પત્ર ૨૪ મો.

" What is death
To him who meets it with an upright heart ?
A quiet heaven, where his shattered bark
Harbours secure, till the rough storm is past.
Perhaps a passage overhung with clouds,
But at its entrance; a few leagues beyond
Opening to kinder skies and milder suns,
And seas pacific as the soul that seeks them. "

Hurdis.

" જે સુધા અંતઃકકરણુથી મૃત્યુને ભેટે છે તેને મન મૃત્યુ એ શી ચીજ છે ? તે એક એવી શાંત સ્વર્ગીય જગા કે છે જ્યાં સુધી ખરાબ તોફાન પસાર થઈ જાય ત્યાં સુધી જ્યાં તેનું ભાગી ગયેલું વહાણુ સહીસલામત રીતે રહી શકે છે કદાચિત ફકત આગળ જ વાદળાંથી ઘેરાયેલો માર્ગ હશે; પરંતુ થોડા ખેતરવા દૂર વધારે માયાળુ આકાશ અને ધીમે પ્રકાશતા સૂર્યથી જોવાતો ખુલ્લો થતો માર્ગ છે, તેમ જ આત્મા જે શાન્ત દરિયાને શોધે છે તેના જેવો શાન્ત દરિયા આગળ ખુલતા પડેલા છે. "

હર્ડીસ.

હે ભલા રૂશી ! નામે તું રૂશી છે, તો ગુણે પણ રૂષિ જેવો સ્વાત્મભોગી કેમ થતો નથી ? તારો સ્વકાબુ એ જ તારો ગુરૂ છે. કેમકે એક માનવીએ પોતે પોતાની ઉપર રાજ્ય કરવું એ જ ખરેખરી જિત છે. તે પોતે પોતાનો જ રાજા છે. તે પોતાનો મનનો મોજીલો રાજા, બીજા તાજદાર રાજાઓની અદેખાઈ કરતો

નથી; કેમકે તે સ્વર્ગના દરવાજા ઉઘાડવા સારૂ જ મન-રાજ ઉપર રાજ્ય ચલાવે છે. ખરી મોટાઈ કાંઈ સત્તા અને હકુમતમાં સમાયેલી નથી. **ઍપીકટેટસ** કહે છે તેમ, **યુરિસ્થીઅસ** કાંઈ ખરેખરો આરગૉસ અથવા મીસીનીનો રાજા ન હતો; કેમકે તે પોતે પોતાની જ ઉપર રાજ ચલાવવાને પણ અશકત હતો, તો બીજાઓ ઉપર તો કેમ કરીને રાજ્ય ચલાવી શકે? વગર તાજના રાજા એવા **હરકયુલીસે** અંધાધુંધીને મારી હઠાવી ન્યાયનો પ્રવેશ કરાવ્યો, તો જોકે તે જેમ રાજા નહોતો તેમ નાગોભુખ્યો પણ નહોતો. ઈશ્વરની મહાન સૃષ્ટિનો વિચાર કરીએ, તો મોટા શહેનશાહો અને મહારાજાઓ સૃષ્ટિની માત્ર એક રજકણ ઉપર સત્તા ભોગવે છે. તેઓ ઈશ્વરના પેદા કરેલા મહાન પુરૂષો છે ખરા, પરંતુ તેઓને ઘડીભર પણ નચિંતાઈ નથી! ત્યારે શું મોટા થવાથી મોટાં માણસો સુખી કહેવાય?

બહુત દુનિયાંસે ઉલફતકી, મગર ઝહે બેવફા પાઈ,
ભરી ચાલો ચલનમેં લાખ લાખ ઈસકે દગા પાઈ.
જરો માલ ઔર સુરૂરો અયશ સબ ચલતી હવા પાઈ,
યહાં હર શયકી હસ્તીમેં છુપી આખિર ફના પાઈ.
નહીં કુછ દૌલતો ઇકબાલ, સબ ધોકેકી બાજી હય,
કમીની હય યહ દુનિયાં, કામ ઈસકા ફિત્ના-સાજી હય.

ઘણાં નાનાં માણસો, ઘણા કંગાલ ગરીબો, વખત આવે પોતાનું ઉત્તમ ચારિત્ર બતાવી એવું પૂરવાર કરે છે કે, એક હલકો માણસ પણ મહાન પુરૂષ જેવું મહાભારત સાહસ કરી શકે છે. રૂશી! આ બનેલી વાર્તા તને કહું તે સાંભળ. **એડીજ** નદી એક વાર એટલી બધી તો રેલમય થઈ ગઈ, કે તેના ઉપરનો મજબુત વેરોનાનો પુલ તમામ તૂટી પડયો. માત્ર એક ભુંગળા

જેટલો ભાગ બચી જવા પામ્યો. તેને મથાળે એક કુટુંબ વસતું હતું. તે ઘેરાયેલા અને ઘડી પલકમાં રેલમાં ડુબી જવાની ચિંતામાં પડેલા કુટુંબે શોરબકોર કરી મદદ માગી. તેઓનો કકળાટ જોઈ કાઉંટ સ્પોલ્વેરીનીએ જાહેર કર્યું, કે જો કોઈ આ કુટુંબને બચાવીને દુઃખના પહાડમાંથી છોડાવી લાવે, તો નાણાંની મોટી રકમ ઈનામ આપી નિહાલ કરૂં! આ સાંભળી એક જવાન ગામડીઓ ખેડુત ટોળામાંથી ધસી આવ્યો, બે એક એક નાની બોટ લઈને મુશીબતમાં આવેલાંઓ તરફ ભયંકર મોજાંમાંથી પસાર થઈ ગયો, અને જોખમભરેલી સ્થિતિની દરકાર વગર પેલા કુટુંબને સહીસલામત બચાવી લાવ્યો. કાઉંટે પોતાના વચન મુજબ મોટી રકમ લાવી પેલા જવાન બહાદુરને તે લેવા કહી. ત્યારે તે ગરીબ ગામડીયાએ જવાબ દીધોઃ—"નહીં, હું મારી જીંદગી વેચવાનો વેપાર કરતો નથી, માટે આ પૈસા આ ગરીબ કુટુંબના નિર્વાહને માટે આપી દો; કેમકે તેઓનું તો સર્વસ્વ ઘસડાઈ ગયું છે." આ દાખલા ઉપરથી ગરીબ સ્થિતિના આદમીઓ પણ કેવા ઉદાર દિલના હોઇ દુઃખમાં કેવા સહાય થાય છે, ને પૈસાની તમા રાખતા નથી, તેનો વિચાર કરી તારૂં ચારિત્ર ઉત્તમ કર. આવા કટોકટના સમયમાં જ **માણુસની** પિછાન નેપોલિયને કરીને કહ્યું હતું કે,

"When I was happy, I thought I knew men, but it was fated that I should know them in misfortune only."

"જ્યારે હું સુખી હતો ત્યારે હું ધારતો કે હું માણુસોને ઓળખતો હતો; પણ એવું નશીબમાં લખાયેલું હતું કે ફકત કમનસીબીમાં જ મારે તેમને ઓળખવા."

અએ જવાન રૂશી! હમણાં તું " મિથ્યા માયા " " જૂઠો સંસાર " એવા એવા ગહન વિષયોની વાત કરવી છોડી દઈ, તારે જે કરવાનું છે તે કર. અને પેલા શિયાળે સુવ્વરને આપેલો જવાબ ગોખી રાખ. કોઈ એક સુવ્વર એક ઝાડના થડ ઉપર પોતાની દાઢ ઘસતું હતું, ત્યાં એક શિયાળ આવ્યું. શિયાળે પેલા સુવ્વરને પૂછયૂં કે " અરે સુવ્વર! તારા ઉપર કોઈ શત્રુ ચઢીને આવ્યો હોય એવું તો કાંઈ આસપાસ નજર કરતાં જણાતું નથી. તો પણ તું અમથી દાઢ ઘસે છે એનું કારણ શું છે તે કહે! " સુવ્વરે ઉત્તર આપ્યો કે " ભાઈ! તેં ખરી વાત કહી, પણ તું જાણે છે, કે નવરી વેળાએ પોતાનાં હથિઆર ઘસી રાખવાં. શા માટે કે સંકટના વખતે નવરાશ મળશે એનો શો ભરોંસો ?"

રૂશી ! કહેવાનો સાર એ છે કે, ઘરમાં આગ લાગે ત્યારે કૂવો ખોદવા નીકળે એ મૂર્ખનું કામ છે. જ્યાં સુધી બાળપણ છે, અને માથા ઉપર પિતા છે, સંસારનો ખટલો માથે પડયો નથી, ત્યાં સુધી વિદ્યાભ્યાસ કરવો, જેથી કરીને યુવાવસ્થામાં સુખ થાય. તેમ જ યુવાવસ્થામાં તે વિદ્યાનો અનુભવ લેવો. ઇંદ્રિઓ સ્વાધીન રાખવી; દુષ્ટ વ્યસન ન રાખવું; દ્રવ્યનો સંગ્રહ કરવો; કે જેથી કરીને વૃદ્ધાવસ્થાના દહાડા સુખમાં જાય. એવો વિચાર જે પ્રથમથી કરે છે, તેને જ ખરો સાવધાન કહેવો. તે જ ડાહ્યો અને તે જ ખરો માણુસ, અને તેણે જ અક્કલનું સાર્થક કર્યું એમ જાણવું; અને એવા અનુભવ પછી હે રૂશી ! તને સંસાર મીઠો મધ જેવો લાગશે, અને દુઃખ જેવું તારે માટે કાંઈ શિલક રહેશે નહિ. માટે તને ઘટે છે ઓ રૂશી ! ઓ વિપત્તિના વંશ! કે તારા મનને હિમ્મત અને ધીરજની પુષ્ટિથી પ્રાતઃકાળે મજબુત કર, કે જેથી વિપત્તિનો બોજો, જે સર્વને વહેંચી આપેલો છે, તે તું પણ

ઘટતી હિમ્મતથી નીભાવી શકે. બાંદ અઝ રન્જ રાહત અસ્ત. ઘણી મુશ્કેલીમાં ઘણી વિશ્રાંતિ તને મળશે. સંકટ તારો ઉત્તમ રાહબર છે; તે જ તને પાર ઉતારશે.

સંકટસે સાધુ ભયે, સાધુસે મુનિજન હોય,
ચલા જાવે વૈકુંઠમેં, પલા ન પકડે કોય.

ઉપર તને જે ક્રમ બતાવ્યો છે, તે ક્રમે ક્રમે ચઢી ભવસાગર તરવાની કોશિશ કર. ચઢતીના વખતમાં છકી બકી જઈશ નહીં. સ્વપ્ના જેવું જગત, છાયા જેવી માયા, અને અસાર સંસાર વિષે ચેતેલો ચાલ. હું મારા અર્ધી સદીના જાતિ અનુભવથી, મારા ઉપર પડેલાં જાતિ દુઃખોથી જે શીખ્યો છું તે તને શીખવું છું. ફરી ! સ્વર્ગનો વાસો ને જીવને શિક્ષાનો બોધ તને કવિ કહે છે, તે કાન દઈ સાંભળ.

" સહુ શોધો સુરપુર વાસો; નત્ર અંતકાળ પસ્તાશો રે.
આ જગ માયાની જાળી, જો જોશો ફુલી ફાલી,
પડી નર્કે સડી પછડાશો રે.

તું કહે છે મારૂં મારૂં, ઝટ જોઉં કહી દે વારૂં,
રે કોણુ અંતનું તારું ? છે પાપ પુણ્ય તુજ સારૂં;
જે કરશો તે લઈ જાશો રે.

નિશિ દિને રમીને થાકયા, વળી કેશ તમારા પાકયા,
પરધન, પરનારી તાકયા, હરિજશ તજી ગપ બહુ હાંકયાં;
નવ પ્રભુ પરમપદ પાશો રે.

આ ભવ સ્વપ્ના સમ જાણો; પ્રભુ પલ પલ ક્ષણ વખાણો,
પ્રાચીન કાળ પ્રમાણો; કરી દૂર દુઃખની ખાણો;
સુખી અંતે સ્વર્ગે થાશો રે.

મારો રંકો છળ તીરે; ખરડો હાથો રૂધિરે,
શીદને જાઓ મંદિરે ! વિભુ સર્વે જોય હસી રે;
પ્રભુ નહીં તમે જ ઠગાશો રે.

છે અવધિ તમારી થોડી; ફળ જેમ પવન લે તોડી,
તેમ જ તૂટશે જીવદોરી; ફીરોજ કહે સહુ છોડી;
હરિદ્વારે જઈ અફળાશો રે.

ઓ રૂશી ! તું બળિયલ ને કુંજરો થઈ ફર્યા કરે તેમાં શું વળ્યું ? જરા આનંદી રહે. જરા ખુશતબે રહે. જરા મીજાજ ખુશ રાખ. ભલભલી દુનિયા છે. મહાન નરોની જીંદગીનાં વૃત્તાન્ત તું વાંચીશ તો જાણીશ કે, તેઓ ઘણાં ઘણાં સંકટો ભોગવતાં છતાં મોટે ભાગે ખુશમીજાજ રાખી આનંદી સ્વભાવ માટે વખણાઈ ગયા છે. હોમર, હોરેસ, વરજીલ, મૉનટેન, શેકસપીયર, સરવેંટીસ, લ્યુથર, મોર, બેકન, લીઓનારડો–ડ–વીનસી, રેફીઅલ અને માયકલ એન્જેલો એ દુઃખ વગરના ન હોતા. આ સર્વે મહાન નરો પાછળથી સુખી હતા. સુખી એટલા માટે જ નહીં, કે પોતાનાં ફળદ્રુપ ભેજામાંથી દાનાઈના ઝરા વહેતા કર્યાથી જગમશહૂર થયા, પણ પોતાના ખુશમીજાજથી તેઓએ જાતિ જીગરનું સુખ અને શાંતિ ભોગવ્યાં હતાં. યથ જમ્યાત્ યથા આક્રિ નામિ ! હે રૂશી ! તેવું તને થાવ. એવા દાખલાઓ ઉપરથી તથા હિમ્મત અને ભરોંસા વિષે મનુષ્યો એકેક ઉપર અવલંબીને ઘણો દિલાસો લઈ શકે.

જનરલ જ્યૉજ વૉશીંગ્ટન પોતાને ગામથી અમેરીકનો તરફથી લડવાને નીકળી ચૂકયો, એટલી ખબર ઉપરથી જ અમેરીકન લશ્કરને હિમ્મત આવતી, ને લડાઈ જિતાતી હતી. કેમકે તેનામાં લોકોને યકીન ને હિમ્મત હતી. મનથી જે માની

લે, તે વાઘ કે સિંહથીએ ડરતો નથી. ઝીસ્કાની બહાદુરી અને હિમ્મતના ખ્યાનથી બોહીમીયનો એટલા શૂરમાં આવતા હતા કે, તેણે મુવા બાદ લડાઈનું પડઘમ બનાવવા સારૂ પોતાના શરીરનું ચામડું વાપરવાનું વસીયતનામું કર્યું હતું કે જેથી તેના નામની હિમ્મતથી સિપાઈઓ કદિ નાહિમ્મત નહીં થવા પામે. રૂશી ! એ તો સૌ માને તેનું છે. એપીરસનો શાહજાદો સેંદર બેગ મરી ગયો, ત્યારે તુર્કી લોકોએ તેનાં હાડકે હાડકાંના નાના નાના કટકા કરી પોતાના અંતઃકરણ ઉપર લટકાવીને એવો દૃઢ વિશ્વાસ રાખ્યો હતો, કે બેગના જેવી હિમ્મત પોતાનામાં પણ આવે. આ વિશ્વાસથી તુર્કો ઘણી લડાઈ જિત્યા હતા, કેમકે તેમના મનનો તેવો સંકલ્પ હતો. માટે હિમ્મત અને ખંત તારે માટે જરૂરનાં છે.

" Courage, conduct and perseverance conquer all before them. ધીરજ, વર્તન અને ખંતથી બધું જ જિતી શકાય છે." આ સુંદર શિખામણ મનમાં રાખી ઘુમ્યો જા, કાળજી રાખ, પણ ચિંતા ન કર. લૌકિક અને વ્યાવહારિક વાતોમાં હું તને એક કામ કરવા કહીશ, પરંતુ આત્મજ્ઞાનની વાતોમાં તારે ઉલટી જ વાતો સાંભળવી પડશે. માટે આશા રાખવા કહું તે લૌકિકને માટે, ને નિરાશા રાખવા કહું તે આત્મિક ઉન્નતિને માટે સમજજે. એક પાદશાહને પોતાના રાજપાટની, પોતાના દુશ્મનની, અથવા અથવા પોતાની રૈયતની ફીકર હોય. એક વેપારીને પોતાના માલ-મીલ્કતની અથવા દરિઓ ખેડનારાં મોટાં મોટાં વહાણોની ફીકર રહે. એક અમીર સોનારૂપાની અથવા સાટીન કે મખમલ સાથે જ કામ પાડવા છતાં દેહથી દુઃખી હોય. એક તવંગર આદમી પૈસે ટકે ભરપૂર હોવા છતાં કુટુંબકબીલા અથવા બચ્ચાં

છોકરાંથી બેનશીબ હોય, અથવા છૈયાં હોય તો તેથી હું સુખી છઉં ! ગરીબ માણસ સમજે છે, કે પૈસાવાળો સુખી છે; પૈસાવાળો સમજે છે, કે મારા કરતાં ગરીબ માણસ સુખી છે. આવાં આવાં નાટકી પાત્રો ખોટાં છતાં દુનિયામાં ખરાં તરીકે ચાલ્યાં જ જાય છે, અને કોઈ પાત્ર કાયમ રહેવા પામ્યું નથી. શાયર શેયરખાંની કહે છે તેમ—

ઇકબાલ મંદ બનકે સિકંદર કિધર ગયા ?
દારા વ્હો ગુરૂર ભરા સર કિધર ગયા ?
જમશેદકા ખજાના વ લશ્કર કિધર ગયા ?
કારૂન મરકે દૌલતો જર પર કિધર ગયા ?
શદ્દને બહીશ્ત બનાઈ તો કયા કિયા ?
ફિરઔનને ખુદાઈ ચલાઈ તો કયા કિયા ?

આખરે તો બધા મરી ગયા; છેવટે તો કબરની લહેરમાં ઉંઘી જ રહ્યા. જે મોતને પિછાણનારા હતા તે તો તેની પણ મજાહ લઈને મરી ગયા. જે મોતની મૂળ નેમ અગાઉથી સમજે છે, તે મોતથી કદિ ડરતા નથી; અને તેઓ એમ જ સમજે છે, કે માગવા પહેલાં મોત આવે તો તેના જેવો બીજો કોઈ નશીબદાર નથી. કારણ, મોત પાસે કોઈ પણ માણસનો અખત્યાર ચાલતો નથી. મરણ એ સર્વે માટે સ્વાભાવિક છે અને મરવામાં ડર જેવું કશું નથી, એવા ઘણા દાખલા મળી આવે છે. વીલીયમ હંટર મરતાં મરતાં બોલ્યો હતો કે “ જો મારામાં આ વખતે એક કલમ પકડવાની તાકાત હત તો મરવું એ કેટલું સહેલું છે, હું તે લખી જાત. ” સ્પેનનો રહેનાર સાઉરેઝ, જે કુદરતનો અભ્યાસી હતો, તે મરણની છેલ્લી ઘડીએ કહી ગયો હતો કે,

" હું એમ ધારતો હતો કે મરવામાં એટલી બધી મહુરતા સમાયેલી હતી!" લેડી ગ્લેનૉરચી મરતી વખતે બોલી ગઈ હતી કે, " લોકો જો એને મરવું કહેતાં હોય, તો એના જેવી દુનિયામાં આસાન ચીજી બીજી કોઈ નથી, અને એટલી સહેલી ચીજ કલ્પવી પણ મુશ્કેલ છે." રૂશી! સુખની શોધમાં ફરતો જ રહે, તો તને તે મળ્યા વગર રહેશે નહીં. તે ક્યાં છૂપાયેલું છે તે વિષે કવિ બર્ન્સ કહે છે કે;

" It's no in titles nor in rank;
It's no in wealth like Lon'on Bank,
To purchase peace and rest;
It's no in making muckle mair;
It's no in books; it's no in lear,
To make us truly blest:
If Happiness has not her seat
And centre in the breast,
We may be wise, or rich, or great,
But never can be blest."

" શાંતિ અને આરામ ખરીદ કરવાં, એ માનચાંદથી અગર તો હોદ્દાથી બનતું નથી; ન તો તે લંડન બૅંકના જેટલા પૈસાથી બનતું; આપણને ખરેખરા સુખી બનાવવા એ ન તો પૈસાથી બને છે, કે ન તો ચોપડીઓથી બને છે; જો સુખનું સ્થાન અને મધ્યબિંદુ અંતઃકરણમા ન હોય તો આપણે ડાહ્યા, મોટા અગર તો પૈસાદાર થઈ શકીએ, પણ સુખી તો કદાપિ ન જ થઈ શકીએ."

સુખ હૃદયમાં જ જોઈએ. મનથી જ સુખ છે. જેમ માણસની હાજત ઓછી, તેમ તેને સુખ, અને ખુદાની તે છેક નજીક જઈ પુગ્યો છે. ઓછી હાજતવાળા અરબીનો, જે જાણીતા શિલ્પી. માઈકલ ઍન્જેલોનો નોકર હતો. તે નોકરના જેવું બેહેસ્ત મેળવવાને શેઠને બહુ કાળજી હતી. મોતની ખરી ખુબી નોકરે જાણી હતી, ને શેઠ અજાણ હતો. માટે સુખની શોધમાં બહાર ભમવાનું છોડી દઈ તારા હૃદયમાં જ તે શોધ !

દિલાસા પત્ર ૨૫ મો.

" Dust to its narrow house beneath !
Soul to its place on high !
They that have seen thy look in death,
No more may fear to die. "

" મિટ્ટી નીચે પોતાના સાંકડા ઘરભેગી મળી જશે! આત્મા ઉંચે પોતાને ઠેકાણે જશે ! જેમણે મૃત્યુ વખતે તારો દેખાવ જોયો છે, તે વધારે વખત, મરણ પામવાથી બીશે નહી. "

હે પીલાંમાય! રૂદન ને દુઃખ કરવાથી મોતને અટકાવી કેમ શકાશે ? તેને રોકવાને તારા હાથ ઘણા પાતળા છે, તારૂં બદન ઘણું કુણું છે. એને રોકવાને તો એક જ સમર્થ છે; અને તે ખુદા મોતનો લેખ ખુદાએ પોતાને હાથે જ લખેલો છે; કેમકે દરેકે દરેક જીવવાળી વસ્તુનો આત્મા તેના જ હાથમાં રહેલો છે, તેમ જ દરેકે જીવાનો શ્વાસોશ્વાસ ખેંચવાની દોરી પણ તેણે પોતાના જ હાથમાં રાખલી છે. તેને ગમે ત્યારે તે સાહેબ દોરી ચલાવશે

અને ગમે ત્યારે ખેંચી લેશે. તેનો ઉપાય કરવાનું હે નાદાન ! શું તારા હાથમાં છે ? ઓ મૃત્યુરાજ ! જે મિટ્ટી ઉપર અમે ચાલીએ છીએ, તે જ મિટ્ટીના બનેલા માનવીને અમે ચાહીએ છીએ. તું એટલુ જ બતાવે છે, કે બન્ને મિટ્ટી એકસરખી જ તુચ્છ છે ! હે મૃત્યુરાજ ! મારી બધી દુઃખ પેદા કરનારી આશાઓ તેં કાપી નાંખી ! રોજનો ધુજારો કરાવનારી મારી ચિંતાઓનો તેં જ નાશ કર્યો ! ગમખ્વારીનો, અંતઃકરણનાં આલબેચેનીનો, નહીં તૃપ્ત થાય એવી પુષ્કળ તૃષ્ણાઓનો, કકળાટ કરાવનારાં દર્દોનો, અને થકવી નાંખનારી ધીરજનો છેડો લાવનાર તું જ છે ! નમસ્કાર તુંને ને તુંને જ !

પીલાઈ ! તને કે તારી તમામ સખીઓને મોતનું દુઃખ સ્વાર્થ અને માયાને લીધે જ લાગે છે. જો માત્ર દયાને ખાતર પણ તને એક મોતનું દુઃખ લાગતું હોય તો પૉર્ટ આર્થરનો કિલ્લો જિતતાં એક લાખ જાપાનીઓ મરી ગયા તેને માટે શું તેં એક પણ આંસું ટપકાવ્યું હતું ? જો લાગણીને ખાતર તને મોતનું દુઃખ લાગતું હોય, તો ક્રૂર જર્મનોએ બ્રસેલ્સમાં પેસીને હજારો બેલ્જીયન બાઈઓની ઉપર જાસ્તી ચલાવી કત્તલ કરી, તેનો હેવાલ વાંચી શું તું રડી હતી ? જો તારા નરમ હૈડાથી મોતનું રડવું તને આવ્યાં કરતું હોય, તો "જામે જમશેદ" માં દરરોજ મરણની ટીપ વાંચીને તું કેટલી વાર રડી છે ? જો સ્વાર્થી માયા વગર જ તને મરણ માટે લાગતું હોય, તો 'મુંબઈ સમાચાર'માં લાખો દુકાળિયાંનાં મરણો વાંચી તેં કેટલી વાર કળાપીટ કરી છે વારૂ ? આગથી કે ધરતીકંપથી માર્યા જતા દર સાલ હજારો જીવ માટે તેં કેટલી વાર માહેતમ કીધી છે ! એક વાર પણ નહીં.

બીલાં ગમે હે એટલી લાંબી જીંદગી તારા પિતા કાં ન ગુજારે, તોએ તે આખરે તો મરવાના જ. ખ્રિસ્તીઓના ધર્મ-પુસ્તક **જેનીસીસના** ૫મા પ્રકરણમાં કૅથોલીક પંથના એક ધર્મ-ચુસ્ત મહા પુરૂષે જ્યારે એમ વાંચ્યું કે, **એદમ** સઘળાં મળીને ૯૩૦ વરસ જીંવ્યો ને પછી તે મરણ પામ્યો. **સેથ** બધાં મળીને ૯૧૨ વરસ જીંવ્યો ને પછી તે મરણ પામ્યો અને **મેથ્યુસાલાહ** ૯૬૯ વરસ જીંવ્યો અને પછી તે મરણ પામ્યો. તેણે, આમ વાંચ્યું ત્યારે તમામ દુનિયાદારી તજીને એક પવિત્ર મઠના એકાંતવાસમાં જઈને પોતાના મોતની તૈયારી કરવા માંડી, કેમકે ઉપલી હકીકત વાંચતાં તેની ખાત્રી થઈ કે લાંબામાં લાંબી જીંદગી ગુજારવા છતાં મોત શિવાય કોઈનો છૂટકો નથી, અને પેલી જહાનમાં જે ચીજ કામ લાગી શકે નહીં તેવી ચીજો પાછળ આ દુનિયામાં ફાંફાં મારવાં ફોકટ છે. માટે મોતનુ રૂદન છોડી, ભગવાનનું ભજન કર, કે—

નંદકુંવરજી! નિજ જન જાણી રે, કૃપા કરો.
બિરદ પોતાનું ઉરમાં આણી રે, કૃપા કરો.
છો શ્રીજી શરણાંગતવત્સલ, પતિતપાવન સ્વામી;
દિનદયાળ, દયાનિધિ, અધમોદ્ધારણ, અંતરજામી;
અનાથબંધુ કરૂણાસિંધુ પૂરણ, કશી ન ખામી રે, કૃપા કરો.

હે બીલાં! **ઍન્ટીફ્રેનીસની** ઉત્તમ શિખામણ માની લે. તારી સખીઓના મોત માટે હદથી જાદે ગણગણ ના કર, કેમકે તેઓ કાંઈ ખરેખર મરણ પામી નથી, પણ જે મુસાફરી પૂરી કરવાની દરેક ઇનસાનની ફરજ છે તે મુસાફરી તેઓએ માત્ર વહેલી પૂરી કરી છે. આખી આદમ જાતને આવકાર દેવાની

જે બૂલંદ જગા ઉપર આપણે જનાર છીએ ત્યાં જ તેઓ આગમચથી જઈને ભેગાં મળ્યાં છે, અને માણસ જાતના એ સામાન્ય સ્થળ ઉપર હાલ તેઓ નવે અવતારે હસ્તી ભોગવે છે.

આપણે બધાં વિક્ટોરિયા થઈ શકતાં નથી; આપણે બધાં નેપોલીયનને મળતાં આવી શકતાં નથી; આપણે બધાં પીટ કે પીલની બરાબરી કરી શકતાં નથી; પરંતુ મોતની બાબતમાં તો તે સઘળાંની બરાબરી આપણે કરી શકીએ છીએ જ. માટે જીવતી જીંદગીમાં તે મહાન નરનારીઓની ઉંચી સ્થિતિ જોઈ આપણે મુંઝાવાનું જેમ કારણ નથી, તેમ મરણ પામેલી જીંદગીમાં દિલાસો ન લેવાનું પણ કંઈ કારણ નથી. એડીસને દિલાસો દીધો છે કે

"The general, the statesman, or the philosopher, are perhaps characters which we may never act in, but the dying man is one whom, sooner or later, we shall certainly resemble."

"એક સેનાપતિ, એક રાજકાર્યપટુ અથવા એક ફિલસુફ એ એવાં પાત્રો છે, કે જેમના જેવી કાર્કીર્દી આપણે પણ ભજવીએ નહિં, પણ મોડાં વહેલાં આપણે જરૂર તો એવા મૃત્યુ પામતા માણસના જેવા થઈશું જ."

ત્યારે આપણી ઉતરતી સ્થિતિ માટે ઈશ્વરે આપણને અપમાન આપ્યાનું દુઃખ નથી, તેમ જ આપણને દુઃખ આપવાની ઈશ્વરની કુદરત માટે તેને ઠપકો આપવાનું પણ કંઈ કારણ નથી. જ્યારે એમ જ છે, ત્યારે પછી મનુષ્ય તરફથી આપણને થયેલાં અપમાન અને ઈજાની જેટલી ઓછી પરવા રાખીશું, એટલા વધુ પ્રમાણમાં આપણા મનની સ્વસ્થ શાન્તિની જાળવણી થશે.

કેમકે, જે થવાનું નથી તે થતું નથી, અને થનારી બાબત પ્રયત્ન વિના પણ થાય છે. જે વસ્તુ રહેવાની ન હોય તે વસ્તુ હાથમાં રહેલી હોય તો પણ નાશ પામે છે.

આન મી શવદ આખેર કે મુકરર શુદેહ બાશદ,
હર ચીઝ કે બાશદ બ કઝાઓ કદર અંદર,

જે ચીજ કજા તથા કર્મના લેખની અંદર લખેલી છે તે જ અંતે નીપજે છે, અને હરેક ચીજ જે બનવાની હોય છે, તે કજા તથા તકદીરમાં લખેલી હોય છે. એટલે કે આપણને જે કાંઈ સુખદુઃખ મળે છે, તે આગળથી મુકરર થઈ ચૂકેલું જ હોય છે, તેથી કરીને જો કદાચ આપણને દુઃખ મળે તો કોઈની ઉપર બટ્ટા ન મૂકવો કે ફલાણાએ મને ઈજા કરી, અથવા ખુદાતાલાએ મને દુઃખ દીધું. મહાન ફિલસુફ ને ઈશ્વરશોધક એપીકટેટસનો એવો મત છે કે, જ્યારે એક માણસ સૂર્ય, ચન્દ્ર અને તારાઓ જોઈ શકે છે, ધરતી અને મહાસાગરની મોજ મેળવી શકે છે, અને એવી બુલંદ ચીજો ઉપર દરિયાફ્ત કરવાનું સુખ હાંસલ કરી શકે છે, ત્યારે તે કાંઈ તદ્દન તડકે પડેલો ને આશરા વગરનો ગણાવો ન જોઈએ.

ઠીંગણા માણસને ઠીંગણાપણાનું દુઃખ. લાંબાં માણસને લંબુસાઈનું દુઃખ. લાંબો હોય તે ટુંકો થવાની ઈચ્છા રાખી તેમાં સુખ માને. ટુંકો હોય તે લાંબો થવાની ઈચ્છા કરી તેમાં જ સુખ માને. દિલ્હીનો મોગલ બાદશાહ હુમાયુ મરણ-ખાટલે પડ્યો ત્યારે તેના પિતા બાબરે અલ્લાતાલાને એવી ઈચ્છા જણાવી કે "હે અલ્લા! હુમાયુની ખાટલી ઉપર મને સુવાડ, ને હુમાયુને જીવતો ઉઠાડ!" તેની આ ઈચ્છા સફળ

થઈ, ને બાબર મરવા પડયો, ત્યારે હુમાયુએ ચાહ્યું કે બાપ જીવે ને હું મરૂં તો સારૂં, કે દિલ્હીની પ્રજા પોતાના શિરતાજ વગર ઝુરવા ન પામે! આ બધી ઇચ્છાઓ સંજોગથી ફળીભૂત થયલી દેખાય છે. બાકી તો બાબરે મૂવા, ને હુમાયુએ મૂવા. રઘુવીર કવિએ પદમાં ગાયું છે,

ચલના જહાનસે નિદાન, છોડ કર મકાન;
શિર પે ખડા હંમેશ કાલ, તાન કે કમાન. ચલના.
રહે ન રાજગાન કહીં, નામ ઔર નિશાન;
વહ છોડતા નહીં કિસે, ના કીજિએ ગુમાન. ચલના.
સમાન ખાનપાનમેં, ઇન્સાન ઔર હયવાન;
ઇન્સાનમેં હૈ જ્યાદતી, જુ પ્રેમભક્તિ જ્ઞાન. ચલના.
વ્રત, યોગ, યજ્ઞ, નેમ આદિ, ઔર હેમદાન;
સબસે બડા પ્રધાન, એક રામપ્રેમ જાન. ચલના.
રઘુવીર દાસ સમર લે તું, શ્રી કૃપાનિધાન;
ઇક રોજ કુચ કરેંગે, ઇસ જીસ્મસે પરાન. ચલના.

દુનિયામાં આ તે કેવું અંધેર છે, કે જે માણસ પોતાના સાત રૂપરડીના શેઠિયાના હુકમોને તાબે થાય છે; જે માણસ લડાઈમાં એક સરદારના હુકમથી એક ખાઈમાં પડીને પોતાનાશરીરઉપરથી લશ્કરને પસાર થવાનો માર્ગ કરી આપે છે; જે માણસ વગર જીવજાનવાળી રેલ્વે ટ્રેન ફરમાવે તે ટાઈમે હાજર રહેવા સારૂ તેના હુકમને તાબે રહે છે; જે માણસ જીવજાન નહી ધરાવનારી એક સ્ટીમર પોતાનો ઉપડી જવાનો હુકમ જે વખતે ઠરાવે તે વખતે ત્યાં બરાબર હુકમસર હાજર રહે છે; અને જે માણસ એક ફોજદારે આપેલા શિક્ષાનો હુકમ મુગે મોઢે સાંભળે છે; તે જ માણસ અપરંપાર કિરતારના ચુકાદાની સામે તકરાર

ઉઠાવવાની કમ્મર બાંધે છે! અને મોતના હુકમની સામે થઈ પોકાર ને જારી ઉઠાવી હુકમની અમાન્યતા કરે છે! પછી તે માલેકે પાકને આજીજીથી પતાવે છે કે, "ફલાણું કામ પાર પાર પડયું, તો ફલાણું કામ કરવાને હું ચૂકીશ નહીં!" એવી કબુલાતથી તેને મનાવે છે, એટલું જ નહીં પણ જ્યારે તેની અરજ નાકબુલ થાય છે, ત્યારે તે સાહેબની સામે બડબડવા અને બખાળવાને પણ કાંઈ પાછું ફરીને જોતો નથી, એટલું જ નહીં પણ પરવરદેગારને ઘણા બેઅકલી ગાળો સુદ્ધાં દે છે, "હે નિર્દય! હે આવા તેવા ખુદા! મારા એક પૂરા ફરઝંદને મારી નાંખતાં તને દયા ન આવી!"

એક સખી ગૃહસ્થ દરરોજ એક ફકીરને ખેરાત કરતો હતો. કેટલાક સમય સુધી તે ખેરાત ચાલી, પણ પાછળથી ફકીરને મળતું હતું તે બંધ પડયું. ફકીરને ખાલી હાથે પાછું જવું પડતું, તેથી તેને ઘણી જ રીસ ચઢતી હતી, અને તે બડબડીને પાછો જતો હતો. એક દહાડે પેલા ગૃહસ્થનો એક ચાકર ફકીરને મળ્યો, તેવો જ ફકીર તેને તથા તેના શેઠને ગાળો દેવા ગયો, તથા તેને મારવા ધસારો કર્યો. ચાકરે કહ્યું કે, "પાધરો રહે છે કે નહીં. દહાડીનો બાલ એક પણ રહેવા દઈશ નહીં. મારા શેઠ ઉપર તારૂં કે તારા બાપદાદાનું કાંઈ લેણું હતું કે? તેની ખુશીથી તને તે આપતો હતો, અને હાલ તેની મરજી નથી કે વધારે તને આપે. તને રીસે ભરાવાનું કશું કારણ નથી." ઉપલા બોલવાથી કશી અસર ફકીર ઉપર થઈ નહીં. જાણે પોતાનું માગતું ડૂબ્યું હોય તેમ તે ખેદ પામવા લાગ્યો. તાત્પર્ય—માણસ ઉપર પરમેશ્વર ઘણી નવાજેશ કરે, પણ જ્યારે તેમાંની કાંઈ ઓછી થાય, કે પછી માણસ બડબડબડવા અને ફરિયાદ કરવા મંડી

જાય છે. પરમેશ્વર આમણા વગર માગ્યે આપણને આપે છે; વાસ્તે વગર પૂછ્યે આપણી પાસેથી તે લે તો તે મુખ્તીયાર છે. તે સાહેબે આપણને આપ્યું તેથી આપણો કશો દાવો નહીં રહ્યો કે હરરોજ તેમ આપતો જાય. તંદુરસ્તી ઘટી, ઘરમાં મોત થયું, તો બડબડ અને ફરિઆદનું કશું કારણ નથી.

પીલાંમાય! એક મહાન પુરૂષના આ શબ્દો યાદ કરઃ—

"મારી પ્યારી બહેન! જે માણસ કોઈ વેળા ઈશ્વરને યાદ કરતો નથી. પણ દુઃખની વેળાએ તેનો આશરો શોધવા જાય છે, તે કેટલો તુચ્છ અને નાલાયક હોવો જોઈએ? પોતાની આબાદીના વખતમાં જે સર્વશક્તિમાન પિતાની તે કદિ બંદગી કરતો નથી, તેની આગળ પોતાના પડી ભાગેલા વખતમાં તે કીયે મોંઢે મદદ મેળવવા જાય? ખરેખર જે ગેબી બક્ષીસોનો મેં આ જગતમાં ગેરઉપયોગ કર્યો છે, તે મહેરબાનીઓ પેલી દુનિયામાં પાછી મેળવવાને, તે સાહેબની રાજગાદી આગળ અરજ કરવાની મારી હિમ્મત ચાલતી નથી. મારા દરજ્જા ઉપરથી તો હું ધારતો હતો કે, લક્ષ્મી મારી જીંદગી આગળ ફરમાબરદાર થઈ રહેશે. મારી ઠાલી સમજશક્તિ ઉપરથી હું તો એમ મલકાતો હતો કે, મારા છેલ્લા દિવસો હું અનંત શાંતિમાં ગુજારીશ; તેને બદલે તો હું પૈસા ટકાની તંગાશમાં આવી પડયો છું; પસ્તાવાથી મારૂં મગજ ભમે છે; મારા દેશના લોકો મને ધિક્કારે છે, અને મને ફીકર લાગે છે કે, તે કીરતારે પણ મને તજી દીધો છે."

પીલાંમાય! આ એક મહા પુરૂષના શબ્દો છે. તારા ઉપર ભલી વિપત્તિઓ વીતશે, તારૂં બધુંએ લુંટાઈ જશે, પણ એક ઉમદા

ચીજ કોઈથી પણ લુંટાવાની નથી. દુશ્મનો તારી પાસેથી ઘરેણુાં-ગાંઠાં અને બહારનું માનઅકરામ કદાચ છીનવી લેવા પામશે, પણ ડહાપણ અને ખુદા તરફની ઈનાયત, તેઓ તારા કબજામાંથી ખુંચવી લેવા પામશે નહીં. તેઓ કદાચ તારો દેશ, તારાં દોસ્તો અને તારાં સગાંવાહાલાંઓથી તને છૂટી પાડશે, તારાં સઘળાં સુખોનો નાશ કરી તને કદાચ બંદીખાનામાં પૂરશે, પણ તે સાહેબની પવિત્ર હાજરી અને તેનું સ્મરણ કરવાની સર્વોત્તમ શક્તિને કાંઈ તેઓથી હરકત થઈ શકશે નહીં. તું વિશ્વાસ રાખવાની ટેવ પાડ. તું અમુક મવક્કલ ચીજ ઉપર ભરોંસો રાખવાની આદત રાખ. તેથી ખચિત જ તારા મનને, તારા જીવને કાંઈ અજબ જેવી હિમ્મત ને આધારનો સધીયારો મળશે. દુનિયા શ્રદ્ધા ઉપર રચાઈ છે. શ્રદ્ધા ને વિશ્વાસ ગુમ થાય, તો સુખ પણ ગુમ થાય. દુઃખનાં મૂળીયાંને બેવિશ્વાસના ઝરામાંથી જ પાણી મળે છે.

દગલાસ પોતાની છાતી ઉપર બ્રુસનું અંતઃકરણ લટકાવીને ફરતો હતો. જ્યારે હોલીલૅન્ડમાં તેણે પોતાના એક સરદારને ઘેરાયેલો દીઠો ત્યારે રૂપેરી દાબડી, જેમાં પેલું બ્રુસનું હૃદય ઘાલેલું હતું, તે દાબડી ટોળામાં ફેંકી બોલ્યો, “ મરવું કે મારવું ! બસ ધસો ! આ પવિત્ર અને હિમ્મત આપનારી ચીજ તમારૂં રક્ષણ કરશે ! ” અને ખચિત જ નિરાશ થયેલું લશ્કર દગલાસના જેવા જ યકીનથી ધસ્યું, ને વિજય કર્યો.

દૂરથી નાની આફત મોટી લાગે છે, પણ પાસે આવતાં જ્યારે આપણે બરાબર જોઇએ ત્યારે તે આફત તો આપણને લાભકર્તા જ જણાશે. માટે હે પીલાં ! આફતને શાંતિથી જોવાની ટેવ પાડજે. દલીલ કહું. વેલ્સ વાયજી કરનારે પોતાને દાખલો આપતાં કહ્યું હતું કે, “ એક વાર હું એક ટેકરી ઉપરથી

પસાર થતો હતો ત્યારે મને દૂરથી એક ભયાનક રાક્ષસ કે ભૂત આવતો જણાયો. જરા પાસે આવતો ગયો ત્યારે જણાયું કે તે તો કોઈ આદમી છે અને જ્યારે છેક નજીક આવ્યો ત્યારે તો મને જણાયું કે તે કોઈ જ નહીં, પણ મારો પોતાનો ભાઈ જ હતો !" તેમ જ દુઃખડાં દૂરથી ડરામણાં લાગે છે. પાસે આવી ઉ ૢ રહ્યું કે પછી તે જુદું જ, નજીવું, તે નાચીજ જણાય છે.

શું કહે છે ? પીલાં સાવકી માતાની બેહદ સતામણીથી તારો મીજાજ ગયો તે દહાડાથી જ તારા પપાની તારા ઉપર ઈતરાજી થઈ, ને આ તારો દુઃખનો દહાડો બેઠો ? હં. હં. ત્યારે તો યાદ જ રખાવજે તારાં સર્વ બચ્ચાંને કે પારકાં અથવા પોતીકાંનાં ટાંણાં ટપલા, સખ્ત શબ્દો, વાજબી અથવા ગેરવાજબી ઠપકા અને જૂઠી નિંદાઓથી આપણે ચીડાઈને ગુસ્સો કરીએ છીએ, પણ ઉપલી સઘળી ચાંજોથી આપણને જેટલી હાનિ પહોંચતી નથી, તે કરતાં વધુ ખરાબી અને વધુ સજા આપણા ગુસ્સાથી જ આપણે પોતાને કરીને આપણે પોતાને દુઃખી કરીએ છીએ, અને તેથી આપણા દુઃશ્મનોની ચઢતી કરી આપી આપણે સંતાપ કરીએ છીએ. દરેક સમજુ આદમીએ આવી વખતે ધ્યાનમાં રાખવું કે, આપણા શત્રુઓ તરફની દુઃખ ઉપજાવનારી ટીકાઓ અગર જો વાજબી હોય તો તે ઉપરથી ચેતવણી લેઈ આપણે આપણી ચાલ સુધારવી, અને જો તે હસદખોરી સદંતર જૂઠી અને વગર આધારની હોય તો પછી તે માટે દુઃખી થવાનું કશું કારણ જ રહેતું નથી. ત્યારે તો દુઃખની વાત યાદ જ નહીં કરવી. સુખની યાદદાસ્ત એ જ સુખ છે. એવી બીનકસુરની ટાંણાજણી તને કશું કરવાની નથી. તેથી તો તું ઉલટો પ્રભુનો પાડ માનજે, કે મેં જ્યારે ખરા ગુન્હા નથી કર્યા ત્યારે લોકોને બોલ ઉભા કરવા પડ્યા છે.

થોડી હૈ જગમેં જિંદગાની, સમરો જગ કરતાર તું;
મતલબ કા હૈ કુટુંબ કબીલા, છોડ ઈન્હા દે પ્યાર તું.
લગી ચલાચલી રાત્ર દિને, કયા થિર જાને સંસાર તું;
દક મન હો રઘુવીર દાસ ભજ, તજ દે વૈરવિકાર તું.

બસ એક ખુદા ઉપર યકીન રાખ, પછી તે સતાવે, ટાંણુઃ મારે, તે સખ્તી ગુજારે, તોપણ તેનો ને તેનો જ હુકમ ઉઠાવવાને તું તૈયાર રહે. બીજાના હુકમ કરતાં તેનો હુકમ સર્વથી શ્રેષ્ઠ હક્કદાર હુકમ કહેવાય છે. પરમેશ્વરે વારંવાર આપણાં સરસ સુખસાધનોમાં ખલલ નાંખી, જે કાંઈ આપણને અતિવાહાલું હોય છે તે, તથા જેનાથી આપણને જૂદું પડવા ગમતું નથી તેવી મનપસંદ વસ્તુઓ આપણી પાસેથી ખુંચવી લે છે. આપણને સદંતર પાયમાલ કરવાને બદલે ફકત દિલની દાનત તપાસવાને અને કોઈ પણ વિષયમાં હદ બહાર જતાં અટકાવવાને તે આ રસ્તો અખત્યાર કરે છે; કે જેથી જે ગેબી આશીર્વાદો આપણે મોટા પ્રમાણમાં ભોગવીએ છીએ તે વરસાવનાર બક્ષીસના ખાવિંદને આપણે હમેશાં યાદ કરતાં રહીએ; અને તે યાદ કરવાથી ઈશ્વરનાં સુખ કાંઈ વધતાં નથી, પણ આપણાં જ દુઃખ કપાય છે. આ ફાની જગત્‌ની જુઠી મોજમાયા છોડી, જ્યારે એક અંતઃકરણ તે જીન્નતનું સુખ મેળવવાની આશા ખુદાની પરસતેશમાં હમેશ મશગુલ રહે છે, ત્યારે તે ખરે જ એવી શાંત આસુદ્દગી ભોગવે છે, કે જેવો દિલખુશ કરાર આ દુનિયાની કોઈ પણ ચીજ આપી અથવા લઈ શકતી નથી. તે મીનોઈ સુખની શાન્તિ, મગજને તાજગી બક્ષવા ઉપરાંત હમેશગીની છેલ્લી આસાએશનો તથા ભવિષ્યના ગેબી સુખનો ઈસારો કરી તેનો આપણને કાંઈક ખ્યાલ આપે છે અને આવા ઉમદા ખ્યાલ એકવાર આપણા

જીગરમા જડ ઘાલી બેઠા, કે પછી તે ખ્યાલો આપણા ઉપર એકદમ ગલબો કરી તે ચઢી આવેલાં દુ:ખોને, બ્રિટિશ લશ્કરીઓની પોલાદી દિવાલની માફક ઝનુની જર્મનોના પોલાદી મુક્કાઓથી બચાવી લે છે. માટે હે પીલાંમાય ! જેજેવંતી રાગે તું ઇશ્વરનું સ્મરણુ કર:—

રામ સમર, રામ સમર, એહી તેરો કાજ હે—રામ સમર.
કાયપે કરત માન ગુમાન, સ્વપ્ન જ્યું ધન પીછાને રે,
એ બાફ્દકી ભીંત જૈસો, તેરો એ ભવરાજ હે—રામ સમર.
એ માયાકો સંગ ત્યાગ, પ્રભુજીકે ચરન લાગ,
જાુગતસુ માનો સબી મિથ્યા, જાુઠો સબ સાજ હે—રામ સમર.
કહેત કબીર એ સચી બાત, બુજનેરી તેરી હે ઘાત,
છન છન આવત તેરો કાલ, ઉઠાય લી જાય કલ આજ હે-રામ સમર.

Printed by C. S. Deole, at the Bombay Vaibhav Press, Servants of India Society's Building, Sandhurst Road, Girgaon, Bombay.
Published by N. M. Tripathi, Manager, N. M. Tripathi & Co. Book-Sellers and Publishers, Kalbadevi Road, Bombay.